ઉપાધ્યાય શ્રી પદ્મવિજયજીવિરચિત

સંવેગમાળા

અર્થ સહિત

જૈન બંધુઓને—શ્રાવક શ્રાવિકાઓને અત્યંત ઉપયોગી
તેમજ હિતકારી જાણીને શ્રી કળાપગનિવાસી
એક ગૃહસ્થની આર્થિક સહાયતાથી

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

વીર સંવત્ ૨૪૬૨] [વિક્રમ સંવત્ ૧૯૯૨

નકલ ૨૦૦૦

કિંમત માત્ર [illegible] આના

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ,
શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર

ખાસ સૂચના

卐

જૈનધર્મની તમામ પ્રકારની છપાયેલી બુકો ને પ્રતો અનેક સ્થળની એક સ્થળે મળવાનુ સાધન શ્રી જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર જ છે મગાવનારને વ્યાજબી કિંમતે તરતજ મોકલવામા આવે છે મગાવીને ખાત્રી કરો



પ્રસ્તાવના

આ લઘુ જણાતી બુક પણ આત્મસાધન કરવાના ખપી જીવોને કર્મ-બંધ થવાના કારણો (હેતુઓ) જાણીને તેના નિવારણ માટે અત્યંત ઉપયોગી છે એના મૂળનું પ્રમાણ ૨૪૫ હરિગીત છંદનું છે એની અંદર આઠે કર્મની મૂળોત્તર પ્રકૃતિને અંગે તે પ્રકૃતિ શા કારણે બંધાય છે તે બહુ સ્પષ્ટ રીતે બતાવેલ છે આ લઘુ કાવ્યકૃતિ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજીના શિષ્ય ઉપાધ્યાયશ્રી પદ્મવિજયજી(હાલ આચાર્ય વિજયપદ્મસૂરિ)એ સંવત્ ૧૯૯૦ ના કાર્તિક સુદિ ૧ મે રચી છે તે અમને બહુ સુંદર અને ઉપયોગી જણાવાથી તેના મૂળની બે ત્રણ આવૃત્તિઓ છપાવતાં જો તે અર્થ સાથે છપાય તો બહુ ઉપયોગી થાય એમ જણાવાથી તેના અર્થ યથામતિ લખ્યા છે અને તેની અંદરની કથાઓ પણ ટૂંકમાં લખી છે ને છપાવવા ધારણા કરી તેવામાં શ્રીકળાપગના ગૃહસ્થ શેઠ જેચંદ ધુલાજીએ તે છપાવવાની ઇચ્છા જણાવી પોતાની તરફના સાધારણખાતાના રૂ ૧૦૦) અને તેમના ધર્મપત્ની સ્વર્ગસ્થ બાઇ પ્રેમીના શ્રેયાર્થે રૂ ૫૦) કુલ રૂ ૧૫૦) ની સહાય આપવા જણાવ્યું એટલે અમે આ છપાવવાનો પ્રયાસ કર્યો છે આ લઘુ કાવ્યમાં કર્ત્તાએ શોકમોહની ને ભયમોહનીના પ્રસંગમાં રોગાદિ ન રવા નિમિત્તે, શ્રીનવના મહત્ત્વ સંબંધી પ્રસંગમાં

વસ્તુપાળાદિના દૃષ્ટાંતો આપીને આઠ મદ ન કરવાના પ્રસંગમાં દેક મદ કરનારના નામો આપીને મૈત્ર્યાદિ ચાર ભાવના પૈકી કરુણા ભાવનાના પ્રસંગમાં બહુ વિસ્તારથી સમજાવીને ઉત્તમ મનુષ્યોના વિચારોના પ્રસંગમાં ઉત્તમજનો કેવા વિચારો કરે તે સ્પષ્ટ બતાવીને આયુષ્યના સોપક્રમી નિરુપક્રમી વિગેરે ભેદોના પ્રસંગમાં તેને સારી રીતે સ્ફુટ કરીને તેમ જ છ લેશ્યાના સંબંધમાં બે દૃષ્ટાંતો આપીને પોતાની વિદ્વત્તાનું સારું દર્શન કરાવ્યું છે ભાષા રોચક તેમજ વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવી અને પદ્ય રચના સરલ હોવાથી તેમજ ભાવાર્થ પણ સાથે જ આપવાથી સમજવામાં મુશ્કેલી નડે તેવું નથી અમે આશા રાખીએ છીએ કે આ સંવેગમાળા અર્થ સાથે સાદ્યંત વાંચનારો જે ધર્મબંધુ પ્રયાસ કરશે તે જરૂર સંવેગરંગથી રંગાશે અને તેનો આત્મા સદ્વિચારશીલ બનશે

પ્રારંભમાં વધારે પ્રવચન ન કરતાં સાદ્યંત લક્ષપૂર્વક વાંચી જવાની જ ભલામણ કરીને વિરમવું યોગ્ય લાગે છે

દ્વિ ભાદ્રપદ શુદિ ૧૫	}	કુંવરજી આણંદજી
સં ૧ ૨		ભાવનગર

અનુક્રમણિકા

વિષય	કાવ્યસંખ્યા	પૃષ્ઠાંક
૧ મંગળાચરણ	૧	૧
૨ આ સંસારમાં દુર્લભ વસ્તુ શું છે ?	૬	૨
૩ આ જીવ અશુભ કર્મના ઉદયથી જ દુઃખ પામે છે	૩	૭
૪ મીષ્ટકનમાં ભાગ પડાવનાર કર્મમાં ભાગ પડાવતા નથી	૧	૯
૫ સમકિતદષ્ટિ જીવો કેવા હોય ?	૧	૧૦
૬ જીવ નરકગતિમાં કેમ જાય ? તેના બંધહેતુ	૧	૧૦
૭ તિર્યંચગતિના બંધહેતુ	૧	૧૧
૮ મનુષ્યગતિ ને દેવગતિના બંધહેતુ	૧	૧૨
૯ જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય કર્મના બંધહેતુ	૧	૧૨
૧૦ સાતાવેદનીય કર્મના બંધહેતુ	૧	૧૩
૧૧ અસાતાવેદનીય કર્મના બંધહેતુ	૧	૧૪
૧૨ દર્શનમોહનીય કર્મના બંધહેતુ	૨	૧૫
૧૩ ચારિત્રમોહનીય કર્મના બંધહેતુ	૧	૧૫
૧૪ ક્રોધાદિ ચાર કષાયના ફળ દષ્ટાંત સાથે	૧	૧૬
૧૫ લોભકષાય માટે સવિશેષ સ્વરૂપ	૧	૧૬
૧૬ હાસ્યાદિક ૭ નોકષાયના બંધહેતુ		
૧ (હાસ્ય મોહની)	૧	૧૭
૨ (રતિ મોહની)	૧	૧૭
૩ (અરતિ મોહની)	૩	૧૮
૪ (ભય મોહની)	૧	૧૯

(વીર પ્રભુની કરુણા)	૧	૨૦
૫ (શોક મોહની)	૮	૨૦
(જીવન વૃદ્ધિ ન થાય)	૧	૨૪
(પ્રાસંગિક સદુપદેશ)	૧૦	૨૫
૬ (જુગુપ્સા મોહની)	૧	૩૦
૧૭ શ્રી સંઘના મહત્ત્વ વિષે	૧૨	૩૦
૧૮ સ્ત્રીવેદ બાંધવાના હેતુ	૩	૩૬
૧૯ પુરુષવેદ બાંધવાના હેતુ	૧	૩૭
૨૦ નપુંસકવેદ બાંધવાના હેતુ	૧	૩૭
૨૧ ચારિત્રમોહની બાંધવાના સામાન્ય હેતુ	૨	૩૮
૨૨ નરકગતિનું આયુ બાંધવાના હેતુ	૭	૩૯
(મેઘકુમારની કથા સાથે)		
૨૩ તિર્યચગતિનુ આયુ બાંધવાના હેતુ	૪	૪૨
૨૪ મનુષ્યગતિનુ આયુ બાંધવાના હેતુ	૨	૪૪
૨૫ દેવગતિનુ આયુ બાંધવાના હેતુ	૪	૪૫
૨૬ અશુભ નામકર્મ બાંધવાના હેતુ	૭	૪૭
૨૭ શુભ નામકર્મ બાંધવાના હેતુ	૩	૫૦
૨૮ તીર્થંકરનામકર્મ બાંધવાના હેતુ	૫	૫૧
૨૯ નીચગોત્ર કર્મ બાંધવાના હેતુ	૩	૫૩
૩૦ આઠ મદ ન કરવા સબંધી ઉપદેશ	૧	૫૪
૩૧ કુળમદ ન કરવા વિષે (મરિચીના દૃષ્ટાંત સાથે)	૭	૫૫
૩૨ જાતિમદ ન કરવા વિષે	૧	૫૮
૩૩ બળમદ ને રૂપમદ ન કરવા વિષે	૧	૫૮
૩૪ તપમદ ને ઐશ્વર્યમદ ન કરવા વિષે	૧	૫૯

૩૫ જ્ઞાનમ૮ ન કરવા વિષે	૧	૫૯
૩૬ પાચ પ્રકારના ૩ પત્રક્ષો	૧	૬૦
૩૭ લાભમ૮ ન કરવા વિષે	૩	૬૧
૩૮ ઉચ્ચગોત્ર કર્મ બાધવાના હેતુ	૧	૬૨
૩૯ અતરાય કર્મ બાધવાના હેતુ	૪	૬૩
૪૦ પાચ પ્રકારના આશ્રવની ઓળખાણ	૩	૬૫
૪૧ ચાર ભાવનામા પ્રથમ મૈત્રી ભાવનાનુ સ્વરૂપ	૧	૬૬
૪૨ બીજી પ્રમોદ ભાવનાનુ સ્વરૂપ	૨	૬૬
૪૩ ત્રીજી કરૂણા ભાવનાનુ સ્વરૂપ	૧૦	૬૭
૪૪ ચોથી માધ્યસ્થ ભાવનાનુ સ્વરૂપ	૧	૭૧
૪૫ ઉત્તમ મનુષ્યોના વિચાર	૩૦	૭૨
(વિપુરીશુદ્ધ ધર્મ ધાતુવાદીનુ દૃષ્ટાત)		૭૪
(મહનીઆની માણનુ દૃષ્ટાત)		૭૬
(મુનિ દેહને ક્યાસુધી પાળે ?)		૮૧
(બ્રાહ્મણની ને વણિકની સ્ત્રીનુ દૃષ્ટાત)		૮૫
૪૬ આયુષ્યના ઉપક્રમ સબધી વિચાર	૨	૮૭
૪૭ સાત પ્રકારના ઉપક્રમો ને તેનુ વિશેષ સ્વરૂપ	૩૧	૮૮
(ત્રણ પ્રકારના અધ્યવસાયરૂપ પ્રથમ ઉપક્રમ)		૯૧
(અતિરાગથી આયુનો ક્ષય–કામની દશ દશાઓ)		૯૨
(અતિસ્નેહથી આયુનો ક્ષય)		૯૩
(અતિભયથી આયુનો ક્ષય)		૯૪
(ગજસુકુમાલ ને સોમિલનુ દૃષ્ટાત)		૯૪
(આયુ ઘટવાનુ બીજુ, ત્રીજુ, ચોથુ, પાચમુ કારણ)		૧૦૧

(આયુ ઘટવાનું છઠ્ઠું, સાતમું કારણ)		૧૦૨
૪૮ આગામી ભવનું આયુષ્ય ક્યારે ને કેમ બંધાય છે ?	૨	૧૦૩
૪૯ સોપક્રમી ને નિરુપક્રમી, અપવર્તનીય ને અન પવર્તનીય આયુષ્યની સમજણ	૮	૧૦૫
૫૦ આયુના અબાધા કાળની સમજણ	૪	૧૦૮
૫૧ શ્વાસોચ્છ્વાસ ને આયુસ્થિતિની વિચારણા	૩	૧૧૦
૫૨ અંતસમયે જેવી લેશ્યા (મતિ) તેવી ગતિ	૨	૧૧૨
૫૩ ૭ લેશ્યાઓના નામ ને દૃષ્ટાંત સાથે	૮	૧૧૩
(જંબુવૃક્ષના ફળ ખાવા ઇચ્છનાર છ જણનું દૃષ્ટાંત)		૧૧૩
(ગામ લૂંટવા જનાર ૭ જણનું દૃષ્ટાંત)		૧૧૫
૫૪ કૃષ્ણલેશ્યાવાળાનું સ્વરૂપ	૧	૧૧૬
૫૫ નીલલેશ્યાવાળાનું સ્વરૂપ	૧	૧૧૭
૫૬ કાપોતલેશ્યાવાળાનું સ્વરૂપ	૧	૧૧૭
૫૭ તેજોલેશ્યાવાળાનું સ્વરૂપ	૧	૧૧૮
૫૮ પદ્મલેશ્યાવાળાનું સ્વરૂપ	૧	૧૧૮
૫૯ શુક્લલેશ્યાવાળાનું સ્વરૂપ	૧	૧૧૯
૬૦ કઈ લેશ્યાવાળો જીવ કઈ ગતિને પામે ?	૨	૧૧૯
૬૧ કર્તાની પ્રશસ્તિ, સંવત્ વિગેરે	૧	૧૨૦
	૨૪૫	



ઉપાધ્યાયજી શ્રીપદ્મવિજયજી વિરચિત

સંવેગમાળા

(ગુજરાતી અનુવાદ સહિત)



મંગળાચરણ

(હરિગીત છંદ)

જગતીતળે ચિંતામણિ શંખેશ્વરધીશ પાસને,
પરમોપકારી પૂજ્ય ગુરુવર વિજયનેમિસૂરીશને,
પ્રણમી પ્રવર સંવેગમાળા હું રચું આગમબળે,
ભવિકા ! સુણતાં સંપજે આનંદમંગળ પળપળે ૧

અર્થ—આ પૃથ્વીતળ ઉપર ચિંતામણિ રત્ન સમાન વાંછિત પૂરનાર શ્રી શંખેશ્વરધીશ શંખેશ્વરા પાર્શ્વનાથને તેમ જ પરમ ઉપકારી અને પૂજ્ય ગુરુમહારાજશ્રી વિજયનેમિસૂરિવરને નમસ્કાર કરીને હું આગમાભ્યાસના બળથી આ શ્રેષ્ઠ સંવેગમાળા રચું છું હે ભવ્યજનો ! તે સાંભળતાં તમને પળે-પળે આનંદમંગળની પ્રાપ્તિ થશે ૧

આ પહેલા છંદમા કર્ત્તાએ મગળ, અભિધેય, પ્રયોજન, અધિકારી ને સબધ બનાવેલ છે દેવગુરુને નમસ્કાર કરવાવડે મગળ, સવેગમાળા નામનુ ગુર્જર કાવ્ય તે અભિધેય, ભવ્ય જનો પર ઉપકાર ત પ્રયોજન, ભ યજનો અધિકારી અને આગમાદિમાથી ઉદ્ધરીને બનાવવારૂપ સબધ જાણવો

હવે આ સસારમા દુર્લભ શુ છે તે બતાવે છે —

દુર્લભ મનુજ ભવ આ મળ્યો દષ્ટાત દશ સૂત્રે કહ્યા,
શુભ આર્યક્ષેત્રે જન્મ પામ્યો સિદ્ધિના સાધન મળ્યા,
ગુરુદેવ તારા નિર્મળા જિનધર્મ પામ્યો નિર્મળો,
શ્રી વીર અ તિમ દેશનાની વાનકી આ સાભળો ૨

અર્થ —સૂત્રમા કહેના દશ દષ્ટાતની જેવો દુર્લભ આ મનુષ્ય ભવ તને પ્રાપ્ત થયો છે, વળી આર્યક્ષેત્રમા જન્મ પામ્યો છુ અને મોક્ષના સાધનો મળ્યા છે ' શુ મળ્યા છે ?' તે કહે છે કે-નિર્મળ-નિર્દોષ એવા દેવ, ગુરુ અને ધર્મ તું પામ્યો છે તો હવે તેની સફળતા માટે શ્રી વીરપ્રભુએ અ તસમયે જે દેશના આપી છે તેની વાનકી હુ બતાવું છુ તે સાભળ ૨

શ્રી વીર પરમાત્માએ અ તસમયે પાવાપુરીમા પધારીને ૧૬ પહોર પર્ય ત અવિચ્છિન્ન દેશના આપી, તેમા પુન્યનુ ફળ બતાવનારા અને પાપનુ ફળ બતાવનારા ૫૫-૫૫ અધ્યયનો કહ્યા અને છેવટે ૩૬ અધ્યયનો વગરપૂછયે કહ્યા કે જે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમા ગુથેલા છે તેની વાનકી આ સવેગમાળામા બતાવુ છુ તે હે ભવ્યો ! તમે લક્ષ દઈને શ્રવણ કરો

ધર્મ કરવામા પ્રમાદ કરનાર માટે આયુષ્ય અચાનક પૂરુ

થઇ જશે માટે સાવધાન થવા સારૂ આયુષ્ય કોઈથી વધી શકતુ નથી તે બતાવે છે —

યત્નો કરતા મે કડો વધશે ન જીવિત તાહરુ,
તૂટતા ન સધાશે કદી આ જીવનદોરી કહુ ખરુ,
તીર્થ કરો સુરનાયકો પણ મરણ રોકી ના શક્યા,
ત્યા મત્ર ઔષધ યોગ વિદ્યા સર્વ અકળા સપજ્યા ૩

અર્થ —હે ભવ્ય ! સેકડો યત્ન કરતા પણ તારુ આયુષ્ય વધશે નહી, આ જીવનદોરી તૂટશે એટલે કદી પણ સધાશે નહી, જુઓ ! તીર્થકરો અને ઇંદ્રો પણ મરણને રોકી શકયા નથી ત્યા એટલે આયુના સબધમા મત્ર, ઔષધ અને યોગ તેમજ વિદ્યા બધા નિષ્ફળ જાય છે એમાનો કોઇપણ પ્રકાર આયુ વધારી શકતો જ નથી ૩

આ પ્રસગમા એક દૃષ્ટાત પ્રત્યક્ષ છે કે —શ્રી વીર પરમાત્માના અતસમયે સૌધર્મેન્દ્રે ભગવતને વિનતિ કરી કે—'હે ભગવત ! ભસ્મરાશિ નામનો ૩૦ મો પાપગ્રહ આપની જન્મરાશિ ઉપર સક્રમવાનો છે તેને આપ જરા આયુ વધારીને સક્રમતો જુઓ તો તે આપની સતતિને-મુનિગણને સતાપ ઉપજાવનાર થવાનો સભવ છે તે ઉપજાવી શકે નહી'

આવી ઇંદ્રની વિજ્ઞપ્તિના ઉત્તરમા પ્રભુએ કહ્યુ કે-'હે ઇંદ્ર ! ત્રણ કાળમા એવુ બન્યુ નથી, બનતું નથી અને બનવાનું નથી, એટલે કે તીર્થકરાદિ પણ પોતાનુ આયુષ્ય એક ક્ષણ પણ વધારી શકતા નથી એ શક્તિ કોઇનામા છે જ નહીં વળી ભાવીકાળે જે બનવાનું છે, ભસ્મરાશિ ગ્રહના નિમિત્તે-મુનિગ-

ણુને ઉપદ્રવ થવાનો છે તે મટાડી શકાય તેવુ નથી, માટે તારી વિજ્ઞપ્તિ સ્વીકારી શકાય તેમ નથી '

આવી આયુની અસ્થિરતા સમજીને ભવ્યજીવોએ આયુ પૂર્ણ ન થાય ત્યાસુધીમા ધર્મ કરવો જોઇએ

હવે ચાર વસ્તુ જે ખાસ દુર્લભ બતાવી છે તે કહે છે —

નરપણુ શ્રવણ જિનવચનનુ શ્રદ્ધાન વીર્ય સયમે,
તે જીવ ચઉરગી ફરી ન લહે પ્રમાદે જે રમે,
તુ એમ ધારીશ ના કદી હુ ધર્મ સાધીશ વડપણે,
જેવી જરા દૂરે કરાયે તે ન રક્ષણ તે સમે   ૪

અર્થ —મનુષ્યપણુ, જિનવચનનુ સાભળવુ, તેના પર શ્રદ્ધા બેસવી અને સયમમા વીર્ય ફેરવવુ આ ચાર વાના હે જીવ ! પરમ દુર્લભ છે એક એકથી વધારે દુર્લભ છે તે જો પ્રમાદવડે પામ્યા પછી ખોઇ નાખીશ તો ફરીને પામી શકીશ નહીં તુ એમ કદી પણ ન ધારીશ કે હું વૃદ્ધાવસ્થામા ધર્મ સાધીશ, કારણ કે વૃદ્ધાવસ્થામા ધર્મ સાધી શકાતો નથી અને જરાને દૂર રાખે એવુ કોઇપણ પ્રકારનુ રક્ષણ તે સમયે મળી શકે તેમ નથી, તેથી આ યૌવનાવસ્થામા જ ધર્મારાધન કરી લે, ધર્મ કરવાનુ વાયદા ઉપર રાખીશ તો પસ્તાઇશ

શાસ્ત્રમા કહ્યુ છે કે—' चत्तारि परमगाणि दुल्हाणि जतुणो । मानुसत्त सुइ सद्धा, सजम यम्मीम्मि ' ચાર ધર્મના અગ છે તે અત્યત દુર્લભ છે મનુષ્યત્વ, ધર્મનુ શ્રવણુ, શ્રદ્ધા અને સયમમા બળ વીર્યનુ ફેરવવુ ' આ પ્રમાણે

જાણ્યા છતા અનેક જીવો પ્રમાદને વશ થઇ મનુષ્યજન્માદિ સામગ્રી પામીને તેને ગુમાવી દે છે, તેનુ ફળ લઇ શકતા નથી તે પસ્તાય છે, કારણ કે એ ચાર વસ્તુ મોટી પુન્યરાશિ એકત્ર થાય ત્યારે પામી શકાય છે, તે જો હારી જવાય તો ફરીને શી રીતે પ્રાપ્ત કરી શકાય ? ન જ કરી શકાય ૪

વળી જરા (વૃદ્ધાવસ્થા) કોઇ પણ રીતે અટકાવી શકાતી નથી તેથી પ્રમાદ ન કરવા માટે કહે છે —

આહાર ઉત્તમ તિમ રસાયણ ખાય પણ ન જરા ટળે,
તુજ હાલ ધર્મારાધને જે શક્તિ તે ન પછી મળે,
માટે પ્રમાદ કરીશ ના રોગે જરાએ જ્યાસુધી,
ન હણાય ઇંદ્રિયબળ અમમ થઇ ધર્મ કર તુ ત્યાસુધી. ૫

અર્થ —ઉત્તમ આહાર કરે અથવા રસાયણ ખાય પણ તેથી જરા (વૃદ્ધાવસ્થા) નાશ પામતી નથી અને અત્યારે ધર્મારાધન કરવામા જે તારી શક્તિ છે તે ગયા પછી પાછી મળે તેમ નથી, તેથી જ્યાસુધીમા રોગવડે કે જરાવડે તારુ ઇદ્રિયબળ હણાય નહીં અને તુ સસારમા આસક્તિ રહિત થઇને ધર્મ કરી શકે ત્યાસુધી ધર્મ કરવામા પ્રમાદ કરીશ નહીં ૫

આ જીવના પરમ શત્રુ ઇદ્રિયોના વિષયો ને કષાયો જ છે તેને વશ થયેલ પ્રાણી છતી શક્તિએ ધર્મારાધન કરી શકતો નથી તેથી કર્તાએ પ્રમાદ તજીને ધર્મારાધન કરવાની સૂચના કરી છે

આ જીવને ધન ઉપાર્જન કરવાની તીવ્ર લાલસા હોય છે તે બતાવે છે —

ધન તે જ ઉત્તમ લોકમા ઉંચ નીચ પણ ધનથી બને,
ધનથી જ કષ્ટ હણાય તેથી ધન કમાવુ ઇમ મને;
એવુ વિચારી કુમતિ વશ થઇ કરી પ્રપચો આકરા,
દેખાવ ઋજુતાનો કરીને ધન ઉપાર્જે જે નરા ૬
બહુ જીવ સાથે વેર બાંધી ભોગમા પ્રીતિ ધરી,
તે દુર્ગતિમા સચરે જ્યા વેદનાઓ આકરી,
ધન હેતુ વધબ ધાદિનો ધન કુગતિદાયક ઇમ કળી,
ના માનજે પુરુષાર્થ ધનને ધર્મસાધક તુ જરી ૭

અર્થ —સસારસુખમા આસક્ત પ્રાણી વિચારે છે કે-'આ લોકમા ધન એ જ ઉત્તમ છે અને લોકોમા ઉંચ નીચ પણ ધનથી જ નાસ થાય' છે એટલે કે ધનવાન ઉત્તમ ગણાય છે અને નિર્ધન નીચ ગણાય છે વળી કષ્ટ માત્ર ધનવડે જ હણી શકાય છે માટે એક ચિત્તે ધન જ કમાવુ ' આ પ્રમાણે વિચારીને માઠી મતિને વશ થઇ, અનેક પ્રકારના આકરા પ્રપચો કરી, સરલતાનો દેખાવ રાખી જે મનુષ્યો ધન ઉપાર્જન કરે છે તે મનુષ્યો અનેક જીવો સાથે વર બાંધી, સાંસારિક સુખભોગમા પ્રીતિ ધરાવી, જ્યા આકરી વેદનાઓ સહન કરવી પડે છે એવી તિર્યંચની કે નરકની ગતિમા ઉત્પન્ન થાય છે શાસ્ત્રકાર તો કહે છે કે ધન વધ-બધનાદિનો હેતુ છે અને કુગતિને આપનાર છે એમ સમજીને ત ધનને પુરુષાર્થ તરીકે માનીશ જ નહીં અને તેને જરા પણ ધમના સાધનભૂત સમજીશ નહીં ૬-૭

જો કે ધનવડે કેટલાક ધર્મકાર્યો પણ થઇ શકે છે, પ તુ

તેમા ખરુ નિમિત્ત તે જીવની શુભ પરિણતિ છે, ધન નથી ધન તો ઇંદ્રિયસુખમા આસક્ત કરનાર છે અને લોભની વૃદ્ધિ કરનાર છે ધનના લાભથી સંતોષની પ્રાપ્તિ થતી જ નથી

આ જીવ અશુભ કર્મના ઉદયથી જ અનેક પ્રકારની પીડા સહન કરે છે તે સ્પષ્ટ કરે છે —

ખાતરતણા બાકા વિષે અંદર અને વળી બહારથી,
પકડાયલો જિમ ચોર દુઃખી હોય કૃત નિજકર્મથી,
તિમ જીવ પોતે આચરેલા કર્મના ઉદયે સહે,
પીડા ઘણી જે દેખતા ડાહ્યા જનો કરુણા લહે. ૮

અર્થ —એક ચોરે કોઇ ગૃહસ્થના ઘરમા પ્રવેશ કરવા ખાતર (બાકુ) પાડ્યુ તેના સ્વરથી ઘરધણી જાગી ગયો ચોર પગવડે તે બાકામા પેઠો એટલે ઘરધણીએ તેના પગ પકડ્યા એમ જાણતા ચોરે પોતાની સાથે આવેલા બીજા ચોરને પોતાનુ માથુ પકડી રાખવા કહ્યુ પછી અંદરથી ને બહારથી ખેંચાખેંચ થવા માડી અને ચોરનુ શરીર ખાતરના બાકા સાથે ઘસાવા માડ્યુ તેથી તેને પોતાના પાપકર્મથી ઘણુ દુઃખ થવા માડ્યુ, પીડા થવા માડી, તેમ આ જીવ પણ પોતાના કરેલા કર્મોના ઉદયથી ઘણી પીડા સહન કરે છે કે જે જોતા ડાહ્યા અને આર્દ્ર હૃદયના મનુષ્યોને અત્યંત કરુણા આવે છે તેનુ દુઃખ જોઇ શકતા નથી ૮

કરેલા કર્મો ભોગવવા જ પડે છે તે વિષે કહે છે —

અજ્ઞાનથી બાંધ્યા કુકર્મો ભોગવ્યા વિણ ના ખમે,
પ્રજ્ઞાપના સૂત્રે કહ્યુ અનુભવ કર્મદલિક મિષે,

ગખે અરે ! જેવુ ડહાપણુ કર્મતરુફળ ચાખતા,
તેવુ જરૂર તુ ગખજે ભાઈ ! કર્મતરુને વાવતા ૯

અર્થ —હે આત્મા ! અજ્ઞાનાદિવડે પૂર્વ ભવોમા બાધેલા કર્મો ભોગવ્યા વિના નાશ પામનાના નથી, એમ અનુભૂત કર્મ ફળ વિષે વાત કરતા શ્રી પન્નવણા સૂત્રમા કહ્યુ છે, માટે હે ભાઈ ! તુ કર્મરૂપ વૃક્ષના ફળ ચાખતી વખતે જેવુ ડહાપણુ વાપરે છે તેવુ ડહાપણુ કર્મવૃક્ષને વાવતા-કર્મ બાધતા જરૂર રાખજે ૯

આ જીવ કર્મ ભોગવતી વખત તેનાથી ત્રાસ પામીને વિચાર છે કે-અરે ! જો માઠા કર્મના ફળ આવા ભોગવવા પડે છે એમ જાણ્યુ હોત તો એવા કર્મ બાધત નહીં, તેથી કર્ત્તા કહે છે કે એવુ ડહાપણુ જો નવા કર્મ બાધતી વખત રાખીશ તો ફરીને આવા માઠા ફળ ભોગવવા પડશે નહીં

દ્રવ્યની હાનિ થાય કે શરીર વ્યાધિગ્રસ્ત થાય અથવા પોતાના પ્રિય સ્ત્રી-પુત્રાદિનુ અકાળે મરણુ થાય ત્યારે આ જીવ તેવા દુ ખોથી ત્રાસ પામી ફરીને આવા કડવા ફળ ભોગવવા પડે તેવા કર્મ ન બાધવાનો વિચાર કરે છે, પણુ તે ડહાપણુ પાછો જરા સાજો થાય, કાઈક પૈસા મળે કે સબધીના મરણુનુ દુ ખ ભૂલાઇ જાય એટલે ટકી શકતુ નથી, પાછો તેવા જ કર્મો બાધવા મ ડી પડે છે તેને માટે આ હિતશિક્ષા ખાસ ઉપકારક છે

પોતે બાધેલા કર્મો પોતાને જ ભોગવવા પડે છે, બીજા કોઇ તેમા ભાગ પડાવતા નથી તે સબધે કહે છે —

સસારી જીવો આપ કાજે અન્ય કાજે પણુ ઘણા,
કરતા સમજ દૂરે કરી વ્યાપાર મિન કૃષિ આદિના,

જે બાંધવોને કાજ કરતા પાપકર્મો આકરા,
દુઃખના સમે કર્મોતણા ના ભાગ લેશે તે જના ૧૦

અર્થ —આ સસારી જીવ પોતાને માટે તેમજ અન્ય સગાસબધીઓને માટે સમજણને દૂર મૂકીને અનેક પ્રકારના મિલના તેમજ ખેતી વિગેરના કર્માદાનને લગતા પાપવ્યાપારો કરે છે, પરતુ જે બાધવોને માટે અનેક પ્રકારના પાપકાર્યો કરીને આકરા કર્મો બાધે છે તે કર્મો જ્યારે ભોગવવા પડે છે ને દુખ આવી પડે છે ત્યારે તેમાના કોઇપણ સબધીઓ ભાગ પડાવતા નથી ૧૦

ઉપર જણાવેલી હકીકત તો સર્વના અનુભવની હોવાથી તેના વિવેચનની જરૂર નથી 'કરે તે ભોગવે' એવો ચોક્કસ સિદ્ધાત જ છે

મીલ્કતમા ભાગ પડાવનારા કર્મમા ભાગ પડાવતા નથી તે કહે છે —

કર્મો કરીને મેળવેલી માલમીલ્કત પામવા,
પુત્રો જઇ કોરટ વિષે ઝગડા જ કરશે નવનવા,
ધન ભાગ લેશે તે બધા ના ભાગ લેશે કર્મનો,
સૌ સ્વાર્થના ભેગા ભળ્યા મેળો સમજજે પખીનો. ૧૧

અર્થ —અનેક પ્રકારના પાપકર્મો કરીને મેળવેલી માલ મીલ્કતનો ભાગ મેળવવા પુત્રો પણ પિતા વિરુદ્ધ કોર્ટમા જઇને નવીનવી તકરારો ઊભી કરશે અને ધનનો ભાગ મેળવશે, પરતુ તે લક્ષ્મી મેળવતા બાધેલા કર્મોનો ભાગ પડાવશે નહીં હે

જીવ! તુ ચોક્કસ સમજજે કે આ બધો પખીના મેળા જેવો મેળો મળ્યો છે અને સૌ સ્વાર્થને માટે એકઠા મળ્યા છે એમા તારા લાભનો જરા પણ વિષય નથી તારા કરેલા કર્મ તો તારે એકલાને જ ભોગવવાના છે ११

આવા સસારમા વસતા છતા સમકિતદૃષ્ટિ જીવો કેવા હોય? તે કહે છે—

સમકિતવતા જીવડા આ કેદખાના જેહવા,
ભવજાળમા વસતા છતા તે ધાવમાતા જેહવા,
ન્યારા રહે અણછૂટકે આરભ કરતા પણ ડરે,
સ્થાનાગ સૂત્રતણા વચનની પળપળે યાદી કરે   १२

અર્થ—સમકિતવત જીવો આ કેદખાના જેવા ભવજાળમા-સસારમા વસતા છતા તેની સ્થિતિ ધાવમાતા જેવી હોય જેમ ધાવમાતા બાળકને ધવરાવે, રમાડે, જમાડે, ભમાડે, આનદ ઉપજાવે પણ તેના મનમા તેના પર ઉમળકો ન આવે, તેમ સમકિતી જીવ સસારના કાર્યો હૃદયના ઉમળકાથી ન કરે વેઠરૂપે કરે, બને તેટલા ન્યારા રહે અને અણછૂટકે આરભાદિ કરવા પડે તે કરતા પણ કર્મબધથી ડર્યા કરે વળી સ્થાનાગ સૂત્રમા આપેલી હિતશિક્ષાને નિરતર સભાર્યા કરે—ભૂલે નહીં १२

(તે હિતશિક્ષા સ્થાનાગસૂત્રથી જાણી લેવી)

હવે જીવ ચારે ગતિમા શા નિમિત્ત જાય... વે
તેમા પ્રથમ નરકગતિમા કેમ જાય? ત

પ્રભુ વીર ગોયમ આગિ
ચઉ કારણે જી

આરંભ બહુ[1] મમતા ઘણી[2] હિંસા કરે પંચેંદ્રિની,[3]
આહાર કરતા માંસનો[4] પામે કુપીડા નરકની. ૧૩

અર્થ —શ્રી વીરપરમાત્મા ગૌતમાદિ ચૌદ હજાર મુનિઓને કહે છે કે-ચાર કારણોવડે જીવો નરકગતિને પામે-નરકાવાસામાં ઉત્પન્ન થાય તે કારણો આ પ્રમાણે-૧ મહાઆરંભ કરવાથી-જે કરવાથી ઘણી જીવહિંસા થાય તેવા કાર્યો કરવાથી, ૨ અત્યંત પરિગ્રહ પર મમતા ધરાવવાથી-કાયમ અસંતોષ વૃત્તિ રાખવાથી અને ઘણો પરિગ્રહ મેળવવાથી, ૩ પંચેંદ્રિય જીવોનો વધ કરવાથી અને ૪ માંસનો આહાર કરવાથી જીવ નરકગતિમાં જઇ ત્યાંની મહાઆકરી-અસહ્ય પીડાને સહન કરે છે ૧૩

હવે તિર્યંચગતિના બંધહેતુ કહે છે—

માયા કરંતા જૂઠ વદતા તેમ ઉત્કંચન કરે,
વિવિધ ઠગબાજી કરંતા તિરિગઇમાં સંચરે,
ઠગતા જ ભોળા જીવને પરપાસ વાત છુપાવતા,
થિર મૌન સેવન તેહ ઉત્કંચન પ્રભુ ઇમ ભાખતા. ૧૪

અર્થ —૧ માયા-કપટ કરવાથી, ૨ જૂઠું બોલવાથી, ૩ ઉત્કંચન કરવાથી અને ૪ વિવિધ પ્રકારની ઠગબાજી કરવાથી -આ ચાર કારણે જીવ તિર્યંચગતિમાં જાય છે-ઉપજે છે તેઓ ભોળાજનોને ઠગતા અને અન્યની પાસે પોતાની વાત છુપાવતા તિર્યંચપણું પામે છે ઉત્કંચન એટલે ગઢ હૃદયથી સ્થિરપણાનો દેખાવ કરીને મૌન સેવવું તે, એમ પ્રભુએ કહ્યું છે ૧૪

હવે મનુષ્યગતિ ને દેવગતિમાં કેમ ઉપજે ? તેના કારણો કહે છે—

કરુણા[1] વિનય[2] સરળ ભાવે[3] નિરભિમાન દશા[4] ધરે,
ચઉકારણે મનુજાયુ બાંધી મનુજ ગતિમા સચરે,
સયમ સરાગ[1] અણુવ્રતો[2] નિષ્કામ નિર્જરણા બળે,[3]
વળી બાળતપ[4] ચઉકારણે ગતિ દેવની જીવને મળે ૧૫

અર્થ —કરુણાવડે આર્દ્રહૃદય, વિનયીપણુ, સરલ સ્વભાવ અને નિરભિમાન દશા–એ ચાર કારણે જીવ મનુષ્યગતિનુ આયુ બાંધીને મનુષ્યગતિમા સચરે છે–જાય છે

સરાગસયમ, અણુવ્રત, અકામ નિર્જરા અને બાળ-તપ–આ ચા કારણે જીવ દેવગતિનુ આયુષ્ય બાંધે છે અહીં સરાગસયમ તે મુનિનુ પ્રમત્તાપ્રમત્તપણુ સમજવુ, અણુવ્રત તે દેશવિ તિપણુ સમજવુ, અકામનિર્જરા મિથ્યાત્વી અનેક પ્રકાર તપજપાદિ કરવાથી કરે છે તે અને બાળતપ–અજ્ઞાન તપ તાપસાદિ પચાગ્નિ સાધન વિગેરેથી કરે છે તે આ દેવ ગતિના ચાર કારણ સમજવા ૧૫

હવે આઠ કર્મની મૂળપ્રકૃતિના બધના કારણો બતાવે છે –

પ્રથમ જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીયના બધહેતુ કહે છે –

સુજ્ઞાન દર્શનવતની તિમ જ્ઞાનને દર્શનતણી,
આશાતના કરવાથકી તે બેઉના સાધનતણી,
મત્સર ધરે પૈશૂન્ય નિહ્નવ વિઘ્ન ઘાત ક્રિયા બળે,
જ્ઞાન દર્શન ઢાંકનારા કર્મ બાંધી ભવ ફરે ૧૬

અર્થ —સમ્યગ્ જ્ઞાનદર્શનવાળાની તેમ જ જ્ઞાન અને

દર્શનની આશાતના કરવાથી, તે બંનેના સાધનની આશાતના કરવાથી, તેના પ્રત્યે મત્સર ધારણ કરવાથી, તેમની ચાડી-પિશુનતા કરવાથી, નિહ્નવ કરવાથી એટલે ગુરુને ઓળવવાથી, વિઘ્ન-અંતરાય કરવાથી, ઘાત કરવાથી તેમ જ એવા પ્રકારની અન્ય પાપક્રિયાના બળથી જીવ જ્ઞાનદર્શનને ઢાંકનારા-આવરનારા કર્મો બાંધી સંસારમાં પરિભ્રમણ કરે છે. જ્ઞાનના અભ્યાસ કરનારને-ભણનારને અંતરાય કરવાથી તેમ જ બીજા ઉપદ્રવો કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે તેમ જ કોઈની ચક્ષુ વિગેરે ઇંદ્રિયોને ઉપઘાત કરવાથી કે નાશ કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે એમ સમજવું. ૧૬

હવે સાતાવેદનીય કર્મ બાંધવાના હેતુઓ કહે છે—

પ્રભુપૂજના[1] ગુરુસેવના[2] કરૂણા[3] દુવિહ સંયમબળે,[4]
દેતા સુપાત્રે દાન[6] ખંતિ[7] શૌચ[8] બાળતપોબળે;[9]
હોતા અકામે નિર્જરા[10] દશ કારણો ઇમ સાધતા,
આસન્નસિદ્ધિક જીવ શાતાવેદનીને બાંધતા. ૧૭

અર્થ —૧ જિનપૂજા, ૨ ગુરુસેવા, ૩ કરુણા, ૪ દેશવિરતિ અને ૫ સર્વવિરતિ સંયમનું બળ, ૬ સુપાત્રદાન, ૭ ક્ષમા, ૮ પવિત્રતા-અદત્તત્યાગ, ૯ બાળતપ-અજ્ઞાનતપ અને ૧૦ અકામ-નિર્જરા-આ દશ કારણો સાધવાથી આસન્નસિદ્ધિ જીવ શાતા-વેદની કર્મ બાંધે છે. સાતા-સુખના ઇચ્છકે આ નિમિત્તો સેવવા યોગ્ય છે. ૧૭

હવે અસાતાવેદની કર્મના બંધહેતુ કહે છે—

દુઃખ[1] શોક[2] વધ[3] પરિદેવના[4] સંતાપ[5] ને આક્રંદનાં[6]
નિજમાં અને પરમાં રહેલા તે અશાતા કર્મના,
ગુરુહેતુ ષટ્ પ્રભુએ કહ્યા દુઃખ આપનારા જાણજે,
તેથી રહીને દૂર ચેતન શર્મ સાધન સેવજે. ૧૮

અર્થ—પોતાને અને પરને દુઃખ, શોક, વધ, પશ્ચાત્તાપ, સંતાપ અને આક્રંદ કરવો ને કરાવવો—ઉત્પન્ન કરવો, વધારવો, એ છ મોટા બંધહેતુ પ્રભુએ અશાતા વેદનીકર્મ માટે કહેલા છે તેને તું પણ દુઃખને આપનારા જાણી તજવાનો ઉદ્યમ કરજે અને હે ચેતન! શર્મના એટલે સુખના સાધન જે ઉપર કહ્યા છે તેને સેવજે ૧૮

હવે દર્શનમોહનીય કર્મ બાંધવાના ૧૫ કારણો કહે છે —

તજજે જ પંદર કારણો તેવા જ દર્શન મોહના,
પ્રભુ શાસ્ત્ર સંઘ સુધર્મના ને સુર અધિષ્ઠાયકતણા,
નિંદા વચન મિથ્યાત્વ ને અપલાપ કેવળી સિદ્ધનો,
વળી દેવનો અપલાપ ધાર્મિકના વદે નિત દૂષણો ૧૯
ઉન્માર્ગની વળી દેશના દે તિમ કદાગ્રહ રાખતા,
ગુરુ આદિનું અપમાન કરતા ને અસંયત પૂજતા,
સહસા કરતા કામ દર્શનમોહનીને બાંધતા,
હે જીવ! પંદર આશ્રવોને છોડજે સુખ ચાહતા ૨૦

અર્થ—કર્ત્તા કહે છે કે—હે ભવ્ય! તું દર્શનમોહના પંદર કારણ આ પ્રમાણેના તજજે ૧-૫ તીર્થંકર, જૈન શાસ્ત્રો, શ્રીસંઘ,

સુધર્મ અને અધિષ્ઠાયક દેવ-એ પાંચની નિંદા કરવાથી, ૬ મિથ્યાત્વથી, ૭-૮-૯ કેવળી, સિદ્ધ ને દેવનો અપલાપ કરવાથી, ૧૦ ધર્મી જીવોના દૂષણો નિરંતર બોલવાથી, ૧૧ ઉન્માર્ગની દેશના દેવાથી, ૧૨ કદાગ્રહ રાખવાથી, ૧૩ ગુરુ આદિનું અપમાન કરવાથી, ૧૪ અસંયતિની પૂજા કરવાથી અને ૧૫ કોઈપણ કામ મહુમા કરવાથી જીવ દર્શનમોહનીયકર્મ બાંધે છે, માટે સુખને ચાહનાર હે જીવ! તું એ પંદર આશ્રવોને છોડી દેજે-તજજે ૧૯-૨૦

હવે ચારિત્રમોહનીયકર્મના બંધને અંગે કહે છે —

ક્રોધાદિના વ્યાપારથી બંધાય સંયમમોહની,
ભવને પમાડે જેહ એ વ્યુત્પત્તિ જાણ કપાયની,
ચઉ સોળ ચઉસઠ ભેદ તેના સૂત્ર પન્નવણા કહે,
તેથી જ નિત અળગા રહે તે નાણ કેવળને લહે ૨૧

અર્થ —ક્રોધાદિ કષાયોના વ્યાપારથી ચારિત્રમોહનીય કર્મ બંધાય છે કષ કહેતા ભવનો-સંસારનો આય કહેતા લાભ જે પમાડે અર્થાત્ સંસારની વૃદ્ધિ કરે તેને કષાય કહીએ આ કષાય શબ્દની વ્યુત્પત્તિ સમજવી એ કષાયના ચાર, સોળ ને ચોસઠ ભેદો શ્રી પન્નવણા સૂત્રમાં કહ્યા છે તે કષાયોથી જે નિરંતર અળગા રહે-તેને તજી દેય તે કેવળજ્ઞાનને મેળવે છે ૨૧

કષાયના ચાર ભેદ—૧ ક્રોધ, ૨ માન, ૩ માયા ને ૪ લોભ એ ચારના ૧ અનંતાનુબંધી, ૨ અપ્રત્યાખ્યાની, ૩ પ્રત્યાખ્યાની ને ૪ સંજ્વલન એવા ચાર ચાર ભેદ હોવાથી ૧૬ ભેદો થાય છે એ સોળ પણ ચાર ચાર ભેદવાળા હોવાથી એકંદર ૬૪

ભેદ થાય છે અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ અનંતાનુબંધી જેવો, અપ્રત્યાખ્યાની જેવો, પ્રત્યાખ્યાની જેવો અને સંજ્વલન જેવો હોય છે આવા ભેદ તેની સ્થિતિ વિગેરેને લઈને પડેલા છે જેમકે બાહુબલિનુ માન એક વર્ષ રહ્યુ છતા સંજ્વલન કહ્યુ

ક્રોધાદિ ચાર કષાયના ફળ દૃષ્ટાંત સાથે બતાવે છે —

ક્રોધે ગતિ તિર્યંચની જિમ સાધુ સર્પપણુ લહે,
માને નૃપતિ રાવણ ઘણી આપત્તિ અહિંયા પણ લહે
માયાબળે સ્ત્રીવેદ પામે તીર્થપતિ ઓગણીશમા,
લોભે જ મમ્મણ આદિ જીવો સંચરે સંસારમા ૨૨

અર્થ —અતિ તીવ્ર ક્રોધ કરવાથી જીવ ચંડકૌશિક તાપસની જેમ તિર્યંચની ગતિ બાંધે છે અને મરણ પામીને સર્પ થાય છે, માનવડે રાવણ પ્રતિવાસુદેવ આ ભવમા જ અનેક પ્રકારની આપત્તિ પામ્યો છે, માયાના બળથી ઓગણીશમા તીર્થંકર શ્રી મલ્લિનાથજી સ્ત્રીવેદ પામ્યા છે અને અતિ લોભથી મમ્મણ શેઠ વિગેરે જીવો દુર્ગતિગામી થઈને આ સંસારમા પરિભ્રમણ કરે છે ૨૨

હવે લોભ કષાયને માટે સવિશેષ કહે છે —

રોલડીને ચાવતા સંતોષ ના જે રાખતા,
ચૂ થૂ કરે તે લોભથી કેવટ છુ છાણુ આવતા,
સંતોષવંતા તે જ સુખિયા ધર્મ મોજે સાધતા,
ન ચીકણા કર્મને ભવ બેઉના ફળ પામતા ૨૩

અર્થ —જુઓ! શેલડી ચાવવામા-ચૂસવામા જે સતોષ રાખતા નથી-ચુસ્યા જ કરે છે તે અતે મોઢામા છુછાળો ભાગ આવતા થૂંક કરે છે અતિલોભીની અતે તેજ દશા થાય છે આ જગતમા સતોષી જીવો જે છે તજ સુખીયા છે અને તે આનદવડે ધર્મને સાધે છે, ચીકણા કર્મ બાધતા નથી અને આ ભવમા ને પરભવમા-બને ભવમા ધર્મના ફળને ભોગવે છે-પામે છે ૨૩

હવે હાસ્યાદિક ૭ નોકષાયના બધહેતુ કહેતા પ્રથમ હાસ્યના કહે છે —

હાસી કરે[1] સ્રીઆદિની જેથી વિકાર વધે ઘણા,
કરતા જ ઠઠ્ઠા મશ્કરી[2] નિષ્ફળ વચણ વદતા[3] ઘણા,
દીનતા જણાયે[4] જેહથી તેવા વચણ ઉચ્ચારતા,
હસતા[5] ઘણુ ઇમ હાસ્ય કારણ પ ચ પ્રભુજી ભાખતા ૨૪

અર્થ —હાસ્યમોહની બાધવાના પાચ કારણ પ્રભુએ કહ્યા છે તે આ પ્રમાણે-૧ સ્રી વિગેરેની અત્યત હાસી એવા પ્રકારની કરે કે જેથી વિકારની વૃદ્ધિ થાય-વિકાર જાગે, ૨ જેની તેની ઠઠ્ઠા-મશ્કરી કરે, ૩ નકામા વચનો બોલે, ૪ જેથી દીનતા જણાય એવા વચનો ઉચ્ચારે અને ૫ ઘણુ હસે-આ પાચ કારણોથી હાસ્યમોહનો બધ થાય છે ૨૪

હવે રતિમોહનીના બધહેતુ બતાવે છે —

બહુ જાત ક્રીડા ખેલ કરતા[1] નાટકાદિક પેખતા,[2]
પરચિત્ત વશ કરતા[3] અને બહુ દેશ જોવા ચાહતા,[4]

અર્થ—૧ નિરંતર બીકણપણું રાખવાથી, ૨ અન્યને
ીવરાવવાથી, ૩ અન્યને ત્રાસ ઉપજાવવાથી અને ૪ કોઈને
ારવાની ભાવના મનમાં રાખવાથી–આ ચાર કારણે ભય
ાહની બંધાય છે તેથી તેનાથી બચીને હે જીવ ! તું નીડર
નજે અને અન્ય જીવને ભય-ત્રાસ ઉપજાવીશ નહીં, તેમ
ર્વ જીવને બચાવવાનો પ્રયત્ન કરજે–બચાવજે ૨૯

આ પ્રસંગે વીર પ્રભુના સંગંધની શ્રેષ્ઠ કરુણા બતાવે છે—

દ્વેષી હતો તોયે બચાવે વીર મંખલિપુત્રને,
અપરાધીની પણ ઉપર કરુણા રાખ જાણ રહસ્યને,
તે જ સાચો ધર્મરાગી જેહ જન અપરાધીને,
પ્રેમે બચાવે ભેદભાવે ના જુએ નિજ અન્યને ૩૦

અર્થ—જુઓ ! મંખલિપુત્ર–ગોશાળો વીર પરમાત્માનો
દ્વેષી હતો, પ્રભુ ઉપર તેજોલેશ્યાનો મૂકનારો મહાપાપી હતો
છતાં અચિંત્ય શક્તિવાળા વીર પરમાત્મા તેને બચાવે છે–જતો
કરે છે, માટે આ હકીકતના રહસ્યને સમજીને તું અપરાધીની
ઉપર પણ કરુણા રાખતા શીખ શાસ્ત્રકાર તેને જ સાચો ધર્મ
રાગી કહે છે કે જે સર્વ જીવને પ્રેમપૂર્વક બચાવે છે, સ્વપરનો
ભેદભાવ રાખતા નથી–ભેદભાવે કોઈ પ્રત્યે જોતા નથી ૩૦

હવે શોકમોહનીના બંધહેતુ બતાવે છે—

મન શોક રાખે વેણ તેવા ઉચ્ચરે [1]અજ્ઞાનથી,
પરચિત્તમાંહે શોકને પ્રકટાવતો [2]અજ્ઞાનથી,
રુદન વિષે આસક્તિ [3]ધરતા એમ એ ત્રણ હેતુથી,
શોકમોહની કર્મ બાંધે હેતુ છોડ વિવેકથી ૩૧

અર્થ —૧ મનમા શોક ધરાવે અને અજ્ઞાનવડે એવા વચનો બોલે, ૨ વળી અજ્ઞાનવડે પારકા ચિત્તમા શોક પ્રગટાવે-ઉત્પન્ન કરે અને ૩ રુદનાદિ કરવામા આસક્તિ ધરાવે-આ ત્રણ હેતુવડે જીવ શોકમોહની કર્મ બાધે છે માટે તુ વિવેક ધારણ કરીને તેના હેતુને તજી દેજે ૩૧

શોક ન કરવા નિમિત્તે ઉપદેશ આપે છે —

પ્રિય પદાર્થતણા વિયોગે તેમ રોગાદિક થતા,
હોવે જ પ્રાયે શોક તેને દૂર કરવા ચાહતા,
વસ્તુસ્વરૂપ વિચારવુ બાધી અશાતા વેદની,
તેથી ખરેખર ભોગવુ હુ વેદનાને રોગની ૩૨

અર્થ —પ્રિય પદાર્થનો વિયોગ થાય કે રોગાદિ આવી પડે તેવે પ્રસગે તેને દૂર કરવા માટે પ્રાય આ જીવને શોક થાય છે, પરતુ તે વખતે વસ્તુસ્વરૂપની વિચારણા કરવી કે-મે પૂર્વભવે અશાતાવેદની બાધી છે, તેથી ખરેખર હુ રોગની-વિયોગની વેદનાને ભોગવુ છુ આ તારા પૂર્વે કરેલા અશુભ કર્મના જ પરિણામ છે ૩૨

વળી કહે છે કે તુ આવો વિચાર કર —

બાધ્યા કરમ વિણુ ભોગવ્યે ક્યારે ય છૂટવાના નથી,
ત્યા શોક કરતા નવીન બાધે એમ જાણવુ શાસ્ત્રથી,
એવા ક્ષણે સમતા ધરી રોગાદિની પીડા સહે,
તે અલ્પ સમયે હોય સુખિયો એમ વીર જિનવર કહે.૩૩

ક્યારે દુઃખ થાય છે-રડે છે તો તું હર્ષ કેમ પામતો નથી? માટે તું નિરંતર આવી ભાવના ભાવીશ તો તારા પાપ કે દુઃખ સ્થિર નહીં રહે-ફળ આપીને જતા જ રહેશે ૩૭

ભય ત્રાસ ને દીધા હશે પરજીવને પૂરવભવે,
તેનો જ બદલો આ ભવે એવું જ આવે અનુભવે,
તેવો જ બદલો દાન જેવું જિમ તમાચો ગાળનો,
એવું વિચારી ધૈર્ય રાખી માર્ગ લેજે ધર્મનો ૩૮

અર્થ—તે પૂર્વભવે અન્ય જીવોને ભય ને ત્રાસ આપ્યા હશે તેનો જ બદલો આ ભવે તેને મળ્યો છે, એવું અનુભવથી સમજી શકાય છે જુઓ! આ જગતમાં જેવું દાન તેવો બદલો મળે છે કોઈને ગાળ દે તેને તેના બદલામાં તમાચો મળે છે-તમાચો ખાવો પડે છે આ પ્રમાણે વિચારીને તું ધૈર્ય રાખીને ધર્મનો માર્ગ લેજે-અધર્મ કે અન્યાયને તજી દેજે ૩૮

ચેતતા પરજીવને સુખિયો થવા સુખ આપજે,
દિલમાં દિલાસો પામવા શિક્ષા હૃદયમાં રાખજે,
અલ્પ જીવનને વધારો એમ સુરપતિ વિનવે,
શ્રીવીરજિન ઉત્તર દિએ ત્રણ કાળ એમ ના સંભવે ૩૯

અર્થ—હે જીવ! તું ઉપર જણાવેલી શિક્ષાથી ચેતી જઈને સુખીઓ થવાની ઈચ્છા હોય તો અન્ય જીવોને સુખ આપજે અને દુઃખમાં દિલાસો મેળવવા માટે આ શિક્ષા તારા હૃદયમાં ... કરજે, વિચાર કર કે-શ્રી વીર પ્રભુને ઇંદ્રે કહ્યું કે-હે ! આપનું આયુષ્ય જરાક વધારો તો બહુ લાભ થાય

તેમ છે, પરંતુ પ્રભુ એ ઉત્તર દીધો કે—હે ઇંદ્ર! ત્રણ કાળમાં પણ એમ બન્યું નથી, બનતું નથી અને બનવાનું નથી. અર્થાત્ કોઇ તીર્થંકરાદિ પણ પોતાનું આયુષ્ય અલ્પ પણ વધારી શકતા નથી. ૩૯

વસ્તુસ્થિતિ એવી છતાં બહુ કાળ જીવન કારણે,
લીધેલ વ્રત નિયમો બગાડે જીવ ! તું શા કારણે ?
વર્જિત પદાર્થો સેવવા વળી દોડધામ ઘણી કરે,
એ તો મતિભ્રમ તાહરો મોહિત થઇ આ શું કરે ? ૪૦

અર્થ :—વસ્તુસ્થિતિ આ પ્રમાણેની છતાં પણ તું બહુ કાળ સુધી જીવનાની વાંછાવી લીધેલા વ્રત-નિયમો શા માટે બગાડે છે ? શા માટે તેમાં દોષ લગાડે છે ? વળી તું વર્જિત કરેલા અભક્ષ્યાદિ પદાર્થો સેવે છે અને વ્યાધિના નિવારણ માટે ઘણી દોડધામ કરે છે. આ બધો તારો મતિભ્રમ છે. તું મોહિત-અજ્ઞાની થઇને આ શું કરે છે ? આમ કરવું તને ઘટતું નથી. ૪૦

વળી તું વિચાર કર કે—

સંયોગ જેનો સાંપડ્યો હોય વિયોગ જ તેહનો,
જિમ પંખીનો મેળો તરુ પર તેમ મેળો સર્વનો,
મરનાર મળવાનો નથી શું કામ પાછળ તેહની,
મરવા કરે છે ધમપછાડા એ નિશાની મૂર્ખની. ૪૧

અર્થ :—હે જીવ ! આ જન્મમાં-સંસારમાં જેનો સંયોગ થયો છે તેનો વિયોગ થવાનો જ છે. જેમ રાત્રે વૃક્ષ પર જુદી જુદી દિશાએથી આવેલા પક્ષીઓનો મેળો મળે છે તેવો આ

ણથી રુદન શા માટે કરે છે ? તે તો તને સારી શિખામણ આપીને પરભવમા ગયેલ છે તેણે એવી શિખામણ આપી છે કે–હે ભાઇ ! તુ ચેતીને ચાલજે, મરણનો વિશ્વાસ કરીશ નહી, તે અણચિંતવ્યુ આવીને તને પકડી જશે, માટે તુ જેમ બને તેમ જલદીથી ધર્મને પથે પડી જજે–બની શકે તેટલો ધર્મ કરવા લાગી જજે ૪૫

અનુત્તર સુરોનુ આઉખુ તેત્રીશ સાગરનુ કહ્યુ,
તેવા સુરો પણ ચ્યવન પામે એમ જિનમતમા કહ્યુ,
નિશ્ચય મરણ સસારીનુ તેથી નીકળ ઊભે પગે,
ને સાધ સજમ નેમ કરતા બ્હાદુરી છે ત્યા લગે ૪૬

અર્થ —અનુત્તર વિમાનના દેવો કે જેનુ આઉખુ તેત્રીશ સાગરોપમનુ અથાત્ અસખ્યાત વર્ષોનુ છે તેના દેવો પણ આયુ પૂર્ણ થતા ત્યાથી ચ્યવે છે અને મનુષ્ય થાય છે એમ જૈન શાસ્ત્રમા કહ્યુ છે વળી સસારી જીવોનુ મરણ નિશ્ચય થવાનુ જ હોય છે તો તુ ઊભે પગે* નીકળ–સસાર છોડી દે અને સયમની સાધના કર તેમ કરવામા જ તારી બહાદુરી છે એમ સમજ ૪

આડે પગે તો સર્વ નીકળે ત્યા ન હુશિયારી જરા,
આવ્યો સમય ચાલ્યો જગે મળશે ન આ તક ફરી ફરી,
મરનાર નરને જોઇને એ બોધ મનમા રાખજે,
હે જીવ ! જીવન સુધારજે તિમ અન્યને સ ભળાવજે.૪૭

* મરણ પામ્યા પછી તો બધા તે આડે પગે નીકળવાનુ છે

અર્થ —હે જીવ ! ઊભે પગે નીકળવાનું એટલા માટે કહ્યું છે કે–આડે પગે તો બધા નીકળે છે એમાં કાંઈ હુશિયારી નથી, પણ આ ધર્મ સાધવાનો આવેલો સમય ચાલ્યો જશે તો તે ફરી ફરીને મળવાનો નથી, માટે મરનાર મનુષ્યને જોઈને તું આ શિખામણ (આ બોધ) તારા હૃદયમાં ધારણ કરજે તારા જીવનને સુધારજે અને અન્યને પણ આ વાત સમજાવી–સંભળાવી તારા દાખલો લેય તેમ કરજે ૪૭

મંત્રીશ વસ્તુપાળને પૂછે કુશળ બીજા જનો,
'આયુ ઘટે છે નિત કુશળ કયાં ?' દે જવાબ વિવેકનો,
આશ્ચર્ય એ મરતા ઘણા તોયે બીજા રહેવા ચહે,
નિદ્રા શિડાડીને સુણી એ સુજન શિવપથે રહે ૪૮

અર્થ —વસ્તુપાળ મંત્રીશ્વરને જ્યારે અન્ય જનો કુશળ પૂછતા ત્યારે તે ઉત્તરમાં કહેતા કે–'હે ભાઈ ! નિરંતર આયુષ્ય ઘટતું જાય છે ને મરણ નજીક આવતું જાય છે ત્યાં કુશળતા કયાંથી હોય ! ' આવો વિવેકયુક્ત જવાબ આપતા હતા વળી કહેતા કે–આ જગતમાં આશ્ચર્યની વાત તો એ છે કે–પોતાની નજરે અનેકને મરણ પામતા જુએ છે છતાં પોતે જીવવાને–કાયમ રહેવાને ઇચ્છે છે સજ્જનો તો આ વાત સાંભળી પ્રમાદ નિદ્રાને તજી દઈને મોક્ષમાર્ગે જ સંચરે છે–પગલા ભરે છે ૪૮

લાગણીથી ધર્મ કરતા પાપરોગ જોરને,
નિશ્ચય ઘટાડીશ ને વધારીશ પુણ્યરોગ શૌર્યને;
બળવાન જન કમજોર નરને જેમ શીઘ્ર દબાવતો,
તિમ પાપપુંજ દબાય છે જો પુણ્ય બળિષ્ઠ હોય તો. ૪૯

અર્થ —હે ભાઈ ! જો તુ લાગણીપૂર્વક ધર્મ કરીશ તો જરૂર પાપના જોરને ઘટાડીશ અને પુણ્યના બળને વધારીશ પછી તુ જગતમા જુએ છે કે-બળવાન મનુષ્ય કમજોર માણસને દબાવે છે તેમ પુણ્યનુ બળ વધતા તારા પાપપુંજ દબાઈ જશે ૪૯

હવે જુગુપ્સા મોહનીના બધહેતુ કહે છે —

નિદા [1]કરતા સઘની તેને વળી [2]તરછોડતા,
ઉત્તમ મદાચારીતણી નિત ખોદણીને [3]સાંધતા,
ત્રણ કારણે અજ્ઞાનજન બાધે જુગુપ્સા મોહની,
નિદા કરીશ ના કોઈ દિન શ્રીસઘ ગુણી માનવતણી ૫૦

અર્થ —૧ શ્રી સઘની નિંદા કરતા તેમજ ૨ તેને તરછોડતા -તેનુ અપમાન કરતા અને ૩ ઉત્તમ સદાચારી મનુષ્યની નિરતર ખોદણી કરતા-આ ત્રણ કારણે અજ્ઞાનીજનો જુગુપ્સા મોહની બાધે છે માટે હે ભવ્યાત્મા ! તુ કોઈ દિવસ પણ ચતુર્વિધ સઘની કે ગુણી મનુષ્યની નિંદા કે અપમાન કરીશ નહીં ૫૦

શ્રી સઘ કેટલો બહુમાન આપવા લાયક છે તે બતાવે છે-

શ્રી સઘના પદકમલકેરી ધૂળના પુજે કરી,
મુજ આગણુ પાવન થશે ક્યારે પરમ હરખે કરી ?
મત્રીશ વસ્તુપાળ એવી ભાવના નિત ભાવતા,
ઉત્તમ વિવેકે સઘને તસ ચરણ ધોઈ જમાડતા ૫૧

અર્થ —મત્રીશ વસ્તુપાળ પરમ હર્ષપૂર્વક એવી ભાવના નિરતર ભાવતા હતા કે-શ્રી સઘના ચરણકમળની ધૂળના વડે મારુ આગણુ ક્યારે પવિત્ર થશે ? આવી ભાવના સાથે

ત્યારે પ્રસગ મળતા ત્યારે વિવેકપૂર્વક શ્રી સઘના ચરણકમળ પોતાને હાથે ધોઇને ઘણી ભક્તિ સાથે જમાડતા હતા ૫૧

છો સઘપતિ મોટા તમે ઇમ લોક બોલે મત્રીને,
ત્યારે કહે વિનયે કરી શ્રી સઘપતિના અર્થને,
સઘ છે પતિ જેહનો હુ તેહવો છુ મનનો,
નાયક થવા લાયક નથી લઘુદાસ હુ છુ તેહનો ૫૨

અર્થ —જ્યારે લોકો વસ્તુપાળ મત્રીને કહે કે-તમે તો મોટા સઘપતિ છો ત્યારે તે વિનયપૂર્વક સઘપતિ શબ્દનો આનો અર્થ કરતા કે-' સઘ છે પતિ જેનો તેનો હુ છુ અર્થાત્ હુ સઘનો નાયક થવાને લાયક નથી પણ હુ તો સઘનો લઘુદાસ છુ ' ૫૨

વળી સઘના મહત્ત્વ સબધી કહેલુ છે કે-

પૂજ્ય નદીસૂત્રમા જેની ઘણી ઉપમા કહી,
જે રત્નકેરી ખાણ સમ પ્રભુ જેહને નમતા સહી,
જિમ ખાણમા રત્નો ઘણા તિમ સઘમા રત્નો ઘણા,
અરિહત કેવળી ગણધરા શ્રુતકેવળી આદિક ઘણા. ૫૬

અર્થ —પૂજ્ય એવા નદીસૂત્રમા શ્રીસઘને ઘણી ઉપમાઓ કહેલી છે જે રત્નોની ખાણ છે અને જેને પ્રભુ તીર્થંકર પણ નમે છે જેમ ખાણમા રત્નો અનેક પ્રકારના-ઘણા હોય છે તેમ શ્રીસઘમા પણ અરિહત, કેવળી, ગણધર અને શ્રુતકેવળી વિગેરે થનારા ઘણા રત્નો જીવો હોય છે ૫૩ વળી—

પામ્યો પણ પૂજ્ય સઘપતિની પદવી પામ્યો નથી, તેથી જો તે પદવી તને પ્રાપ્ત થાય તો તે તારા ભાગ્યોદયની નિશાની સમજવી, માટે સઘપતિ થઈને શ્રી સઘની ભક્તિનો લાભ લે ૫૮

હવે સઘપતિ થવાની યોગ્યતા કોનામા હોય ? તે કહે છે—

માતાપિતાનો ભક્ત જે પરિજન સ્વજન સતોપતો,
શાત સ્વભાવે જેહ શ્રદ્ધા રગ પૂરે દીપતો,
મદ કલહ ટાળણહાર ઉજ્જવળ શીલબુદ્ધિ ધારતો,
દાન વર્ષી તિમ દયાળુ પરવિભવ ગુણ પેખતો ૫[illegible]
આનદને ધરતો નિરન્તર તેમ પચ દકારને,
દાક્ષિણ્ય ગુણથી શોભતો ત્રણ કાળ પૂજે નાથને,
તેવા ગુણો જે ચિત્ત ધારે તેહ સઘપતિ મુણો,
એ ભાવ સક્ષેપે કહ્યો વિસ્તાર શાસ્ત્ર વિષે ગણો ૬[illegible]

અર્થ —જે માતાપિતાનો ભક્ત હોય સ્વજન પરિવાર સતોપ આપનાર હોય, શાત સ્વભાવી હોય, શ્રદ્ધા રગ[illegible] સમૂહથી દીપતો હોય, મદ ને કળહનો ટાળનાર હોય, ઉજ્જવ[illegible] શીલગુણને તેમજ નિર્મળ બુદ્ધિને ધારણ કરનાર હોય, દા[illegible] હોય, દયાળુ હોય, પારકા વૈભવને તમજ ગુણને જોનારો હો[illegible] જોઈને રાજી થનારો હોય, નિરતર આનદી સ્વભાવવાળો હો[illegible] પાચ દકાર(દમ, દયા, દાન, દક્ષતા ને દીનતા—નમ્રતા)ને ધા[illegible] કરનારો હોય, દાક્ષિણ્યતાના ગુણવો શોભીતો હોય અને ત્ર[illegible] કાળ દેવગુરુની પૂજા ભક્તિ કરનારો હોય આવા ગુણોને ધારણ કરનાર હોય તેને તમારે સઘપતિ થવાને યો[illegible]

જાણુવો કર્ત્તા કહે છે કે—મે આ ભાવ અહીં મક્ષેપથી કહેલ છે, બાકી ગાસ્ત્રમા તો આને માટે ઘણો વિસ્તાર કહેલો છે ૫૯–૬૦

વસ્તુપાળ મ ત્રી શ્રી સ ઘની ભક્તિ કરતા ભાવના ભાવે છે કે —

આજ પૂરા ભાગ્ય ખીલ્યા આજનો અવસર ભલો,
આજે ફળી આશા જનકની માહરી માતાતણો,
આજે જ આશીર્વાદ ફળિયો સિદ્ધગિરિમા આવતા,
યાત્રાળુઓની ભક્તિ કરવા સમય ઉત્તમ પામતા. ૬૧

હુ ધન્ય વળી કૃતકૃત્ય માનુ જન્મ પાવન માહરો,
સકળી ઘડી મુજ આજની ને દિવસ પાવન માહરો,
ઇમ મ ત્રી વસ્તુપાળ ભાવી સ ઘની ભક્તિ કરે,
બહુ લાભ પામે એ મુણીને સ ઘપતિ શિક્ષા ધરે. ૬૨

અર્થ —આજે મારા ભાગ્ય પૂરેપૂરા ખીલ્યા, આજે મને શ્રેષ્ઠ અવસર પ્રાપ્ત થયો, આજે જ મારા પિતાની આશા ફળિભૂત થઈ અને આજે જ મારી માતાના આશીર્વાદ આ સિદ્ધગિરિમા આવતા મને ફળ્યા કે જેથી હુ યાત્રાળુઓની ભક્તિ કરવાનો અવસર પામ્યો હુ ધન્ય છુ, કૃતકૃત્ય છુ, આજે મારો જન્મ પાવન થયો એમ માનુ છુ આ ઘડી સફળ છે અને આજનો દિવસ પણ પવિત્ર છે આવી ભાવના ભાવતા છતા મત્રીશ્વર વસ્તુપાળ શ્રી સઘની ભક્તિ કરે છે આ પ્રમાણેની હકીકત સાભળીને જે સઘપતિની શિક્ષાને (યોગ્યતાને) પોતાના હૃદયમા ધારણ કરે તે ઘણો લાભ પામે ૬૧–૬૨

ક્રોધાદિ તીવ્ર કષાય ધરતા[૪] એહવા ચઉ કારણે,
કિંકર બનેલા મોહના બાંધે નપુંસક વેદને ૬૭

અર્થ —૧ સ્ત્રી અને પુરુષ બન્ને પર જે આસક્તિ રાખે, ૨ ભાંડચેષ્ટા કરે, ૩ સ્ત્રી આદિના વ્રતોનો ભંગ કરતો થકો કામભોગની તીવ્ર ઇચ્છા ધરાવે અને ૪ ક્રોધાદિ તીવ્ર કષાયોને ધારણ કરે-આ ચાર કારણે મોહરાજાના દાસ બનેલા જીવો નપુંસકવેદ બાંધે છે ૬૭

ચારિત્રમોહની બાંધવાના સામાન્ય સાત કારણો કહે છે—

નિંદા કરતા સાધુની[૧] વળી વિઘ્ન કરતા ધર્મીને[૨],
નિત્ય અવિરતને વખાણે[૩] દેશવિરતિવંતને,
બહુ અંતરાય કરે[૪] વખાણે નિત્ય નારી આદિને[૫],
ચારિત્રમાં દૂષણ બતાવે[૬] નોકષાય કષાયને ૬૮

પ્રકટાવનારો[૭] સાત કારણ તીવ્ર સંયમમોહની,
બાંધે બચી એથી ન કરજે નિંદના મુનિરાજની,
મદદ કરજે ધર્મીને ચારિત્ર નિત્ય વખાણજે
હોતા કષાય સમાવજે બળ મોહનું જ ઘટાડજે ૬૯

અર્થ —૧ સાધુની નિંદા કરતા ૨ ધર્મીને ધર્મકાર્યમાં વિઘ્ન કરતા, ૩ અવિરતિ મનુષ્યોને વખાણતા ૪ દેશવિરતિવાળાને બહુ પ્રકારના અંતરાય કરતા ૫ સ્ત્રી આદિના વખાણ કરતા, ચારિત્રવાનમાં દૂષણો બતાવતા અને ... નવા નોકષાય ... ગાવતા—આ સાત કારણે જીવ ચારિ... ... બાંધે છે

માટે તેથી બચી જવા માટે મુનિરાજની નિંદા કરીશ નહી, ધર્મી જીવોને મદદ કરજે, ચારિત્રીના વખાણ કરજે અને કષાય પ્રગટ થતા જ તેને સમાવી દેજે તેમજ મોહનુ બળ ઘટાડજે જેથી ચારિત્ર-મોહની બંધાશે નહી ૬૮-૬૯

હવે જીવ નરકાયુ શા કારણે બાંધે તે કહે છે —

પંચેન્દ્રિને હણતા[1] ઘણા સાવદ્ય આરંભે કરી,[2]
મૂર્છા સ્વરૂપ પરિગ્રહ કરતા[3] ક્રૂરતાને આદરી[4],
માંસ ખાતા[5] રૌદ્રધ્યાને[6] વૈરબુદ્ધિ થિર કરી[7],
પહેલા[8] કષાયે કૃષ્ણ[9] નીલ[10] કાપોત[11] લેશ્યા દિલ ધરી ૭૦

જૂઠ વદતા[12] ચોરી કરતા[13] ભોગ સાધન સેવતા,[14]
ઇંદ્રિયવશે બહુ પાપ કરતા[15] નરક જીવિત બાંધતા,
હે જીવ ! પંદર કારણો એ છોડજે નિત ચેતતા,
નરકાયુને બાંધ્યા પછી પરતંત્ર જન ના છૂટતા ૭૧

અર્થ —૧ પંચેંદ્રિય જીવોને હણતા, ૨ ઘણા સાવદ્ય આરંભો કરતા, ૩ પરિગ્રહની અતિશય મૂર્છા ધરાવતા, ૪ ક્રૂરતાને ધારણ કરતા, ૫ માંસ ખાતા, ૬ રૌદ્રધ્યાન ધ્યાતા, ૭ વૈરબુદ્ધિને સ્થિર કરતા, ૮ પહેલા અનંતાનુબંધી કષાયમા વર્તતા, ૯-૧૦-૧૧ કૃષ્ણ, નીલ ને કાપોત એ ત્રણ અશુભ લેશ્યા ધરાવતા, ૧૨ અસત્ય બોલતા, ૧૩ ચોરી કરતા, ૧૪ ભોગના સાધનોને વારંવાર સેવતા અને ૧૫ ઇદ્રિયોને વશ થઈને બહુ પ્રકારના પાપો કરતા જીવ નરકગતિનુ આયુ બાંધે છે, માટે હે જીવ ! તુ એ પંદર કારણો તજી તેનાથી

નિત્ય ચેતતો રહેજે, કારણ કે નરકાયુને બાંધ્યા પછી તો પરતંત્ર થઇને તેનાથી છૂટી શકાતુ નથી—નરકે જવુ જ પડે છે ૭૦-૭૧

હવે ઉપર જણાવેલા કારણો ન સેવવાનો હેતુ બતાવે છે

માકડ પકડતા દૂર ભાગે એહથી સમજાય છે,
જીવન વ્હાલુ માનનારા સર્વ જીવ જણાય છે,
માટે હુણાગ ના કોઇને ન કરીશ આરંભો કદી,
ધન આદિની મૂર્છા તજી સાચા વચણ નિત્યે વદી ૭૨

મન વચન કાયાએ કરી કરુણા નિરન્તર પાળજે,
સાત વ્યસનો છોડજે વળી આર્ત્ત—રૌદ્ર ન ધ્યાવજે,
વૈર ના કદી રાખજે હોતા જ શીઘ્ર ખમાવજે,
આલોચના રુડી જ દુષ્કર કહત ચૂર્ણિં નિશીથ જે ૭૩

પ્હેલા કપાયો કૃષ્ણ નીલ કાપોત લેશ્યા છોડજે,
ચોરી કરીશ ના કોઇ દિન વિષયો બધા તરછોડજે,
માતાપિતાને મેઘકુમારે વિષય દુઃખદાયી કહ્યા,
છેવટ જવાબ સચોટ દેતા જનક જનની થિર થયા ૭૪

પુત્રભિક્ષા આપવા પ્રભુ વીરને તત્પર થયા,
મેઘમુનિ સંયમ ધરીને સર્વથા સુખિયા
મોટા વિદેહે સિદ્ધિ લેશે એમ કહ્યુ અ
સુણી વિષયાદિને

આ ચાર કાવ્યમાંથી શરૂઆતના અઢી કાવ્યમાં નરકાયુ બંધના હેતુઓ દૂર કરવા-તજવા સંબંધી ઉપદેશ આપ્યો છે અને પાછળના દોઢ કાવ્યમાં મેઘકુમારની ટૂંકી કથા કહીને વિષયોનું ત્યાજ્યપણું અને સંસારને છોડવા લાયક સમજાવ્યો છે તે આ પ્રમાણે —

અર્થ —માંકડને પકડતાં તે ભાગી જાય છે તેથી સમજાય છે કે સર્વ જીવને જીવવું વહાલું છે, માટે હે ભવ્ય! તું કોઈ જીવને હણીશ નહીં અને જીવોની વિરાધના થાય એવા આરંભનાં કાર્યો કરીશ નહીં. દ્રવ્યાદિની મૂર્છા તજી દેજે અને સત્ય વચનો બોલજે, મન-વચન-કાયાથી નિરંતર દયા પાળજે, સાત વ્યસનો તજી દેજે-સેવીશ નહીં, આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધ્યાયીશ નહીં, કોઈની સાથે વૈર રાખીશ નહીં અને કાંઈક અપ્રીતિનું કારણ બનતાં તરતજ ખમાવી લેજે, પાપની આલોચના વારંવાર કર્યા કરજે, શ્રી નિશિથ સૂત્રની ચૂર્ણિમાં આ કાર્ય દુષ્કર કહેલ છે. પહેલા ચાર અનંતાનુબંધી કષાયો ટાળજે-કરીશ નહીં અને કૃષ્ણ, નીલ ને કાપોત લેશ્યા છોડી દેજે, એ લેશ્યાવાળા અધ્યવસાય સેવીશ નહીં, ચોરી કરીશ નહીં અને ઇંદ્રિયોના વિષયોને તરછોડજે અર્થાત્ તેના પર નિરાદર ભાવ રાખજે. જો આ પ્રમાણે વર્તીશ તો નરકાયુનો બંધ થશે નહીં.

વિષયના દુઃખદાયીપણા ઉપર કર્ત્તા મેઘકુમારનું દૃષ્ટાંત કહે છે —મેઘકુમારે વીરપ્રભુની દેશના સાંભળીને માતાપિતાને ઇંદ્રિયોના વિષયો મહાદુઃખદાયી છે એમ કહ્યું. ત્યારપછી પરસ્પર વિવાદ ચાલતાં છેવટે જ્યારે મેઘકુમારે સચોટ જવાબ દીધો અને પોતે સંસાર છોડવાને જ ઇચ્છે છે એમ ચોક્કસ કહ્યું ત્યારે માતાપિતા સ્થિર થઈ ગયા. પછી શ્રી વીરપ્રભુને

પુનઃશિક્ષા આપવા તત્પર થયા. શિક્ષા આપી મેઘકુમારે પ્રભુ પાસે ચારિત્ર અંગિકાર કર્યું ચારિત્ર પાળીને સુખી થયા મરણ પામીને સર્વાર્થસિદ્ધે દેવ થયા. ત્યાંથી આવીને મોટા વિદેહમા-મહાવિદેહક્ષેત્રમા મનુષ્ય થઈને મોક્ષે જશે આ પ્રમાણે છઠ્ઠા અંગમાં-જ્ઞાતાધર્મકથામા કહ્યુ છે આ દૃષ્ટાન્ત સાંભળી મનમા સમજી જઈને વિષયાદિને દૂર તજી દેજે કે જેથી તારુ કલ્યાણ થશે ૭૨-૭૫

વળી આ સબંધમા વિશેષ કહે છે —

પ્રભુવાણીને સુણવાથકી વશ થાય મનરૂપ વાંદરો,
એમ કરવાથી જ ઇંદ્રિય હોય વશ કહે ગણધરો,
ઉપદેશ પદર કારણોને છોડવા સંક્ષેપથી,
મે સૂત્રને અનુસાર દીધો અંશ પણ વિપરીત નથી ૭૬

અર્થ —પરમાત્માની વાણી સાભળવાથી મનરૂપ વાનર વશ થાય છે અને એમ કરવાથી જ ઇંદ્રિયોરૂપ અશ્વ પણ વશ થાય છે એમ ગણધરો કહે છે કર્તા કહે છે કે-મે નરકાયુ બાંધવાના પદર કારણો ન બાંધવા માટે સંક્ષેપથી ઉપદેશ સૂત્રને અનુસારે જ આપ્યો છે એમા જરા પણ વિપરીત કહેલ નથી ૭૬

હવે તિર્યંચ આયુના ૧૩ બંધહેતુ કહે છે —

ઉન્માર્ગની દઈ દેશના[1] કરતા વિનાશ સુમાર્ગનો[2],
પરદ્રવ્યને સંતાડતા[3] આદર દ્વિતીય કષાયનો[4],
કરતા[5] કપટ [6]વ્રત-શીલને કરતા મલિન[7] આરંભ ને[8],
પરિગ્રહ કરતા[9] આર્તધ્યાની[10] ચિત્ત રાખે શલ્યને[11] ૭૭

કાપોત[12] નીલ લેશ્યા[13] બળે તિર્યંચ આયુ બાંધતા,
એ તેર કારણ ગણધરો નિજ શિષ્યને સમજાવતા,
સન્માર્ગને નિત પોષવા શિવમાર્ગની શુભ દેશના,
હે જીવ ! દેજે છોડજે વ્યાપારને આરંભના ૭૮

અર્થ —૧ ઉન્માર્ગની દેશના આપવાથી, ૨ સન્માર્ગનો વિનાશ કરવાથી, ૩ પરદ્રવ્યને સંતાડવાથી, ૪ બીજા અપ્રત્યાખ્યાનાવરણી કષાયનો આદર કરવાથી, ૫ કપટ કરવાથી, ૬–૭ વ્રત તથા શીલને મલિન કરવાથી, ૮ આરંભો કરવાથી, ૯ પરિગ્રહ વધારવાથી, ૧૦ આર્ત્તધ્યાન ધ્યાવાથી, ૧૧ શલ્યોને ધરાવવાથી અને ૧૨–૧૩ નીલ તથા કાપોતલેશ્યાના બળથી જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે છે તેથી આ તેર કારણો તજવા માટે ગણધરો–આચાર્યો પોતાના શિષ્યોને સમજાવે છે હે જીવ ! તું પણ સન્માર્ગનું પોષણ કરવા માટે જિનમાર્ગની દેશના આપજે અને આરંભના વ્યાપારાદિ તજી દેજે કે જેથી તિર્યંચ ગતિનું આયુ બંધાય નહીં ૭૭–૭૮

હવે ઉપર જણાવેલા કારણો તજવા માટે ઉપદેશ આપે છે —

પરદ્રવ્યને ઢેફું ગણી શુભ ધ્યાનને નિત સેવજે,
દિલમાં સરલતા રાખજે વ્રત શીલને સંભાળજે,
પરિગ્રહ તજી મિથ્યાત્વ માયા ને નિયાણું છોડજે,
કાપોત નીલ લેશ્યાતણા પરિણામ ન કદી રાખજે ૭૯

જેણે કરી શ્રાવકપણું આ જીવડો પામે નહીં,
બીજા કષાયો તેહના જાણી ઉદયવશ થા નહીં,

મનમાંય એવા અક્ષરો નિત કોતરીને રાખજે,
મન વચન કાય સુધારજે તિર્યંચના દુઃખ ટાળજે. ૮૦

અર્થ —પારકા દ્રવ્યને માટીના ઢેફા સમાન નિસાર જાણીને તજી દેજે, શુભ ધ્યાનને નિરંતર સેવજે, દિલમાં સરલતા રાખજે, લીધેલા વ્રતનિયમાદિને બરાબર સંભાળજે, પરિગ્રહ તજજે-ઘટાડજે, માયામિથ્યાત્વ અને નિયાણાને તજી દેજે, કાપોત ને નીલલેશ્યાના અધ્યવસાયો ધરાવીશ નહીં, જેના ઉદયથી જીવ શ્રાવકપણું પામી શકતો નથી એવા બીજા અપ્રત્યાખ્યાનાવરણી કષાયોના ઉદયને વશ થઈશ નહીં, મનમાં પણ એવા અક્ષરો કોતરી રાખજે, મન-વચન-કાયાને સુધારજે અને અનેક તિર્યંચોના દુઃખો સંભારજે કે જેથી તને તિર્યંચ ગતિના દુઃખ પ્રાપ્ત થશે નહીં ૭--૮૦

હવે મનુષ્યગતિનું આયુ કેમ બંધાય ? તેના કારણો કહે છે —

આવો પધારો એમ કહી બોલાવતા ગુણવંતને[1],
પોતે જ બોલાવે પ્રથમ રાગી ગૃહસ્થ વિવેકને,[2]
હિતકારી પ્રિય મિત વચન વદતા[3] દાન પરને આપતા,[4]
દેવ ગુરુને પૂજતા[5] તિમ ધર્મધ્યાને રાચતા[6] ૮૧

આરંભ[7] પરિગ્રહ[8] અલ્પ કરતા સરલતાને[9] રાખતા,
વ્યવહારમાં મધ્યસ્થતા[10] કાપોત[11] પીત[12] લેશ્યા છતાં;
મધ્યમ પરિણામે કરી[13] પરને સુખે સમજાવતા[14],
ત્રીજા કષાયે[15] શ્રેષ્ઠ નરના આઉખાને બાંધતા ૮૨

અર્થ —૧ આવો, પધારો, એવા મીઠા વચનોવડે પ્રથમ બીજા ગુણવ્રતને બોલાવતા એટલે એવા ગૃહસ્થપણાના વિવેકને ધારણ કરતા, ૨ હિત, મિત ને પ્રિય વચન બોલતા, ૩ દાન દેતા, ૪–૫ દેવગુરુને પૂજતા, ૬ ધર્મધ્યાનમા તત્પર રહેતા, ૭–૮ આરંભ પરિગ્રહને ઘટાડતા, ૯ સરલપણાને ધારણ કરતા, ૧૦ વ્યવહારમા મધ્યસ્થપણુ ધરાવતા, ૧૧–૧૨ કાપોત ને નીલ-લેશ્યામા વર્તતા, ૧૩ મધ્યમ પરિણામને સેવતા, ૧૪ બીજાને સારી રીતે સમજાવતા અને ૧૫ ત્રીજા કષાયમા વર્તતા જીવ મનુષ્યનુ આયુષ્ય બાધે છે ૮૧–૮૨

હવે દેવગતિનુ આયુષ્ય બાધનાના પદર કારણો કહે છે —

પદર સુનાયુ કારણો એમ તીર્થપતિજી બોલતા,
સયમ સરાગે[1] દેશ સયમ[2] શુદ્ધ શ્રદ્ધા[3] રાખતા,
કલ્યાણમિત્રતણો પરિચય[4] શુદ્ધ તપને[5] સાધતા,
ત્રણ રત્નને આરાધતા[6] નિષ્કામ નિર્જરણા થતા[7] ૮૩

મૃત્યુકાળે પદ્મલેશ્યા[8] પીતલેશ્યા[9] રાખતા,
ધર્મ શ્રવણ કરવાતણો અભ્યાસ ઉજ્જવળ રાખતાં,[10]
અવ્યક્ત સામાયિકબળે[11] અજ્ઞાનતપને સાધતા,[12]
શુભ પાત્રમાહે દાન[13] દેતા દેવભવને પામતા. ૮૪

મરતા[14] ગળે ફાસો ફઈ જળ અગ્નિ[15] આદિક સાધને,
કેઇક લાયક જીવ પ્રાયે બાધતા સુર આયુને,

સમભાવની જ્યા મુખ્યતા વિસ્તાર બોધ ન જે વિષે,
તેવી પવિત્ર ક્રિયા કહ્યુ અવ્યક્ત સામાયિક શ્રુતે ૮૫

પ્રથમ અહીં કા યમા દેવાયુ બાધવાના ૧૫ કારણો કહ્યા છે અને છે ા એ પાદમા અવ્યક્ત સામાયિકનુ સ્વરૂપ કહ્યુ છે

અર્થ —દેવાયુ બાધવાના ૧૫ કારણો છે એમ તીર્થ પતિએ કહેલ છે તે આ પ્રમાણે –૧ સરાગ સયમથી, ૨ દેશ વિરતિપણાથી, ૩ શુદ્ધ શ્રદ્ધા ધરાવવાથી (સમકિતથી), ૪ કલ્યાણમિત્ર(ધર્મ)નો પરિચય નિરતર રાખવાથી, ૫ શુદ્ધ તપ કરવાથી, ૬ ત્રણ રત્ન (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ને આરા ધવાથી, ૭ અકામ નિર્જરાથી, ૮–૯ મૃત્યુ સમયે પદ્મલેશ્યા ને તેજોલેશ્યામા વર્તવાથી, ૧૦ ધર્મ શ્રવણ કરવાનો અભ્યાસ નિરતર રાખનાથી, ૧૧ અવ્યક્ત સામાયિકના બળથી, ૧૨ અજ્ઞાન તપ (કષ્ટ) કરનાથી, ૧૩ શુભ પાત્રમા દાન દેવાથી, ૧૪ ગળે ફાસો ખાઈને મરવાથી અને ૧૫ જળ અગ્નિ વિગેરેના સાધનવડે મૃત્યુ પામનાથી કેટલાક યોગ્યતા વાળા જીવ દેવગતિના આયુને બાધે છે

સમભાવની જ્યા મુખ્યતા છે પણ વિસ્તૃત બોધ નથી એવી રીતે પવિત્ર ક્રિયા કરવી તેને શાસ્ત્રકારે અવ્યક્ત સામાયિક કહ્યુ છે ૮૩–૮૪–૮૫

કલ્યાણમિત્ર કોને કહીએ ? તે સમજાવે છે —

સારણા વળી વારણા તિમ ચોયણા પડિચોયણા,
ધર્મમા નિત્યે તને જે જોડવા કરતા સદા,

આયતનને સેવતા નિઃસ્વાર્થ તુજ હિત ચાહતા,
કલ્યાણમિત્રો તેહવા તુ સેવજે પદ તેમના ૮૬

અર્થ —તને ધર્મમા જોડના માટે જે નિરતર સારણા, વારણા, ચોયણા (પ્રેરણા) ને પડિચોયણા કરતા હોય, ધર્મના આયનનને સેવનારા હોય અને નિરતર તારુ હિત ચાહનાર હોય તેને તુ કલ્યાણમિત્ર જાણજે અને નિરતર તેના ચરણની સેવા કરજે ૮૬

હવે છઠ્ઠા નામકર્મના બધહેતુ કહે છે —

બે ભેદ છઠ્ઠા કર્મના તે અશુભ શુભ ભેદે મુણો,
પહેલા કહુ હેતુ અશુભના ત્યાગ કરજો તેહનો,

અર્થ —છઠ્ઠા નામકર્મના બે ભેદ છે શુભ અને અશુભ તેમા પહેલા અશુભ નામકર્મના હેતુ કહુ છુ તે વાચીને તેનો ત્યાગ કરજો

આની પછી સાડા છ કાવ્યમા અશુભ નામકર્મના હેતુ કહ્યા છે તે આ પ્રમાણે —

મનમાહી રાખે વક્રતા[1] તિમ વક્ર વયણો બોલતા,[2]
કુટિલ કિરિયા કાયથી કરતા[3] બતાવી કુશળતા. ૮૭
પરને જ છેતરતા[4] તથા માયા પ્રયોગો સાધતા,[5]
મિથ્યાત્વ દિલમા રાખતા[6] તિમ ચાડિયાપણુ ચાખતા[7],
ચિત્તની ચપળતા રાખતા[8] તિમ નોટ આદિ બનાવટી,
સીક્કા બનાવે[9] તેમ રૂપિયા મ્હોર સર્વ બનાવટી ૮૮

ખોટી જ શાખો પૂરતા[૧૦] બહુ વસ્તુના વર્ણાદિને,
પલટાવીને સાચી કહી[૧૧] કરતા વિવિધ વ્યાપારને,
ભૂલથાપમા નાખી અપરને માન આપી લોભને,
ભેળસેળ કરી કરતા[૧૨] અન્નના વ્યાપારને ૮૮

કાપતા[૧૩] જ કપાવતા[૧૪] પર અંગ તેમ ઉપાંગને,
નિર્દયપણે તિમ વેચતા માવત્ર પંજર[૧૫] યંત્રને,[૧૬]
ત્રાજવા[૧૭] તોલા[૧૮] જ ખોટા માપને[૧૯] નિપજાવતા,
નિત એહ ત્રણને વેચતા તિમ અન્યજનને નિંદતા[૨૦]

હણતા જ[૨૧] જૂઠું બોલતા[૨૨] કરતા જ ચોરી[૨૩] અન્યની
આરંભ[૨૪] પરિગ્રહ[૨૫] સેવતા ચેષ્ટા કરતા[૨૬] વિષયની
વચનો કહેતા આકરા[૨૭] હલકા વચણ ઉચ્ચારતા,
વિવિધ વેષાદિક સજી[૨] મદ આત્માનો રાખતા

ચોર[૩૮] કાર્મણ[૩૯] આદિ ને બકવાટ[૪૦] ક્રોધ[૪૧] ઉદીરતા
સૌભાગ્યનો ઉપઘાત કરતા[૪૨] ત્યાગને લજવાવતા,
દેતા ભૂષણ વેશ્યાદિને[૪૪] કૌતુક ઘણા ઉપજાવતા,
દશ પાંચ કર્માદાન[૬] કરતા દિન કષાયો[૪૭] રાખતા

બ્રહ્માને સદા દવાદિના ગંધાદિ વસ્તુ ચોરતા,[૬૪]
વનમાં ય દવ સળગાવતા[૬૬] ચૈત્યાદિને વિણસાવતા,
નામકર્મ અશુભ આવે એ જ ઊલટા હેતુઓ,
આચરવાથી બાંધતા શુભ નામકર્મ ભવિકજનો.

અર્થ —અશુભ નામકર્મ બાંધવાના ૬૭ હેતુ આ પ્રમાણે —૧ મનમા વક્રતા રાખે, ૨ વક્ર વચનો બોલે, ૩ પરથી કુશળતા બતાવતા છતા કાયાવડે કુટિલ ક્રિયા કરે, ૪ અન્યને છેતરે, ૫ માયા પ્રયોગો સાધે, ૬ દિલમા મિથ્યાત્વ રાખે, ૭ ચાડિયાપણુ કરે, ૮ ચિત્તની ચપળતા રાખે, ૯ નોટ અને સિક્કા, રૂપિયા, મહોર સર્વ બનાવટી બનાવે, ૧૦ ખોટી સાક્ષી પૂરે, ૧૧ વસ્તુના વર્ણાદિ બદલાવીને ખોટી વસ્તુને સાચી વસ્તુ તરીકે વેચે-વ્યાપાર કરે, ૧૨ અન્યને ભૂલથાપ ખવરાવી, કોઈને માન આપી, કોઈને લોભ આપી, વસ્તુમા ભેળસેળ કરીને અન્નાદિનો વ્યાપાર કરે, ૧૩-૧૪ પરજીવોના અંગ કાપે અથવા કપાવે, ૧૫-૧૬ નિર્દયપણે સાવદ્ય એવા પંજર (પાંજરા) તથા યંત્રાદિ વેચે, ૧૭-૧૮-૧૯ ત્રાજવા, તોલા ને માપ લેવા-દેવાના જુદા-ખોટા બનાવે, અને તે રીતે વસ્તુ લેય ને વેચે, ૨૦ અન્યની નિંદા કરે, ૨૧ હિંસા કરે, ૨૨ અસત્ય બોલે, ૨૩ અન્યની ચોરી કરે, ૨૪-૨૫ આરંભ પરિગ્રહ સેવે, ૨૬ વિષયચેષ્ટા કરે, ૨૭ અન્યને ખેદ થાય એવા આકરા વચનો કહે, ૨૮ હલકા વચનો બોલે, ૨૯ વિવિધ પ્રકારના વેષો કરે, ૩૦-૩૭ આઠ મદને ધારણ કરે, ૩૮-૩૯ ચોર ને કામણ કરે, ૪૦ નકામો બકવાટ કરે, ૪૧ ક્રોધને ઉદીરે, ૪૨ કોઈના સૌભાગ્યનો ઉપઘાત કરે, ૪૩ ત્યાગને લજવાવે-ત્યાગીપણુ લજવાય તેવા કાર્ય કરે, ૪૪ વેશ્યાદિકને કામહેતુએ ભૂષણો વિગેરે આપે, ૪૫ કૌતુક ઉપજાવે, ૪૬-૬૦ પંદર કર્માદાનના વ્યાપારાદિ કરે, ૬૧-૬૪ ચાર કષાયો સેવે, ૬૫ દેવાદિના મિષે ગંધાદિ વસ્તુઓ ચોરે, ૬૬ વનમા દાવાનળ

મળગાવે, ૬૭ ચૈત્યાદિનો વિનાશ કરે એટલા કારણોથી જી
અશુભ નામકર્મ બાંધે અને એનાથી ઉલટા હેતુઓને સેવ
વાથી શુભ નામકર્મ બાંધે હે ભવ્યજનો! તમે આ વાત
બરાબર સમજો ૮૭-૯૩

હવે તેથી વિપરીત કેવી રીતે વર્તવાથી શુભ નામકર્મ
બાંધે તે કહે છે—

મનથી વચનથી કાયથી નિત્ય સરળતાને ધારતા,
મન થીર કરી દર્શન લહી ખોટા પ્રપંચો છોડતા,
તિમ ત્રાજવા ને કાટલા માપા જ સાચા રાખતા,
સંતોષવૃત્તિ રાખીને પાપે જ આશ્રવ છોડતા. ૯
પ્રિય મિત વયણ હિત બોલતા તિમ વેષ ધાર્મિક રાખ
નમ્રતાને રાખતા વાચાળતા દૂર ટાળતા,
રાખી ક્ષમા મુક ચોટ કાર્મણ દુમ્મણાદિક છોડતા,
ડોળ ખોટો છોડતા વેશ્યા પ્રમુખ નહીં પોષતા ૯૫
ચૈત્યો ઉપાશ્રય ને પ્રતિમા નિત્ય સાચવતા છતા,
ધન જેહ ધર્માદાતણું તેને સદા સંભાળતા,
ના ઉપેક્ષા આદરે શ્રાવક સદા શક્તિ છતા,
તજતા જ કર્માદાન ઇમ શુભ નામકર્મો બાંધતા ૯

અર્થ—૧-૩ મનથી, વચનથી ને કાયાથી નિરંતર સ
ળતને ધારણ કરવાથી, ૪ મન સ્થિર કરીને સમકિત દર્શ
મેળવવાથી, ૫ ખોટા પ્રપંચોને છોડી દેવાથી, ૬-૮ ત્રાજવ

ાટલા (તોલા) ને માપ સાચા રાખવાથી, ૯–૧૩ પાચે આશ્ર ાને તજવાથી, ૧૪ પ્રિય, હિત ને પરિમિત વચન બોલવાથી, ૧૫ ધાર્મિક વેષ રાખવાથી, ૧૬ નમ્રતા ધારણ કરવાથી, ૧૭ ાચાળતા તજી દેવાથી, ૧૮ ક્ષમા રાખવાથી, ૧૯–૨૧ ગ્રુઠ, ગ્રેટ ને કામણટુમણ વર્જવાથી, ૨૨ ખોટો ડોળ તજી દેવાથી, ૨૩ વેશ્યાદિ અસતીપોષણ નહીં કરવાથી, ૨૪–૨૬ ચૈત્યો, ઉપાશ્રય ને જિનપ્રતિમાનુ રક્ષણ કરવાથી, ૨૭ ધર્માદા દ્રવ્યને ભાચરવાથી–વિનાશ વતા અટકાવવાની–શક્તિ છતા ઉપેક્ષા ન કરવાથી અને ૨૮ થી ૪૨ પદર કર્માદાનો તજી દેવાથી જીવ શુભ નામકર્મ બાધે છે ૯૪–૯૫–૯૬

તીર્થકરનામકર્મ બાધવાના હેતુઓ કહે છે —

તેમ શ્રેષ્ઠ દર્શન ભાવનાથી વીશ સ્થાનક સેવતા,
પુણ્યશાળી શ્રેષ્ઠ પદવી તીર્થપતિની પામતા,
દેદીપ્યમાન પ્રભાવશાળી ધર્મ દીવો છે છતા,
માર્ગ ભૂલી મૂઢ જીવો ભવવને નિત રખડતા. ૯૭
તે સર્વ જીવોને પ્રવર જિન ધર્મદીપ પ્રકાશથી,
તેહ વનના પારગામી હુ બનાવુ પ્રેમથી,
એવુ વિચારી તેમ કરતા વીશ સ્થાનક સાધતા,
અમૃત અનુષ્ઠાને કરી જિનનામકર્મ ઉપાર્જતા ૯૮

અર્થ —શ્રેષ્ઠ એવી સમકિત દર્શનની ભાવનાવડે વીશ સ્થાનકનુ સેવન કરવાથી પુણ્યશાળી જીવ તીર્થપતિની શ્રેષ્ઠ પદવી પામે છે અર્થાત્ તીર્થકરનામકર્મનો બધ કરે છે તેનો

બંધ કરનાર જીવ એમ વિચારે છે કે-દેદીપ્યમાન અને પ્ર વશાળી જૈનધર્મરૂપી દીપક પ્રગટ છતાં મૂઢ જીવો માર્ગ ભૂલી નિરંતર ભવરૂપી અરણ્યના પરિભ્રમણ કરે છે તે સર્વ જીવ શ્રેષ્ઠ એવા જૈનધર્મરૂપ દીપકના પ્રકાશવડે હું પ્રેમપૂર્વક સં રૂપી અરણ્યમાંથી કાઢી તેનો પાર પમાડું આવી વિચાર કરવાથી અને વીશ સ્થાનસ્થાનકોના એક અથવા વધારે સ્થા કોના સેવનથી જીવ જિનનામકર્મનો બંધ કરે છે ૯૭-૯

હવે વીશ સ્થાનકોનું વર્ણન કરે છે —

એહવા ક્રમથી કહ્યા તે વીશ સ્થાનક શ્રુત વિષે,
અરિહંત[1] સિદ્ધ[2] ગુરુ[3] સ્થવિર[4] બહુશ્રુતતણી[5] ભક્તિ મિ
ગચ્છ[6] શ્રુત તપસીતણી[7] તત્પરપણું શુભ ભક્તિમાં,
અપ્રમાદ[8] આવશ્યક ક્રિયામાં તેમ સંયમ શીલમાં[10] ૯
વિનય[11] જ્ઞાનાભ્યાસ[12] તપ[13] તિમ દાનકેરી[14] સાધ
બહુ વાર ધ્યાન સુસેવના[15] જિનતીર્થનો સુપ્રભાવના[1
શાંતિ પમાડી સંઘને[17] મુનિરાજ ચરણ ઉપાસના[1
ઉલ્લાસથી ભણવું નવું[18] કરવો સુદર્શન સાધના[2] ૧
પ્રથમ અંતિમ જિનપતિજી સર્વ સ્થાનક સાધતા,
શેષ જિનપતિ હોય ત્રણ વળી વીસ સ્થાનક સાધત
અન્ય ગ્રંથે ક્રમ જુદો નામો જુદા જ જણાય છે,
પૂર્વના ત્રીજે ભવે તમ બંધ ગાઢો થાય છે ૧૦

અર્થ —સિદ્ધાંતમાં આ ક્રમથી વીશ સ્થાનક કહ્યા છે

અરિહંત, ૨ સિદ્ધ, ૩ ગુરુ (આચાર્ય), ૪ સ્થવિર, ૫ બહુ શ્રુત (વિશેષ જ્ઞાનાભ્યાસી), ૬ ગચ્છ (મુનિ સમુદાય), ૭ શ્રુત (જ્ઞાન), અને ૮ તપસ્વી એ આઠની ઉંચા પ્રકારની ભક્તિમા વત્સલપણુ, ૯ આવશ્યકાદિ ક્રિયામા તેમ જ ૧૦ સયમની આરાધનામા અપ્રમાદીપણુ, ૧૧ વિનય, ૧૨ જ્ઞાનાભ્યાસ, ૧૩ તપ અને ૧૪ દાન આ ચારની આરાધના, ૧૫ અનેક પ્રકારે ધ્યાનની સાધના અને ૧૬ જૈન તીર્થની–શાસનની પ્રભાવના–એટલા ગુણ કરવા, ૧૭ શ્રી સઘને શાતિ પમાડવી, ૧૮ મુનિરાજના ચરણની ઉપાસના (વૈયાવચ્ચ) કરવી, ૧૯ ઉદ્યમપૂર્વક નવુ નવુ ભણવુ અને ૨૦ સુદર્શન જે સમકિત તેની સાધના કરવી આ વીશ સ્થાનકની આરાધનાથી જીવ તીર્થંકરનામકર્મ બાધે છે પહેલા અને છેલ્લા તીર્થપતિએ વીશે સ્થાનકોની આરાધના કરી છે અને બીજા તીર્થંકરોએ એક બે યાવત્ તથી વધારેની આરાધના કરી છે આ વીશ સ્થાનકોનો ક્રમ અને નામ અન્યત્ર ફેરફાર જણાય છે પણ તેનો સાર એક જ છે આ વીશ સ્થાનકની આરાધનાથી પાછલા ત્રીજા ભવે તીર્થંકરનામકર્મનો નિકાચિત બધ થાય છે ૯૯–૧૦૧

હવે જીવ નીચ ગોત્રકર્મ કેમ બાધે તેના કારણો કહે છે —

નિદા[1] અવજ્ઞા[2] અન્યની તિમ મશ્કરી કરતા છતા,[3]
પરના ગુણો જ છુપાવતા[4] એ ભેદ દોષ બતાવતા,[5]
નિજ ગુણ વખાણે[6] દોય ભેદે નિજ પ્રશસા સાધતા,[7]
નિજ દોષ ઢાંકે[8] આઠ ભેદે દુષ્ટ મદને સેવતા.[9] ૧૦૨
આ જીવ એ નવ કારણે બાધે જ હલકા ગોત્રને,
એવુ વિચારી દિલમા નિદા અપરની છોડ઼ે

હાસી અવજ્ઞા અન્યની ન કરીશ આપબડાઇને,
પરગુણ વખાણી કોઇ દિન બોલીશ ના પરદોષને ૧૦

અર્થ —પરની-અન્યના ૧ નિંદા, ૨ અવજ્ઞા તેમજ ૩ મશ્કરી કરાવી, ૪ અન્યના ગુણો ઢુસાવવાથી અને ૫ છતા અછતા અને પ્રમાનના દોષો બતાવવાથી, ૬ પોતાના ગુણના વખાણ કરાવી અને ૭ છતા અછતા ગમે પ્રમાણે પોતાના ગુણ પ્રશંસાને સાધનારી-કરાવનાર, ૮ પોતાના દોષને ઢાંકવા અને ૯ આઠે પ્રકારના મદ કરવાથી-આ નવ કારણે જીવ નીચ ગોત્રને બાંધે છે આ પ્રમાણે સમજીને પારકી નિંદા કરીશ નહી, અન્યના હાંસી કે અવજ્ઞા કરીશ નહીં, આપબડાઈ કરીશ નહીં, પારકા ગુણના વખાણ કરજે અને કોઇ દિવસ પણ પારકા દોષ બોલીશ નહી ૧૦૨-૧૦૩ વળી—

નિજ ગુણ પ્રશંસા છોડજે તિમ આઠ મદને ટાળજે,
પ્રશમ સુખ અટકાવનાર આઠ મદ ઇમ જાણજે,
પ્રશમરતિના વેણને પણ આ સમય ના ચૂકજે,
યોગશાસ્ત્ર વિષે કહેલી વાતને ના ભૂલજે ૧૦

અર્થ —પોતાની પ્રશંસા કરીશ નહી અને આઠ મદ તજી દેજે, કારણ કે એ આઠ મદ પ્રશમ સુખને અટકાવનાર છે એમ સમજજે પ્રશમરતિ ગ્રંથમાં કહેલા તે સર્વ વચનને આ વખત ભૂલી જઇશ નહીં તેમજ યોગશાસ્ત્ર કહેલી હકીકતને પણ યાદ કરજે ૧૦૪

હવે આઠ મદ ન કરવા સબંધી ઉપદેશ આપે છે —

હે જીવ ! જેનો મદ કરે તે વસ્તુ હીન પમાય છે,
એવું ઘણાં શાસ્ત્રો વિષે વાચેલ યાદ કરાય છે,
કુળ[૧] જાતિ[૨] બળ[૩] રૂપ[૪] તપતણો[૫] ઐશ્વર્ય[૬] વિદ્યા[૭] લાભનો[૮],
મદ આઠ ભેદે જાણિયે ઇમ પાઠ પુષ્કળ શાસ્ત્રનો. ૧૦૫

અર્થ —હે જીવ ! આ જીવ જે જે બાબતનો મદ કરે છે તે તે બાબતમાં હીનતાને પામે છે, આવું ઘણા શાસ્ત્રોમાં વાચવામાં આવેલું યાદ આવે છે તે મદ ૧ કુળ, ૨ જાતિ, ૩ બળ, ૪ રૂપ, ૫ તપ, ૬ ઐશ્વર્ય, ૭ વિદ્યા ને ૮ લાભ આ આઠ પ્રકારના કહ્યા છે આ પ્રમાણેનો પાઠ અનેક શાસ્ત્રોમાં કહેલ છે ૧૦૫.

હવે પ્રથમ કુળમદ કરનાર **મરીચિનું** દૃષ્ટાંત કહે છે —

પ્રભુ આદિદેવ જિનેશ્વરા નયરી અયોધ્યા એકદા,
આવ્યા જ ત્યારે વાંદવાને ભરત ચક્રી આવતા,
સંતોષ પામી નાથની વર દેશનાને સાંભળી,
બે હાથ જોડી તીર્થપતિને પૂછતા પ્રીતિ ધરી ૧૦૬

આ પર્ષદામાં ભરતક્ષેત્રે ભાવિકાળે પામશે,
જે તીર્થપતિની સંપદા તે દ્રવ્યજિનનો જીવ છે ?,
હે ભરતરાય ! મરીચિ નામે પુત્ર જે આ તાહરો,
જે ત્રિદંડી વેષ રાખે સંયમે થઇ ગાભરો. ૧૦૭

તે આ જ ચોવીશી વિષે ચોવીશમો જિનપતિ થશે,
પ્રિયમિત્ર નામા ચક્રવર્ત્તી વળી વિદેહે તે થશે,

પ્રવર મૂકા રાજધાની તેહની તુમે જાણજો,
આ ભરતક્ષેત્રે પ્રથમ વાસુદેવ હોશો જાણજો. ૧૦૮

અર્થ —આદિનાથ પ્રભુ એકદા અયોધ્યા નગરીએ સમવસર્યા તે વખતે ભરતચક્રી વાંદવા માટે આવ્યા ભગવંતે આપેલી શ્રેષ્ઠ દેશના સાંભળીને સંતોષ પામ્યા પછી પ્રીતિપૂર્વક બે હાથ જોડીને ભરત ચક્રીએ પરમાત્માને પૂછ્યું કે-'હે પ્રભુ ! ભરતક્ષેત્રમાં ભાવીકાળે તીર્થંકરપદને પામવાનો હોય એવો કોઈ જીવ આ પર્ષદામાં છે ?' પ્રભુએ કહ્યું કે-'હે ભરતરાજા ! આ તારો પુત્ર જે મરીચિ નામનો છે અને જે મુનિપણું પાળવાથી ગભરાઈ જઈને ત્રિદંડી બનેલ છે તે આ ચોવીશીમાં આ ભરતક્ષેત્રમાં ચોવીશમા તીર્થંકર થશે અને મહાવિદેહમાં મૂકા નામની રાજધાનીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશે, વળી આ ભરતક્ષેત્રમાં પહેલા ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ થશે આ પ્રમાણે ત્રણ પદવી પામશે ૧૦૬-૧૦૮

એ સાંભળી રાજી થઈ ત્રણ વાર દેઈ પ્રદક્ષિણા,
વંદી મરીચિને કહે તું લાભ પામીશ નિર્મળા,
તીર્થપતિતા ચક્રિતા વળી વાસુદેવની સંપદા,
હોશે તને જિનજીવ જાણી હું કરું છું વંદના ૧૦૯

અર્થ —આ પ્રમાણે પ્રભુ પાસેથી સાંભળી રાજી થઈને ભરતચક્રીએ મરીચિ પાસે જઈ, ત્રણ પ્રદક્ષિણા દઈ વાંદીને કહ્યું કે-'તું નિર્મળ ભાવોને પામવાનો છું અર્થાત્ તીર્થપતિપણું ચક્રીપણું અને વાસુદેવપણું પામવાનો છું તેથી તને જિનેશ્વરનો જીવ જાણીને હું વંદના કરું છું' (તારા ત્રિદંડીપણાને નમસ્કાર કરતો નથી) ૧૦૯

સ્તુતિ ઇમ કરી ચક્રી ગયા નિજ ઠાણુ મરીચિ નાચતા,
ત્રિપદી પછાડી ખુશ થઇને વેણુ આવા બોલતા,
હુ વાસુદેવ પ્રથમ વળી ચક્રી ચરમ તીર્થંકરો,
હોઇશ તેથી શ્રેષ્ઠ કુળ છે માહરુ મદ ઉછળ્યો. ૧૧૦
મારા પિતા સવિ ચક્રીમાહે ચક્રવર્ત્તી પ્રથમ છે,
દાદા સકળ તીર્થંકરોમા પ્રથમ આદિ જિનેશ છે,
તેથી જ કુળ ઉત્તમ અહો મુજ એમ મદ મન આવતા,
બીજ જેવા અકુરો તિમ ગોત્ર હલકુ બાધતા ૧૧૧

અર્થ —ઉપર પ્રમાણે સ્તુતિ કરીને ભરતચક્રીના ગયા પછી મરીચિ પોતાને સ્થાને રહ્યા સતા હર્ષ પામીને નાચવા લાગ્યા ત્રણ વાર પગ પછાડી અત્યત ખુશી થઇને આ પ્રમાણે બોલ્યા કે-'હુ પહેલો વાસુદેવ, મહાવિદેહમા ચક્રી અને અહીં છેલ્લો તીર્થંકર થઈશ તેથી મારુ કુળ અતિ ઉત્તમ છે ' આમ કહેવાવડે મદથી ઉછળ્યા વળી બોલ્યા કે-' હુ વાસુદેવમા પહેલો, મારા પિતા ચક્રીમા પહેલા અને મારા દાદા તીર્થંકરમા પહેલા તેથી મારુ કુળ ઉત્તમ છે ' આ પ્રમાણે કહીને મનમા અત્યત કુળમદ કર્યો અને તેથી બીજ જેવા જ અકુરો થાય તેમ નીચગોત્રકર્મ બાધ્યુ ૧૧૦-૧૧૧

તે ગોત્રના અનુભાવથી અવતાર વિપ્રકુળે લહે,
જોને વિચારી તીર્થપતિને કર્મ બાધેલા નડે,
કુળમદ કરતા નીચ કુળમા જન્મ પામે જીવડા,
નીચ પણ ઉત્તમ બને નાના જ તે જે છે વડા. ૧૧૨

અર્થ —એવી રીતે બાંધેલા નીચ ગોત્રના પ્રભાવથી વીર પ્રભુ વિપ્રના કુળમાં અવતર્યા આ ઉપરથી હે જીવ ! તું વિચાર કરજે કે તીર્થપતિને પણ બાંધેલા કર્મો નડે છે–ભોગવવા પડે છે કુળનો મદ કરવાથી જીવો નીચ કુળમાં જન્મ પામે છે અને નીચ પણ ઉત્તમ બને છે કે જે પોતે વડા છતાં નાના પણ એટલે પોતામાં લઘુતા માને છે ૧૧૨

વળી નીચ ગોત્ર-કર્મના વિપાક પર જાતિમદને અંગે હરિકેશીનું દૃષ્ટાંત આપે છે—

મારી જ ઉત્તમ જાતિ છે ના અન્યની એમ મદ વહે,
હલકા ગણતા અન્યને નીચ જાતિ હરિકેશી લહે,
જીવે કર્યા બહુ જન્મ–મરણો સર્વ યોનિજાતિમાં,
સર્વ કુળમાં સર્વ ઠામે જીવ ! સમજ સંક્ષેપમાં ૧૧૩

અર્થ —'મારી જાતિ જ ઉત્તમ છે, અન્યની નહીં' એમ પૂર્વભવમાં જાતિનો મદ કરતા અને અન્યને હલકા ગણતા હરિકેશીને ચંડાળ કુળમાં–હીનજાતિમાં ઉપજવું પડ્યું હે જીવ ! તું સંક્ષેપમાં વિચારી જો કે સર્વયોનિમાં, સર્વજાતિમાં, સર્વકુળમાં અને સર્વસ્થાનકે તે અનેક જન્મ-મરણો કર્યાં છે કોઈ કુળ જાતિ, યોનિ કે સ્થાન તેં બાકી રાખેલ નથી તેથી તારે મદ કરવાપણું છે જ નહીં ૧૧૩

હવે બળ ને રૂપ મદ ઉપર દૃષ્ટાંત આપીને કહે છે—

હુંગિયાર યુદ્ધે જેહ તે બળવંત બળમદ રાખતા,
વસુભૂતિ શ્રેણિક આકરી બહુઅંત પીડા પામતા,

ચક્રી સનતના દેહની રોગિષ્ટતા મન ભાવતાં,
ડાહ્યા જનો રૂપમદ કરે ના દેખતા જ અનિત્યતા.૧૧૪

અર્થ —યુદ્ધમા વધારે પ્રવીણ હોય, બળવત હોય તે બળનો મદ કરે છે વસુભૂતિ, શ્રેણિક નૃપતિ વિગેરે બળમદ કરવાથી બહુ પ્રકારની પીડાને પામેલા છે વળી **સનતકુમાર** ચક્રીના દેહની રોગિષ્ટતા સબધી વિચાર કરતા ડાહ્યા મનુષ્યો રૂપનો મદ કરી પણ કરતા નથી તેઓ શરીરની અનિત્યતાનો જ વારવાર વિચાર કરે છે ૧૧૪

હવે તપ ને ઐશ્વર્યમદ ઉપર દષ્ટાત સાથે કહે છે —

ભૂલી સ્વરૂપ મદ તપતણો કૂરગડુ મુનીશ્વર સેવતા,
ન કરી શકે નાની તપસ્યા કર્મ એવુ બાધતા;
ઐશ્વર્ય વસ્તુ અનિત્ય જાણી તેહનો મદ છોડજે,
હેવાલ ગય દશાર્ણનો હમેશ ખૂબ વિચારજે ૧૧૫

અર્થ —કૂરગડુ મુનિએ પૂર્વભવે પોતાનુ સ્વરૂપ ભૂલી જઈને તપનો મદ કર્યો જેથી કૂરગડુ મુનિના ભવમા નાની તપસ્યા પણ ન કરી શકે એવી સ્થિતિ પ્રાપ્ત થઈ વળી ઐશ્વર્યની વસ્તુઓ પણ અનિત્ય જાણીને **દશાર્ણભદ્ર** રાજાની જેમ ઐશ્વર્યનો મદ ન કરતા ખૂબ વિચાર કરીને તે મદને પણ તજી દેજે ૧૧૫

હવે જ્ઞાનમદ ઉપર સ્થૂલભદ્રનુ દષ્ટાત કહે છે —

અલ્પજ્ઞ હુ છુ એમ લઘુતા ચિત્તમાહે રાખજે,
સ્થૂલિભદ્ર વર્ણન સાભળીને જ્ઞાનનો મદ ટાળજે,

દ્રવ્યને માત મેત્રમા વાપરીને તારા અભિમાનને દૂર કરજે, કારણ કે આવો અવસર ફરી ફરીને મળવો અત્યંત દુર્લભ છે ૧૧૯

વળી લાભમદને સેવના મનુષ્યો બિચારા નરકાદિ દુર્ગતિ જઈને પીડા પામે છે આ મગધમા છ ખંડની ઋદ્ધિ મળ્યા છતા બીજા છ ખંડ સાધવાની ઇચ્છા ધરાનનારા સુભૂમ ચક્રીનુ દૃષ્ટાંત શાસ્ત્રના પ્રસિદ્ધ છે તે વિચારવુ કર્તા કહે છે કે-ને આ નીચ આઠે મદનુ સ્વરૂપ ટૂકામા પણ સહજ વિવરણ સાથે વિચારરૂપે બતાવ્યુ છે તે વાણી મહોને ગાળનાર જીવ શુભ (ઉચ્ચ) ગોત્ર બાંધે છે અને તે સંસારસમુદ્રને તરી જાય છે-તરી ગયા છે ૧૨૦

હવે ઉચ્ચગોત્ર કેમ બંધાય છે? તે વિશેષે બતાવે છે—

નીચગોત્રકેરા હેતુને વિપરીત ભાવે સેવતા,
ગુરુદેવને શુભ ભાવથી વાદી ત્રિકાળે પૂજતા,
નમ્રતા વિનયે કરી ઉપકાર પરનો સાધતા,
સાધર્મીવાત્સલ્યે કરી ઝટ ગોત્ર ઉંચુ બાંધતા ૧૨૧

અર્થ —ઉપર નીચગોત્ર બાંધવાના નવ હેતુ કહ્યા છે તેને વિપરીત ભાવે સેવવાથી, શુભ ભાવે ગુરુને વંદન કરવાથી અને દેવાધિદેવની ત્રિકાળ પૂજા કરવાથી, નમ્રતાથી, વિનયથી, પરોપકાર કરવાથી અને સાધર્મીજનોનુ વાત્સલ્ય કરવાથી જીવ ઉચ્ચગોત્ર બાંધે છે ૧૨૧

હવે પાંચે પ્રકારનુ અંતરાય કર્મ શાથી બાંધે? તે કહે છે—

દાનમાંહે વિઘ્ન કરતા દાનવિઘ્ન જ બાંધતાં,
લાભમાંહે વિઘ્ન કરતા લાભવિઘ્ન જ બાંધતા,
ભોગમાંહે વિઘ્ન કરતા ભોગવિઘ્ન જ બાંધતા,
ઉપભોગમાંહે વિઘ્ન કરતા ભેદ ચોથો બાંધતા ૧૭૨
વીર્યમાંહે વિઘ્ન કરતા વીર્યવિઘ્ન જ બાંધતા,
એમ અંતરાય સકારણે કારણ વિના કરતા છતા
ભંડારી જેવા આઠમા એ કર્મને જન બાંધતા,
નૃપ શું કરે દાનાદિ જો ભંડારીની પ્રતિકૂળતા ? ૧૭૩

અર્થ —કોઈને દાન આપવામાં વિઘ્ન કરવાથી-દાન દેતા અટકાવવાથી દાનાન્તરાય કર્મ બંધાય છે, કોઈને લાભ થતો હોય તેમાં વિઘ્ન કરવાથી લાભાન્તરાય કર્મ બંધાય છે, કોઈને ભોગ ભોગવવામાં વિઘ્ન કરવાથી ભોગાન્તરાય કર્મ બંધાય છે કોઈને ઉપભોગમાં અંતરાય કરવાથી ઉપભોગાન્તરાય કર્મ બંધાય છે અને વીર્ય ફોરવવામાં કોઈને અંતરાય કરવાથી વીર્યાન્તરાય કર્મ બંધાય છે આમ સકારણ કે નિષ્કારણ પ્રવૃત્તિ કરવાથી પાંચે પ્રકારનું અંતરાય કર્મ બંધાય છે એ રીતે આઠમું અંતરાય કર્મ આ જીવ બાંધે છે તે ભંડારીની જેવું છે કહ્યું છે કે-જો ભંડારીની પ્રતિકૂળતા હોય તો રાજા દાનાદિ કરી શકતો નથી તેમ આ કર્મ સમજવું ૧૭૨-૧૭૩

હવે આ હકીકતને જ વિશેષે સ્પષ્ટ કરે છે—

દેવાય તેવી વસ્તુ છે શુભ પાત્ર સામો છે છતાં,
ફળ દાનનું જાણે છતા દાનાન્તરાયોદય થતા,

જીવ ના દીયે તીર્થંકર ઇમ પર્ષદામા બોલતા,
દનારને ઉત્સાહ દેતા જીવ બહુ સુખ પામતા ૧૨૪

અર્થ —દાનાંતરાયના ઉદયનુ લક્ષણ કહે છે-દેવાય તેવી વસ્તુ છે, દાન લેનાર શુભ પાત્ર છે અને દાનનુ ફળ જાણે છે છતા દાનાંતરાયના ઉદયવાળો જીવ દાન આપી શકતો નથી એમ તીર્થંકરોએ સમવસરણમા બાર પર્ષદા સમક્ષ કહેલુ છે જે મનુષ્ય દાન દેનારનો ઉત્સાહ વધારે છે તે દાનાંતરાય તોડે છે અને અનેક પ્રકારના સુખો પામે છે ૧૨૪

ઇષ્ટ વસ્તુ મળે નહીં લાભાન્તરાયોદય થતા,
ભોગ્ય અર્થ ન વાપરે ભોગાન્તરાયોદય છતા,
ઉપભોગ વિઘ્ને કરી ના વાપરે ઉપભોગ્યને,
વીર્યવિઘ્ને અલ્પકાર્યે ફોરવે ના વીર્યને ૧૨૫

અર્થ —લાભાંતરાયનો ઉદય થાય ત્યારે જીવને ઇષ્ટ વસ્તુનો લાભ મળી શકતો નથી ભોગાંતરાયનો ઉદય થતા ભોગવવા યોગ્ય વસ્તુને ભોગવી શકતા નથી ઉપભોગાંતરાયનો ઉદય થતા વારવાર ભોગવી શકાય એવી વસ્તુનો ઉપભોગ લઈ શકતો નથી અને વીર્યાંતરાયનો ઉદય થતા અલ્પ કાર્યમા-સામાન્ય કાર્યમા પણ વીર્ય ફોરવી શકતો નથી ૧૨૫

આ પ્રમાણે પાચે પ્રકારના અંતરાય કર્મના ઉદય વખતની જીવની પરિસ્થિતિ સમજવી

હવે કર્મબંધના હેતુભૂત પાચ પ્રકારના આશ્રવો છે આશ્રવના સબંધમા કહે છે —

એ કારણોનુ આશ્રવો એવુ જ બીજુ નામ છે,
એથી જ સસારે ઘણી આપત્તિ નિત્ય પમાય છે;
દીર્ઘ ગઢનાળા સમા એ આશ્રવોને જાણજે, -
જીવરૂપ તળાવ પાણી કર્મ છે ઇમ જાણજે. ૧૨૬
દીર્ઘ ગઢનાળે કરી જળનો પ્રવાહ તળાવમા,
જિમ આવતો તિમ આશ્રવે કરી આત્મરૂપ તળાવમાં;
કર્મરૂપ જળ આવતુ તે રોકવાને સવરો,
નિત સેવવા શુભ ભાવથી ઇમિ બોલતા તીર્થ કરો.૧૨૭

અર્થ —કર્મબધના હેતુઓનુ બીજુ નામ આશ્રવ છે આશ્રવોના સેવનથી જ આ સસારમા જીવ ઘણી આપત્તિઓ પામે છે એ આશ્રવોને તારે મોટા ગઢનાળા (ગરનાળા) સમાન જાણવા, જીવરૂપ તળાવ જાણવુ અને કર્મરૂપ પાણી જાણવુ એ મોટા ગઢનાળાઓવડે જળનો પ્રવાહ જેમ શહેર બહાર રહેલા તળાવમા જાય છે તેમ આશ્રવોએ કરીને આત્મરૂપ તળાવમા કર્મરૂપ જળનો પ્રવાહ આવે છે તે આવતા જળને રોકવા માટે ભગવતે સવરો બતાવ્યા છે અને તેને શુભ ભાવથી નિરતર સેવવાનુ શ્રીતીર્થ કરોએ ઉપદેશેલુ છે ૧૨૬-૧૨૭

આશ્રવ ને સવરની વિશેષ સમજણ આપે છે —

મન વચન કાયાની ક્રિયા તે યોગ લક્ષણ જાણિયે,
યોગ આશ્રવ તેમ બધન હેતુ ભિન્ન ન જાણિયે,
મૈત્રી વિગેરે ભાવનાથી કર્મ શુભ બધાય છે,
વિકથા કષાયો સેવતાં કર્મો અશુભ બધાય છે. ૧૨૮

અર્થ—મન, વચન ને કાયાની ક્રિયા તે યોગનું સ્વરૂપ જાણવું. યોગરૂપી આશ્રવ તે જ બંધના હેતુ છે, તેથી એ બંનેને એક જ સમજવા. મૈત્રી વિગેરે ભાવનાઓથી શુભ કર્મ બંધાય છે અને મિથ્યા કષાયાદિનું સેવન કરતા અશુભ કર્મો બંધાય છે ૧૨૮

હવે મૈત્રી વિગેરે ચાર ભાવનાનું સ્વરૂપ કહે છે—

દુરિત કોઇ ન આચરો સઘળા જનો સુખીઆ બનો,
સર્વ પામો સુખ એવા ભાવના મૈત્રી સુણો,
આ ભાવનાવાળો ખમાવે અન્યને પોતે ખમે,
નિજ પર વિષે ના ભેદ માને સર્વને પ્રેમે નમે ૧૨૯

અર્થ—'કોઇ મનુષ્યો કે જીવો પાપ ન કરો અને સર્વે જીવો સુખી થાઓ-સર્વ જીવો સુખ પામો, કોઇ દુઃખ ન પામો' આવી ભાવના તે મૈત્રી ભાવના સમજવી. આ ભાવનાવાળો પોતે ખમે ને અન્યને ખમાવે, સ્વપરમાં ભેદ ન માને અને સર્વને પ્રેમપૂર્વક નમસ્કાર કરે ૧૨૯

હવે પ્રમોદ ભાવનાનું સ્વરૂપ કહે છે—

સર્વ દોષો ટાળનારા વસ્તુતત્ત્વ વિલોકતા,
ઇમ નાણકિરિયા બેઉને નિર્વાણ હેતુ માનતા;
ગુણવંત જનના ધૈર્ય દમ શમ ઉચિતતા ગંભીરતા
વિનયાદિ ગુણને જોઇને પોતે હરખથી વાહતા. ૧૩

આવો પધારો આસને મીઠા વચન ઇમ ઉચ્ચરે,
ગુણ પામવા તે પૂજ્યના ગુણના વખાણ સ્તુતિ કરે

દ્રવ્ય ભાવે ભક્તિ કરતા હર્ષ સાચો મન ધરે,
એ ભાવના સુપ્રમોદની શ્રાવક પ્રભાતે ઉચ્ચરે. ૧૩૧

અર્થ —સર્વ દોષોને તજનારા, વસ્તુતત્ત્વનો વિચાર કરનારા, તમજ જ્ઞાન-ક્રિયા બન્નેને મોક્ષના હેતુપણે માનનારા એવા ગુણીજનના ધૈર્ય, ઇન્દ્રિયદમન, શાંતિ, ઉચિતતા, ગભીરતા અને વિનયાદિ ગુણો જોઇને કહે કે-આવો, પધારો, આ આસનને શિરાજો આવા મીઠા વચનો બોલે અને તેવા ગુણ મેળવવા માટે તે ગુણીજનોના વખાણ કરે--સ્તુતિ કરે, દ્રવ્ય ભાવથી ભક્તિ કરે અને મનમા સાચો હર્ષ ધારણ કરે આવી ભાવનાને પ્રમોદ ભાવના કહીએ શ્રાવક હંમેશા પ્રભાતે આ ભાવના ભાવે-તે સંબંધી વિચાર કરે ૧૩૦-૧૩૧

હવે કરુણા ભાવનાનુ સ્વરૂપ કહે છે —

નિજ કર્મના ઉદયે થયા દુઃખિયા જનોને જોઇને,
ભવજલધિ તરવા તુબડા એ એમ દિલમા ભાવીને,
કરુણા કરે બે ભેદથી નિજ દ્રવ્યના ભોગે કરી,
પરને બચાવે દ્રવ્ય કરુણા પાળવી હોંગે કરી. ૧૩૨
નહિ ધર્મ પામેલા જનોને શુદ્ધ ધર્મ પમાડવો,
જિન ધર્મ પામેલા જનોને સ્થૈર્ય ભાવ પમાડવો,
પ્રેમપૂર્વક શાંતિથી નિત સ્મારણા મુખે કરી,
પણ ઉત્સાહી બનાવે ભાવના કરુણા ખરી. ૧૩૩

અર્થ —પોતપોતાના પૂર્વબદ્ધ કર્મના ઉદયવડે દુખિયા

થયેલા જીવોને જોઇને, ભવસમુદ્ર તરવા માટે આ ...
તુબડા સમાન છે, એમ ચિત્તમા વિચારીને પોતાના
ભોગે કરીને પણ એવા જીવો ઉપર બને પ્રમાણે ...
એટલે પ્રથમ તો એવા જીવોને શરીર વિગેરેના દુઃખ...
બચાવ—આ પ્રમાણે હોંશથી કરવુ તે દ્રવ્ય કરુણા કહેવાય

હવે ભાવકરુણા કહે છે-ધર્મ નહીં પામેલા જીવોને ...
ધર્મ પમાડવો અને જૈનધર્મ પામેલાઓને ધર્મમા સ્થિર
કરવા પ્રેમપૂર્વક લાગણીથી નિરતર આવી ભાવના ભાવીને
પોતાના આત્માને એવા કાર્યમા પૂર્ણ ઉત્સાહી બનાવવો
કરુણા ભાવના કહે છે ૧૩૨-૧૩૩

અજ્ઞાનથી શાસ્ત્રો પ્રવર્તાવે કરી કુવિકલ્પના
પોતે ડૂબે પરને ડૂબાવે દેઇ ખોટી દેશના,
કરુણાજનક તે દીન જીવો એ પ્રવૃત્તિ છોડીને,
સન્માર્ગ પામો એમ ભાવો નિત્ય કરુણાભાવને ૧
પ્રભુ વીરજિન મરીચિ ભવે ઉન્માર્ગ કેરી દેશના,
દેઇ જે ભવમા ભમે સાગર સુધી બહુ કાળના,
તો પાપપુજે બાધનારા આ બિચારા જીવની,
શી ગણત્રી એમ ભાવો ભાવના એ દીનની ૧

અર્થ —અજ્ઞાનવડે કુવિકલ્પવાળા પાપશાસ્ત્રો ...
પ્રવર્તાવે અને ખોટી દેશના આપીને ... ... ને
... માટે એવા જીવો કરુણા ...
પોતાની આવી ...
નિરતર ...

તુઓ વીરપરમાત્માનો જીવ પણ મરીચિના ભવમા અને
પ્રીના ભવોમા પણ ઉન્માર્ગની દેશના આપીને અહુકાળ
એક કોડાકોડ સાગરોપમ પર્યંત સસારમા ભમ્યો,
ાછી આ બિચારા પાપના પુજોને એકઠા કરનારા જીવોની
પારે શું ગણવી છે ? આ પ્રમાણે વિચારવુ તે કરુણા
ા સમજવી ૧૩૪-૧૩૫

વળી કરુણા ભાવના વિષે જ વિશેષ કહે છે —

ાગ સાધન પામવાને દોડધામ કરે ઘણી,
મળ્યા તે ભોગવી તૃષ્ણા ધરે ઊંડમા ઘણી,
ળી જેહ જન હિતકારી વસ્તુ કોઇ દિન ના સેવતા,
હિત વસ્તુ ના તજીને વિવિધ પીડા પામતા. ૧૩૬
ન પામવા પીડા સહે પામેલ દ્રવ્ય બચાવવા,
ીડા સહે વપરાય તો સ કલ્પ કરતા નવનવા,
ાહ્ય લાગે ચોર ચોરે રાજદંડે ધન જતા,
વિવિધ પીડા ભોગવે તે આર્ત્તજન જિન બોલતા. ૧૩૭
તેવા જનોને જોઇ આ ચચળ હૃદયના માનવો,
બહુ કાળ વિષયો ભોગવે તોયે વિકલ્પ કરી નવો,
મનોપ પામે ના બિચારા માખી જિમ બળખા વિષે,
ચોંટે વિષય બળખા વિષે ચોટી જુએ ચારે દિશે. ૧૩૮
પ્ય કયે તે આર્ત્તજનને પ્રશમ અમૃત પાઇને,
વીતરાગપણુ હુ તો પમાડુ ચરણપથે જોડીને;

એવા સમય પામીને જ્યારે સકળ તે દિનગતને,
માનીશ ભાવો એમ કરુણા ભાવનાના ભેદને ૧૩

તીર્થંકરપણુ પ્રાપ્ત કરાવનારી અનુપમ કરુણા ભાવના બતાવે છે.

અર્થ—આ જગતના જીવો ભોગના સાધનો મેળવવા માટે ઘણી દોડાદોડ કરે છે જે મળે છે તે ભોગવે છે અને તેની તૃષ્ણા હૃદયમાં વધતી જ જાય છે વળી પોતાને હિતકારી વસ્તુને કોઇ દિવસ જાણતા નથી તેમ અહિતકારી વસ્તુ તજતા નથી તેથી ઘણી પીડા પામે છે વળી ધન મેળવવા માટે ઘણી પીડા સહે છે, પામેલાનું રક્ષણ કરવા માટે પણ ઘણી પીડા સહે છે અને તેમાથી વપરાય છે તો અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે છે તેમજ અગ્નિ લાગવાથી, ચોરના ચોરી જવાથી કે રાજદંડ થવાથી જ્યારે ધન જાય છે-નાશ પામે છે ત્યારે પણ તે આર્તધ્યાનથી ઘણી પીડા સહન કરે છે એમ જિનેશ્વર કહે છે તેવા મનુષ્યોને જોઇને આ ચંચળ હૃદયના મનુષ્યો બહુ કાળ સુધી વિષયો ભોગવે છે છતાં નવા નવા વિકલ્પો-ઇચ્છાઓ કરે છે સંતોષ પામતા નથી તે વિષ્ટાની માખી જેમ બળખામાં ચોંટે છે તેમ વિષયરૂપ બળખામાં ચોંટે છે અને પછી ચારે દિશા તરફ વ્યાકુળવ્યાકુળ જોયા કરે છે તીર્થંકર થનાર જીવ આવા જીવોને જોઇને વિચાર કરે છે 'આના સંસારમાં પીડાતા જીવોને કઇ રીતે પ્રશમામૃત પીવરાવું અને ચારિત્રને માર્ગે જોડીને વાતરાગપણું પમાડું ? હું ક્યારે એવો સમય પામીશ ત્યારે તે દિવસને તેમજ રાત્રીને સફળ માનીશ' હે જીવો ! તમે પણ આવી અપૂર્વ કરુણા ભાવના ભાવીને તમે પણ તેથી વનો અપૂર્વ લાભ મેળવો ૧૩-

વગી એ જ ભાવના ભાવે છે કે —

વિવિધ ભયના હેતુથી બીકણ બનેલા બાળને,
તિમ વૃદ્ધને નિર્ભય બનાવુ નિત પમાડી ધૈર્યને,
અન્યને ના ત્રાસ દેતા ભય દીયે ના જે નગ,
તેઓ ન પામે ત્રાસ ભય ને સંકટો વળી આકગ. ૧૪૦
મગ્ણ સન્મુખ જે રહેલા સ્વધન આદિ વિયોગને,
ગણતા અનિષ્ટ મગ્ણતણા જે ભોગવે બહુ દુઃખને,
ભય ટાળનારા જિન વચનને સભળાવી તેમને,
નિર્વાણ લાયક હુ બનાવુ એમ કરુણા ભાવને. ૧૪૧

અર્થ —વિવિધ પ્રકારના ભયના હેતુ પ્રાપ્ત થવાથી બીકણ બની ગયેલા મનુષ્યોને–બાળકને તેમજ વૃદ્ધને નિર્ભય બનાવુ, તેમને નિરતર ધીરજ આપુ, તેમને સમજાવુ કે–'અન્ય જીવોને જે ત્રાસ કે ભય આપતા નથી તેઓ ત્રાસ કે ભય તેમજ આકગ સકટો પામતા નથી '

વગી મગ્ણને સન્મુખ થયેલા જે મનુષ્યો સ્વધન આદિનો વિયોગ થવાના કારણે મગ્ણને અનિષ્ટ માને છે અને બહુ પ્રકારના માનસિક તેમજ કાયિક દુ ખો ભોગવે છે, તેને સર્વ ભયને ટાળનાર એવા જિનવચનો સભળાવીને નિર્વાણને–મોક્ષને લાયક બનાવુ આવી કરુણા ભાવના નિરતર ભાવવી ૧૪૦–૧૪૧

હવે ચોથી માધ્યસ્થ ભાવના સબધી કહે છે —

ઋષિ નાગ્ની હત્યા કરે જે બાળની હત્યા કરે,
ખાતા અભક્ષ્ય અપેય પીએ દેવગુરુ નિદા કરે,

ખોટી બડાઇ નિજતણી જે જન કરે પર તેહની,
રાખે ઉપેક્ષા ભાવ ને માધ્યસ્થતાની ભાવના ૧૪૨

અર્થ —જે મનુષ્યો ઋષિહત્યા કરે, સ્ત્રીહત્યા કરે, બાળહત્યા કરે, અભક્ષ્યનુ ભક્ષણ કરે, અપેયનુ પાન કરે, દેવગુરુની નિંદા કરે અને પોતાની ખોટી બડાઈ કરે એવા જનોની જે ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય ભાવના કહેવાય છે ૧૪૨

ઉત્તમ મનુષ્યો વિચાર કરે છે કે —

જિનધર્મથી મૂકાયલો હુ ચક્રીપણુ ના વાછતો,
જિનધર્મથી વાસિત થયેલુ દાસપણુ હુ ચાહતો,
જિનધર્મહીણા ચક્રીઓ બહુ ઘોર પાપો આચરી,
નરકે રીબાયે તેહની એ ચક્રિતા ગણુ ના ખરી ૧૪૩,

અર્થ —જૈન ધર્મથી રહિત એવુ ચક્રીપણુ પણ હુ ઇચ્છતો નથી, પરતુ જિનધર્મવાસિત દાસપણુ હુ ઇચ્છુ છુ, કારણ કે જૈનધર્મ રહિત એવા ચક્રીઓ અનેક પ્રકારના ઘોર પાપો કરીને સુભૂમ ને બ્રહ્મદત્ત ચક્રીની જેમ નરકે જાય છે અને ત્યા અનેક પ્રકારના દુ ખોથી રીબાય છે તેથી તેવા ચક્રીપણાને હુ સાચુ ચક્રીપણુ માનુ જ નહીં ૧૪૩

લાભાન્તરાયતણા જ ઉદયે જીવ દાસપણુ લહે,
જિન ધર્મની શુભ સાધનાથી કર્મ આઠે ઝટ દહે,
ઇમ ભાવના નિત ભાવતા તિમ તે પ્રમાણે વર્તતા,
જે જનો શુભ કર્મ બાધે નિર્જરા પણ સાધતા ૧૪૪

અર્થ —લાભાન્તરાયના ઉદયથી આ જીવ દાસપણું પામે અને જૈન ધર્મની સારી રીતે આરાધના-સાધના કરવાથી જીવ આઠે પ્રકારના કર્મોને અલ્પ કાળમાં બાળી નાખે છે આવી ભાવના નિરંતર ભાવતા અને તે પ્રમાણે વર્તતા અનેક ભવ્ય જીવો શુભ કર્મ બાંધે છે અને નિર્જરા પણ કરે છે ૧૪૪

આસ્રવો સંબંધી જ વિશેષ કહે છે —

સૂત્રને અનુસાર સાચા વયણ નિત્યે બોલતા,
શુભ કર્મ બાંધે અશુભ પણ વિપરીત ભાવે વર્ત્તતા,
કાયાથકી શુભ કાર્ય કરતા કર્મ શુભ બંધાય છે,
આરંભથી હિંસા થતા કર્મો અશુભ બંધાય છે. ૧૪૫

અર્થ —સૂત્રને અનુસરીને સાચા વચનો બોલવાથી જીવ શુભ કર્મ બાંધે છે અને તેથી વિપરીતપણે અસત્ય વચનો બોલવાથી અશુભ કર્મો બાંધે છે કાયાથી પણ શુભ કર્મ કરતા શુભ કર્મ બંધાય છે અને કાયાવડે આરંભ કે હિંસાદિ કરવાથી અશુભ કર્મો બંધાય છે ૧૪૫

વિષય યોગ પ્રમાદ અવિરતિ આર્ત્ત રૌદ્ર ધ્યાન એ,
મિથ્યાત્વ મોહ કષાય જાણો અશુભ કર્મ નિમિત્ત એ,
કે જીવ એ સંસારમાં રખડાવનાર જાણીને,
તેથી સદા અળગો રહી આરાધ શ્રી જિનધર્મને. ૧૪૬

અર્થ —પાંચ ઇંદ્રિયોના વિષયો, મન-વચન-કાયાના યોગ, નિદ્રા, વિકથા વિગેરે પ્રમાદ, અવિરતિ, આર્ત્તરૌદ્રધ્યાન, મિથ્યાત્વ અને મોહ કષાય વિગેરે અશુભ કર્મના નિમિત્ત [illegible]

[illegible]

પ્રભુ વીર ત્રિપુરી શુદ્ધ ભિન્ન આપના નવિ ઉદ્ધરે
ઉત્કૃષ્ટ ગનુ પ્રમાદ ને તેના નિરન્તર ? અને
શુભ ચિત્ત [illegible] નદિન શાસ્ત્રોક્ત [illegible]
એ ભાવહીન [illegible] દિનમાર્ગમાં નિજ ચિત્તને ૧૭

અર્થ — [illegible] જ્ઞાન, દર્શન [illegible]
[illegible] ત્રિપુરી [illegible] તેમના [illegible]
તે [illegible] ઉત્કૃષ્ટ [illegible] પ્રમાદ [illegible]
નિરંતર [illegible]
[illegible] ઉપનય [illegible]
ચિન્તન [illegible] દિનમાગ [illegible] ૧૭

[illegible]

જિમ ધાતુવાદી જના ગયા જ્યા તિમિરની નાડી મહીં
તે ગિરિ ઉપર દીવા વડે ને માર્ગથી ગુફાનમાં,
ચાનતા દીવા બૂઝાણા નિજ પ્રમાદપણે કરી,
આવ્યો જ ગનુ એદ ન કરે વોગની વાણી ખરી ૧૮
આવી પડ્યા વિકરાળ પન આમનેમ ને આગે,
દેખેન મારગ પૂર્વનો ને ગોતના પણ નવિ જડે
મળ્યો દુઃખ પાર્ડ પડ્યા ને અનિમિ યમના થયા,
[illegible] પ્રમાદે પણ તાદની કરી એ દના પ્રભુ કહી ગયા ૧

સમજાવવાને સ્પષ્ટ ઘટના હુ કહુ તે સમજજે,
શ્રુતબોધ દીવો તેહ મળશે કર્મલાઘવથી જ જે;
તેથી કળીને માર્ગ શિવનો જીવ પ્રમાદ કરે પડી,
ને ના ખબર તે દીપની બૂઝી ગયો તિણ તે વડી. ૧૫૦
ગાય મિથ્યાભાવ તિમિરે લોભ સર્પ ડસ્યો તિહાં,
દુ ગતિ ખાડે પડી ભૂલે સુપંથ ગયો કિહાં ?
ાગી ગયો જિન ધર્મ પામ્યો પણ ન પામ્યા જેહનો,
વિત્તાદિની આસક્તિથી પામે ન અવસર એહવો. ૧૫૧

અર્થ —કોઇ ધાતુવાદી મનુષ્યો ત્યા ગયા કે જ્યા અંધ
ર ઘણો હતો હાથમા દીવાઓ લઇને પર્વત ઉપર જતા ને
ામા પ્રવેશ કરતા પ્રમાદના કારણથી દીવાઓ બૂઝાઇ ગયા
ોર પ્રભુએ કહ્યુ છે કે આ જીવનો પ્રમાદ જ ખરો શત્રુ છે તે
ીમન અહીં સિદ્ધ થઇ, કેમકે પ્રભુની વાણી નિશ્ચિત જ હોય
છે પછી તે ધાતુવાદીઓ ભયંકર માર્ગમા આવી પડવાથી
આમતેમ આથડવા લાગ્યા પૂર્વે માર્ગ દીઠેલો છતા પણ અંધ
કાર થઇ જવાથી તેમને ગોતતા પણ તે માર્ગ જડ્યો નહીં એટલે
તેમાથી કેટલાને સર્પોએ ડસ્યા, કેટલાક ખાડામા પડી ગયા અને
ર્ણામે બધા યમરાજાના અતિથિ થયા—મરણ પામ્યા હે
જીવ! આ પ્રમાદે પણ તારી એવી દશા કરી છે આમ પ્રભુ
કહી ગયા છે હવે તને સમજાવવાને આ દૃષ્ટાંતની હુ સ્પષ્ટ
ઘટના કરુ છુ તે તુ બરાબર સમજજે અને ધ્યાનમા લેજે

શ્રુતબોધરૂપ દીવો તે આ જીવને કર્મોની લાઘવતાથી પ્રાપ્ત
થાય જ તે દીવાવડે મોક્ષનો માર્ગ જાણ્યા છતા પ્રમાદમા પડીને

જો જીવો તે ગીતાની ખબર ન લેય તો તે દી
એટલે જ્ઞાનનો અભાવ થતા અને મિથ્યાત્વ
વિસ્તાર પામતા જીવ મુઝાય છે, તેને લોભરૂપ
દુર્ગતિરૂપ ખાડામા પડે છે, પછી બોલે છે કે–અરે
સુપથ–સન્માર્ગ ક્યા ગયો ? હુ જૈન ધર્મ પા
ન પામ્યા જેવુ થયુ ! હુ ભવ હારી ગયો !
આસક્ત થઈ ગયો ! હવે ફરીને મને એવો
મુશ્કેલ થઇ પડ્યો ૧૪૮–૧૫૧

એ વખતે જીવ વિચાર કરે છે કે —

સૂવે કદી અવિવેકી જીવો તુ ન સૂઈશ
ગાડર પ્રવાહે મુખ નહી ઇમ માનતા ડા
મહનિયાની કાણમા રાણી નૃપતિ આદિ
બીના ગધેડીના શિશુની સાભળી દિલગીર

અર્થ —હે જીવ ! કદી અવિવેકી જીવો લ
દમા પડે પણ તુ સૂઈશ નહીં–પ્રમાદમા પડીશ ન
ડાહ્યા મનુ પો ગાડરપ્રવાહે ચાલનામા સુખ માનતા
ગાગરીયા પ્રવાહ ઉપર મ નીઆની કાણનુ દષ્ટાન્ત આ

એક રાજાની રાણીને કોઈ કુભારણની સાથે બે
હતા તે દરરોજ રાણી પાસે આવતી ને કલાક બે
આનદ કરાવતી એક દિવસ તે ન આવી તેથી રાણ
ખબ કાઢવા મોકલી તેણે જોયુ તો ઘરના બારણા
ઓઢી કુભારણ પોતાના મહનીયાને માટે રૂએ છે
આવી   વાત કરી રાણીએ વિચાર્યું કે–અ

સુણજે અગડદત્તાદિના દૃષ્ટાન્ત શ્રી ગુરુની કને,
ઉદયે ધરી તજ ઠોકરે દુઃખદાયી એહ પ્રમાદને,
જે ઉચિત કાર્યો ધીર સાધે આશુપ્રજ્ઞ' તે જાણવું,
તેના જનોનો સંગ પામી અપ્રમાદી તું થજે ૧૫૪

અર્થ—હે જીવ! તું ધમ્મિલ ચરિત્રાદિમાં અગડદત્ત મુનિ વિગેરેની કથા આવે છે તે સાંભળજે, તેને હૃદયમાં ધા... કરજે અને દુઃખદાયી એવા પ્રમાદને તરછોડજે–તજી દેજે ... મનુષ્યો ઉચિત કાર્યો શીઘ્રપણે સાધે છે–કરે છે તેને ... આશુપ્રજ્ઞ સમજવા તું તેના જનોનો સંગ કરીને–... અપ્રમાદી થજે ૧૫૪

જે કાળ ગેહ દગો કરે ને માણસ નિર્દયપણે,
તેને ન જીતે કોઈ બળથી જાણજે નિશ્ચયપણે,
ઘટતી જ જાયે શક્તિ તનુની કાળ અવસર્પિણીતણો,
હે ભાઈ! માટે માન શિખ મુજ સમય આ તુજ હિતતણો.

અર્થ—હે ભાઈ! આ કાળ મહાભયંકર છે તે નિર્દય પણે અનેક જીવોના પ્રાણનું હરણ કરે છે, તેને કોઈપણ પ્રાણી બળવડે જીતી શકે એમ નથી, એ તું નિશ્ચયથી જાણજે વળી આ અવસર્પિણી કાળ હોવાથી દિનપ્રતિદિન શરીરની શક્તિ પણ ઘટતી જાય છે માટે તું મારી શિખામણ માનીને ધર્મકરણીમાં ઉદ્યમવંત થો કારણ કે આ વખત તારા હિતનો છે ...રીને મળવો દુર્લભ છે ૧૫૫

૧–બુદ્ધિમાન

અપ્રમાદી રહેવા ઉપર ભારંડ પક્ષીનુ દષ્ટાંત આપે છે —

ક જુદી ચરણ ત્રણ તિમ ઉદર જેને એક છે,
ાલી મનુજના જેહવી ભારંડ પક્ષી તેહ છે,
મન્ન ફળ ખાવાતણી ઇચ્છા થતા મૃત્યુ લહે,
પ્રિય જીવનકાજે તેહ પક્ષી સાવચેત સદા રહે ૧૫૬

અર્થ —ડોક એટલે મુખ બે, પગ ત્રણ અને ઉદર-પેટ
ક એક છે, ભાષા મનુષ્ય જેવી બોલે છે તેનુ નામ ભારંડ
ી કહેવાય છે તેમા જીવ બે હોવાથી તેને જ્યારે ભિન્ન ભિન્ન
ા ખાવાની ઇચ્છા થાય છે ત્યારે તે મરણ પામે છે, પરંતુ
ાના પ્રિય જીવનને માટે તે નિરંતર સાવચેત રહે છે-કાયમ
મમાદી રહે છે ને પક્ષીને નિદ્રા જ હોતી નથી, માટે તુ પણ
વો અપ્રમાદી થા ૧૫૬

ત નિમિત્તે જ ઉપદેશ આપે છે કે —

તુજ ધર્મજીવન કાજ ચેતન ! અપ્રમાદ દશા ધરી,
શાસન બગીચામા સફર કર એજ કરણી છે ખરી,
પરવસ્તુનો અભિલાષ તે દુઃખ આકરુ તુ જાણજે,
નિસ્પૃહા ગુણ ધારીને સાચા સુખોને પામજે. ૧૫૭

અર્થ —હે ચેતન ! તુ તારા ધર્મજીવનના રક્ષણ માટે અપ્ર
માદ દશા ધારણ કરીને શાસનરૂપ બગીચામા-ફૂલવાડીમા ભ્રમણ
કર એ જ સાચી કરણી છે આ જગતના જીવોને પરવસ્તુનો
અભિલાષ તે જ મહાદુ ખરૂપ છે, એમ જાણીને તુ નિસ્પૃ
હતા ગુણને ધારણ કરી સત્ય સુખને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરજે ૧૫૭

સુણજે મના જિનવયણને એથી જ આત્મિક ઉન્નતિ,
જિનવયણ ત્રિપુટીશુદ્ધ તે આપે સદાયે સન્મતિ,
દૂર હઠાવે આધિ વ્યાધિ તિમ ઉપાધિ ઝેરને,
નોળવેલ સમુ કહ્યું તીર્થંકરે એ કારણે ૧૫૮

અર્થ—હે આત્મા! તું નિરંતર જિનવચનને સાંભળજે, તેના વડે જ આત્મિક ઉન્નતિ થવાનો સંભવ છે. જિનવચન કે જે ત્રિપુટી શુદ્ધ છે તે જ આ જીવને નિરંતર સન્મતિ આપનાર છે અને તે આધિ, વ્યાધિ અને ઉપાધિના ઝેરને દૂર હઠાવનાર છે. તીર્થંકરોએ તે જ કારણે તે ત્રિપુટીશુદ્ધ ધર્મને નોળવેલ સમાન કહેલ છે. નોળીયાને સાપ ડંશ મારે ત્યારે તે નોળવેલ નામની વનસ્પતિ-ઔષધિને સુંઘી આવે છે જેથી સર્પનું ઝેર તેને ચડતું નથી, તેમ આ ત્રિપુટીશુદ્ધ* વીરવચન પણ એવું છે કે જે જીવોને આધિ, વ્યાધિ ને ઉપાધિરૂપ ઝેર ચડવા દેતું નથી-તેના ઝેરનો વિનાશ કરે છે. ૧૫૮

દોરા પ્રમુખને પાસલા જેવા ગણી ભારંડ આ,
ચાલે યથા તિમ દુષ્ટ સંકલ્પો તથા ભાષા ક્રિયા,
કર્મબંધન હેતુ જાણી અપ્રમાદી થઈ સદા,
ચારિત્રરૂપી વ્હાણની રક્ષા કરી લે સંપદા ૧૫૯

અર્થ—ભારંડપક્ષી જેમ સામાન્ય દોરા પ્રમુખને પણ પાશલા જેવા જાણી તેનાથી દૂર રહે છે તેમ હે જીવ! તું પણ દુષ્ટ

* અહીં ત્રણ ત્રિપુટી-જ્ઞાન દર્શન ચારિત્રરૂપ ત્રિપુટી સમજવી અથવા કષ, છેદ ને તાપવડે શુદ્ધ ધર્મ તે ત્રિપુટીશુદ્ધ ધર્મ સમજવો

સ્ક પો, અનિષ્ટ ભાષા અને અશુભ ક્રિયાને કર્મબંધનના હેતુરૂપ જાણી, તેનાથી દૂર રહી અપ્રમાદી થઈને નિરંતર ચારિત્રરૂપ મત્રહ્ણની રક્ષા કરી આત્મસંપદાને મેળવ ૧૫૯

આ દેહ દોષોથી ભરેલો છે સદાયે તે છતા,
જ્ઞાનાદિનો શુભ લાભ તેથી જ્યાસુધી મુનિ પામતા;
ત્યાંસુધી તનને ટકાવે અન્નપાનાદિક બળે,
ઉપક્રમ અકાળે જિમ ન લાગે તેમ વરતે પળપળે. ૧૬૦
છેવટ સમય મુનિ એમ જાણે આ શરીરતણા બળે,
પેદાશ ગુણની ના થતી ને નિર્જરા પણ ના મળે,
હોવે ન ધર્મધ્યાન ઉત્તમ એમ નિર્ણય શુભ કરી,
કર્મમળ હરે કરે સાપેક્ષતા તનની હરી ૧૬૧

અર્થ —આ શરીર જો કે દોષોથી ભરેલુ છે તથાપિ તેનાવડે જ્ઞાનાદિનો શુભ લાભ પામી શકાય છે, એમ જાણી જ્યાસુધી મુનિ તેનાથી જ્ઞાનાદિનો લાભ પામી શકાય ત્યા સુધી તેને અન્નપાનાદિવડે પાળે છે ને ટકાવે છે કે જેથી અકાળે કાંઈ ઉપક્રમ ન લાગે આવુ વર્તન કાયમ રાખ્યા કરે. છેવટ જ્યારે મુનિ એમ જાણે કે હવે આ શરીરના બળવી કાંઈ પણ ગુણની–લાભની ઉત્પત્તિ–પ્રાપ્તિ થતી નથી અને નિર્જરા પણ થતી નથી તેમ જ ઉત્તમ ધ્યાન પણ થઈ શકતુ નથી ત્યારે એ વાતનો નિર્ણય કરીને, શરીરની સાપેક્ષતા તજી દઈને કર્મમળને દૂર કરવાનો–અનશન કરવાનો વિચાર કરે છે અર્થાત્ આ શરીરને પણ તજી દે છે ૧૬૦–૧૬૧

પ્રભુ આ પ્રસંગે ઉચ્ચરે મંડિકના દૃષ્ટાંતને,
લૂંટેલ ધનને પામવા મૂળદેવ નૃપ એ ચોરને,
નિજ પાસ રાખે કામ સરતાં શૂળીની શિક્ષા કરે,
ઇમ લાભ જાણી દેહ રક્ષણ સર્વદા ગુણીજન કરે ૧૬

અર્થ —પ્રભુએ આ પ્રસંગ ઉપર મંડિક ચોરનું દૃષ્ટાંત કહ્યું છે તે આ પ્રમાણે —એક મંડિક નામે ચોર હતો તેને મૂળદેવ નામના રાજાએ પકડી, પોતાને વશ કરી કાંઈ પણ શિક્ષા ન કરતાં પોતાની પાસે રાખ્યો અને તેને મનાવી-સમજાવીને તેણે જેટલું દ્રવ્ય ચોરીવડે પ્રજાજનોનું લુંટ્યું હતું તે બધું મેળવ્યું પછી કામ સરી રહેતા તેને શૂળીની શિક્ષા કરી એમ શરીરથી થતો જ્ઞાનાદિનો લાભ જાણીને ગુણીજનો પણ આ શરીરનો સર્વદા રક્ષા કરે છે અને જ્યારે તેનાથી લાભની પ્રાપ્તિ થતી બંધ થાય છે ત્યારે તેને વોસિરાવી દે છે અહીં ઉપરનું દૃષ્ટાંત ઘટાવવું ૧૬૨

ગુરુબુદ્ધિને અનુસાર સઘળા સૂત્રના અર્થો થતા,
એવું વિચારી ભવ્ય જીવો આણ ગુરુની પાળતા,
ખોટો કદાગ્રહ રજ ન રાખે એમ ટાળી ક્લેશને,
કર્મબંધથકી બચી જે સાચવે શુભ શીલને ૧૬૩

તે નિર્જરા પુષ્કળ લહે નિર્વાણ થોડા સમયમાં,
જનતા ગણે કલ્યાણ તેના નામકેરા જાપમાં,
આપમતિએ ચાલનારા જન કદાગ્રહમાં પડી,
પામે અનંતા ભવ અનર્થો ભોગવે બહુ રડી રડી ૧૬૪

અર્થ—ગુરુમહારાજની બુદ્ધિને અથવા બોધને અનુસારે
[illegible] સૂત્રાદિના અર્થો થાય છે એવુ વિચારીને ભવ્ય જીવો
[illegible]મહારાજની આજ્ઞા પાળે છે અને તેમની પાસે રહી બોધ
[illegible]રે છે એઓ કદાગ્રહ રજમાત્ર પણ રાખતા નથી, કલેશને
[illegible] તજી જ દે છે તેવા શુભ આચારને પાળનારા જીવો કર્મ-
[illegible]થી બચી જાય છે અને કર્મોની નિર્જરા પણ પુષ્કળ કરે
[illegible] પ્રાતે અ૫ કાળમા મોક્ષસુખને મેળવે છે જનતા—જન
[illegible]મૂઢ એવા ઉત્તમ જનોના નામના જાપથી પણ કલ્યાણ માને
[illegible] આ પ્રમાણે ન વર્તતા જેઓ કદાગ્રહમા પડી જઈ આપ-
[illegible]તિએ ચાલે છે, તેઓ અનતા ભવમા ભમે છે અને અનેક
[illegible]ગના અનર્થો રડી રડીને ભોગવે છે—સહન કરે છે ૧૬૩—૧૬૪

છઠ્ઠ અટ્ઠમ દસમ દુવાલસ અર્ધ માસખમણ કરે,
આણ ગુરુની ઓળવે તો લાભ તેથી ના મળે,
માટે ગુરુની આણ માની આપમતિને છોડિયે,
તો નાણ દર્શન ચરણની થિરતા અપૂરવ પામિયે. ૧૬૫

અર્થ —જે મુનિ છઠ્ઠ, અઠ્ઠમ, દસમ, દુવાલસ, પાસખમણ
[illegible] માસખમણની તપસ્યા કરે પણ ગુરુની આજ્ઞા માને નહીં
[illegible] તે તપનુ ફળ સપૂર્ણપણે મેળવી શકે નહીં, માટે આપ-
[illegible]મતિને તજી દઈને ગુરુઆજ્ઞા માનવી કે જેથી જ્ઞાન, દર્શન ને
ચારિત્ર ગુણની અપૂર્વ સ્થિરતા મેળવી શકાય ૧૬૫

આ પ્રસગ ઉપર અશ્વનુ દૃષ્ટાત આપે છે —

શિક્ષકતણી શિક્ષા લહી જિમ અશ્વ અખ્તર ધારીને,
શિક્ષકતણા વચને રહીને પામતો ઝટ વિજયને,

તોફાની ઘોડા હાર આપે ઇમ વિચારી સર્વદા,
અપ્રમત્તપણે વિચરીને પામિયે શિવસંપદા. ૧૬૬

અર્થ —શિક્ષક પાસેથી શિક્ષા મેળવીને બખ્તરધારી ઘોડો શિક્ષકના વચન પ્રમાણે વર્તે છે તો તે જલ્દી વિજયને મેળવે છે અને તોફાની-અશિક્ષિત ઘોડો યુદ્ધાદિમા હરાવે છે તમ વિચારીને જો ગુરુની શિક્ષા પ્રમાણે અપ્રમત્તપણે વિચરીએ તો જરૂર શિવસંપત્તિ મેળવી શકીએ ૧૬૬

તે ખિન્ન ના હોવે પછી શરૂઆતમા જે ચેતતા,
ઇમ ના કરે તે અંતસમયે દિલગીર બહુ થતા;
ધર્મ પાછળથી કરીશુ ઇમ વદે નિરુપક્રમી,
પણ ઇમ ન માને કોઇ દિન સુણી માનવો સોપક્રમી ૧૬૭

અર્થ —જે મનુષ્યો શરૂઆતમાથી જ ચેતે તેને પાછળથી ખિન્ન થવુ પડતુ નથી અને જે તેમ નથી કરતા-પહેલાથી નથી ચેતતા તેને પાછળથી દિલગીર થવુ પડે છે-પસ્તાવુ પડે છે જેઓ નિરૂપક્રમી આયુષ્યવાળા હોય તે તો કદી એમ બોલે કે હમણા તો વિષય સેવી લઉ પછી પાછલી અવસ્થામા ધર્મ કરીશ, પરતુ સોપક્રમી આયુવાળા મનુષ્યો એમ કદી બોલે નહીં અને માને પણ નહીં ૧૬૭

મે ધર્મ રજ ના આચર્યો પાપો અઢારે આચર્યા,
સુખ ચાહના મનમા વણી પણ તેહના કારણ તજ્યા,
દુ:ખી થવા ઇચ્છા નહીં પણ દુ ખ કારણ ના તજ્યા,
ઇમ શોક કરતા મૂર્ખ જીવો ચેતનાર સુખી થયા ૧૬૮

અર્થ —મૂર્ખ મનુષ્યો એવો શોક કરે છે કે મે આખા
મમા રજ માત્ર પણ ધર્મ ન કર્યો અને પાપસ્થાનકો અઢારે
ચર્યા-એ યા દિલમા સુખની ચાહના ઘણી છતા સુખના
રણો તજી દીવા અને દુ ખની ચાહના જરા પણ નહીં છતા
ખના મ ણો તજ્યા નહીં તેથી હુ દુ ખી થાઉ છુ જેઓ પ્રથમથી
તે છે તેઓ આમ દુ ખી થતા નથી પણ સુખી થાય છે ૧૬૮

અભ્યાસ સારો પાડજે વિષયો બધા તરછોડજે,
મમ માન શત્રુમિત્રને લોકસ્વરૂપ વિચારજે,
દુર્ગતિના સાધનોથી અલગ આત્મા રાખજે,
દૃષ્ટાંત બ્રાહ્મણ વાણિયાની નારનુ અહીં જાણજે. ૧૬૯

અર્થ —જીવને ઉપદેશ આપે છે કે–તુ સારા કાર્ય કર
નો અભ્યાસ પાડજે અને ઇંદ્રિયોના વિષયોનુ પોષણ કરીશ
કો, તેને તરછોડજે વળી દુર્ગતિના સાધનોથી તારા આત્માને
ર ાખજે અને આ સબધમા બ્રાહ્મણ ને વાણીઆની સ્રીનુ
ાંત વિચારજે ૧૬૯

એક બ્રાહ્મણની સ્રી નિરતર આભૂષણો પહેરી રખડતી
તી તના પતિએ તેને વારવાર કહ્યુ કે–' આભૂષણો અવસરે
હેરાય, કાયમ ન પહેરાય વળી એવી કોઇ વખત ચોર નિગે
થી તને હેરાન થવુ પડશે ' બ્રાહ્મણીએ માન્યુ નહીં અને
હ્યુ કે-' ચોર આવશે ત્યારે કાઢી નાખીશ ' અન્યદા ચોર
આ યા શરીર પુષ્ટ થવાથી હાથ સાથે ચોટી ગયેલા આભૂષણો
ન નીકળી શકવાથી ચોરોએ કાડા કાપી નાખ્યા ને ઘરેણા લઈ
ગયા બ્રાહ્મણી મરણ પામી આ પ્રમાણે શરીરશોભામા
આસક્ત જીવો દુ ખ પામે છે

એક વણિક ગૃહસ્થને એક સ્ત્રી હતી તેને ઘર સોંપીને તે પરદેશ ગયો પાછળ તેણીએ ઘરની સભાળ ન લીધી પોતાના શરીરની શોભામા જ મશગુલ રહી નોકરોને પણ કામ બતાવ્યુ નહીં તેથી તે પણ બેદરકાર બન્યા શેઠ પરદેશથી આ યા તો ઘરની સ્થિતિ ખરાબ થઇ ગયેલી જોઇ તેનુ કારણ પૂછતા શેઠાણીની ગેરસભાળ વિગેરે જાણીને તેને કાઢી મૂકી બીજી સ્ત્રી પરણ્યો તેને ઘર સોંપીને પાછો પરદેશ ગયો એ સ્ત્રી સુઘડ ને અપ્રમાદી હતી તેણીએ ઘરની બરાબર સભાળ કરી ને નોકરો પાસે સાફસુફ કરા યા કર્યું તેથી ઘરની સુદરતા કાયમ રહેતા સાથે ઊલટી વધી શેઠ પરદેશથી આવતા ઘ ની શોભા જોઇને ખુશી થયા અને તે સ્ત્રીને ઘરના તમામ કામની સ્વામિની બનાવી પ્રમાદી ને અપ્રમાદીપણાનુ આ ફળ સમજી અપ્રમાદી થવુ

અરુચિકર શબ્દાદિમા મુનિ અરુચિ કરશો નહીં,
રુચિકર રસાદિ પામીને રાગી કદી બનશો નહીં,
મધ્યસ્થ ભાવે નિત રહી ચારિત્ર ચોખુ રાખવુ,
વિસ્તાર દશમા અ ગમા બ ધન તજીને ચાલવુ ૧૭૦

અર્થ —હે મુનિ! તમે અરુચિ ઉત્પન્ન કરે એવા શબ્દાદિ-પાચે ઇંદ્રિયોના વિષયોને પામીને તેના અરુચિ ન કરશો અને રુચિકર-મનગમતા રસાદિ વિષયો પામીને તેના રાગી બની ન જશો તમે તો નિરતર મધ્યસ્થભાવે રહીને ચારિત્રને ચોખુ રાખજો-દોષ ન લગાડશો આ સબધમા દશમા અગ શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રમા આશ્રવ, સવર વિગેરે જે દશ [illegible] કહેલા છે તે વિચારીને કર્મબધનના સાધનને [illegible] ૧૭૦

શબ્દાદિ પંચ મુંઝાવતા ડાહ્યા પુરુષને પણ યથા,
પુષ્કળ જનોને ખેંચતા નિજ પક્ષમાં નિત્યે તથા;
લોભાવનારા તિણ કહ્યા ત્યાં ધ્યાન દેશો ના તમે,
માન જીતો નમ્રતાથી ક્રોધ જીતો ઉપશમે. ૧૭૧

અર્થ —શબ્દાદિ પાંચ ઇંદ્રિયોના વિષયો ડાહ્યા માણસને પણ મૂંઝવે છે અને અનેક જનોને પોતાના પક્ષમાં ખેંચી જાય છે, તેથી તેને જીવોને લોભાવનારા કહ્યા છે, માટે તમે તેના પર ધ્યાન ન દેશો–તેમાં આસક્ત ન થશો અને માનને નમ્રતાથી તથા ક્રોધને ઉપશમથી જીતી લેશો ૧૭૧

જન્મથી ધારણ કરે જે નિત્ય કૂટ સંસ્કારને,
પ્રબળ રાગદ્વેષથી પીડિત તે સવિ વાદીને,
જાણી અધર્મી સર્વથા તેઓ તણી સોબત તજી,
જીવતા સુધી ગુણ ચાહજે ઇમ બોલતા જિનરાજજી.૧૭૨

અર્થ —જન્મથી જ જેઓ ખોટા સંસ્કારને ધારણ કરે છે અને પ્રબળ રાગ-દ્વેષથી જેઓ નિરંતર પીડિત રહે છે એવા પરવાદી સર્વને અધર્મી જાણીને તેની સંગત સર્વથા તજી દેજે અને જીવિત પર્યંત ગુણની તેમજ ગુણીની ચાહના કરજો એમ જિનેશ્વરે કહ્યું છે ૧૭૨

હવે આયુષ્યના ઉપક્રમ સંબંધી કહે છે —

આયુષ્યના ઉપક્રમનું વર્ણન

બીજા ભવે પણ ભોગવે આયુ વિના સવિ કર્મને,
આયુષ્ય બાંધ્યું જેહ ભવનું ભોગવે ત્યાં તેહને,

જેના બળે ઇચ્છા છતા ન જવાય બીજા ભવ વિષે,
બેડી સમા તે આયુના બે ભેદ જિનશાસન વિષે ૧૭૩

અર્થ —આયુ વિનાના બીજા સાત કર્મો આગામી ભવોમા પણ ભોગવાય છે, પરંતુ આયુકર્મ તો જે ભવનુ બાંધ્યુ હોય તે જ ભવમા ભોગવાય છે વળી જેના બળથી અન્ય ભવમા ઇચ્છા છતા પણ જઈ શકાતુ નથી એવુ બેડી સમાન જે આયુ કર્મ તેના શાસ્ત્રકારોએ સોપક્રમી ને નિરુપક્રમી એવા બે ભેદ કહ્યા છે ૧૭૩

લાગે ઉપક્રમ જેહમા તે આયુ સોપક્રમ કહ્યુ,
ઉપક્રમ વિનાનુ જેહ તે આયુ નિરુપક્રમ કહ્યુ,
જેથી ઘટે આયુષ્ય તે કારણ ઉપક્રમ જાણિયે,
પરિણામ આદિ ઉપક્રમો તે સાત છે ઇમ જાણિયે. ૧૭૪

અર્થ —જે આયુને ઉપક્રમ લાગી શકે છે તે આયુ સોપક્રમી કહેવાય છે અને જેને ઉપક્રમ લાગી શકતો નથી તે આયુ નિરુપક્રમી કહેવાય છે જેનાવડે આયુષ્ય ઘટે તેને ઉપક્રમ કહે છે એવા ઉપક્રમ આયુષ્યને અંગે પરિણામાદિ સાત પ્રકારના કહ્યા છે ૧૭૪

તે સાત પ્રકાર કહે છે —

ત્રિવિધ અધ્યવસાય[૧] કારણ[૨] વેદના[૩] તિમ સ્પર્શથી[૪],
ભોજન[૫] પરાઘાતે[૬] કરી તિમ વિકૃત શ્વાસોશ્વાસથી[૭]
આ જીવ થોડા કાળ જીવન ભોગવે ઇમ જાણજે,
એથી બચી જિન ધર્મ ઉત્તમ પૂર્ણ હોંશે સાધજે ૧૭

અર્થ —૧ ત્રણ પ્રકારના રાગ, સ્નેહ ને ભયના અધ્યવ

સાયથી, ૨ કારણ એટલે વિષ-શસ્ત્રાદિ નિમિત્તોથી, ૩ અત્યત વેદનાથી, ૪ સર્પાદિના વિષકન્યા વિગેરેના સ્પર્શથી, ૫ અતિ ભોજનથી, ૬ જબરો પરાઘાત-ઉપઘાત લાગવાથી અને ૭ વિકૃત પણે ઘણા શ્વાસોશ્વાસ લેવાથી—આ સાત કારણોથી જીવ બાધેલા આયુ કરતા ઓછુ આયુ ભોગવે છે-બાધેલ સ્થિતિ કરતા થોડા સમયમા મરણ પામે છે એમ જાણીને તેનાથી બચવા સારુ પૂરી હોંશથી ઉત્તમ એવા જૈન ધર્મનુ આરાધન કરજે ૧૭૫

વળી આ વિષયમા જ વધારે સમજાવે છે —

જે બધસમયે શિથિલ બાધ્યા ત્યા હુવે અપવર્ત્તના,
આયુતણી પેરે બીજા તે કર્મ સોપક્રમ ઘણા,
ભોગવાયે અલ્પકાળે બાહ્ય ઉચિત નિમિત્તથી,
દષ્ટાત બળતા દોરડાનુ જાણજે સિદ્ધાતથી ૧૭૬

અર્થ —જે કર્મ બાધતી વખતે શિથિલ બાધ્યા હોય તેની જ અપવર્તના થઇ શકે છે આયુકર્મની જેમ બીજા પણ બધા કર્મોની અપવર્તના થાય છે બાહ્ય નિમિત્તને લઇને જે કર્મ બાધેલ સ્થિતિ કરતા અલ્પકાળે ભોગવાઇ જાય તેને અપ વર્ત્તના કહે છે એને માટે બળતા દોરડાનુ દષ્ટાત સિદ્ધાતમાથી જાણી લેવુ ૧૭૬ તે દષ્ટાત આ પ્રમાણે છે —જેમ લાબુ કરેલુ દોરડુ એક છેડેથી સળગાવતા લાબે કાળે આખુ બળી રહે છે અને તે દોરડાને જો ભેગુ કરીને સળગાવ્યુ હોય તો થોડા વખતમા બળી જાય છે તેમ કર્મોના પ્રદેશો તો બધા ભોગવવા પડે છે પરતુ સ્થિતિની અપવર્ત્તના થવાથી ભેગા કરેલા દોર ડાની જેમ થોડા વખતમા ભોગવાઈ જાય છે

હૈ —

એ જ વાત કાવ્યમા કહે છે —

બહુવાર લાગે સળગતા છૂટી કરેલી રજ્જુને,
વાર થોડી સળગતા ભેગી કરેલી રજ્જુને;
એ ભાવ સોપક્રમતણો ભાખ્યો વિશેષાવશ્યકે,
સાવચેતી રાખનારા દીર્ઘ આયુ ધરી શકે ૧૭૭

અર્થ —છૂટી લાબી કરેલી દોરડીને સળગતા ઘણી વાર લાગે અને ભેળી કરેલી દોરડીને સળગતા થોડી વાર લાગે. આ પ્રમાણે સોપક્રમ કર્મોનો ભાવ શ્રી વિશેષાવશ્યકમા કહેલો છે જેઓ સાવચેતીથી વર્તનારા હોય છે તેઓ દીર્ઘ આયુ ભોગવી શકે છે ૧૭૭

બધસમયે તીવ્ર ભાવે બદ્ધ કર્મ અનુક્રમે,
ભોગવાયે તેમ હોતા ભૂરિ કાળ વ્યતિક્રમે,
સ્થિતિનો ઘટાડો રસતણો જેમા કદી ના સભવે,
બાધ્યા પ્રમાણે ભોગવે તે આયુ નિરુપક્રમ હુવે ૧૭૮

અર્થ —બાધની વખતે જે કર્મ તીવ્રભાવે બાધ્યુ હોય તે અનુક્રમે ભોગવાય છે, તેથી તે ભોગવતા ઘણો કાળ વ્યતિક્રમે છે જે બાધેલા કર્મમા રસ કે સ્થિતિનો ઘટાડો (અપવર્તના) કદી પણ ન થાય-ઉપક્રમ લાગ્યા છતા પણ ઘટે નહીં તે આયુ તેમ જ બીજા કર્મો નિરુપક્રમ કહેવાય છે તે બાધ્યા પ્રમાણેની જ સ્થિતિએ ભોગવાય છે ૧૭૮

પુષ્કળ નરો તિર્યંચ એવા જેમનુ અશુચિ તવ્યુ,
મૃત્યુ ઉપક્રમ લાગતા હોવે પ્રભુએ એમ કહ્યુ,

ત્રિવિધ અધ્યવસાય તે એ રાગના તિમ સ્નેહના,
ભયના કુઅધ્યવસાય ઇમ ત્રણ ભેદ જાણો તેહના. ૧૭૯

અર્થ —પુદ્‌ગળ મનુષ્યો ને તિર્યંચો[1] એવા હોય છે કે જેનું મૃત્યુ ઉપક્રમ લાગતા અણચિંતવ્યુ-અચાનક થાય છે, એમ પ્રભુએ કહ્યુ છે તે પ્રથમ અધ્યવસાયરૂપ ઉપક્રમ ત્રણ પ્રકારનો કહ્યો છે રાગના, સ્નેહના તેમજ ભયના નિમિત્તથી આયુષ્ય ઘટે છે-તૂટે છે ૧૭૯

હવે તે ત્રણે પ્રકાર વિવરીને કહે છે —

અતિરાગ તિમ અતિસ્નેહ ભય પણ મૃત્યુદાયક જાણજો,
બહુ રાગ કરતા પરબવાળી નાર સમ સ્થિતિ જાણજો,
જળપાન કરવા પરબ ઉપરે એક માનવ આવિયો,
પરબવાળી નારને બહુ રાગ જોતા જાગિયો ૧૮૦
જળ પી જતા તે પુરુષ બાજુ નાર તે બહુ દેખતી,
આવો જતા ના દેખવાથી મરણ બૂરુ પામતી,
કામકેરુ પ્રબળ સાધન રાગ ઇમ જિનવર કહે,
રાગી માનવ કામની અંતિમ દશા મૃત્યુ લહે ૧૮૧

અર્થ —હે જીવ! અતિરાગ, અતિસ્નેહ અને અતિભયને મૃત્યુદાયક જાણજે-સમજજે બહુરાગ કરવાથી પરબવાળીની જેવી સ્થિતિ થાય એમ ધ્યાનમા રાખજે એક પરબે જળપાન કરવા

---

૧ દેવ ને નારકી જીવનુ આયુ નિરુપક્રમ હોય છે, અને તેની અકાળના મરણ નથી

કોઇ અતિ સુંદર પુરુષ આવ્યો તેને જોતા પરબવાળીને તેના ઉપર બહુ રાગ ઉત્પન્ન થયો પેલો પુરુષ જળ પીને જતા પરબવાળી તેના તરફ જ એકીટશે જોઇ રહી જ્યારે તે પુરુષ નજરથી દૂર થયો ત્યારે અતિરાગના આઘાતથી તે પરબવાળી મરણ પામી જિનેશ્વરે કહ્યુ છે કે-રાગ એ કામોત્પત્તિનુ પ્રબળ સાધન છે, તેથી અતિરાગી મનુષ્ય આવે પ્રસંગે કામની છેલ્લી-દશમી મૃત્યુદશાને પામે છે ૧૮૦-૧૮૧

હવે તે કામની દશ દશાઓ કહે છે —

તે કામની છે દશ દશાઓ પ્રથમ ચિંતવના કરે,
બીજી દશા તે જાણવી જે દેખવા ઇચ્છા કરે,
લાબા નિસાસા નાખવા એ જાણવી ત્રીજી દશા,
તાવ આવે એહ ચોથી તનુ દહે પંચમ દશા ૧૮૨
ભોજન ઉપર હોવે અરુચિ છઠ્ઠી દશા પ્રભુ બોલતા,
સાતમી મૂર્છા કહી તિમ આઠમી છે ઘેલછા,
બેશુદ્ધિ નવમી મરણ પામે એહ દશમી જાણિયે,
મૂળ કારણ રાગ સવિનુ તિણ એ રાગ ન રાખિયે ૧૮૩

અર્થ —કામની દશ દશા આ પ્રમાણે છે-પ્રથમ તો જેના પર રાગ થયો હોય તેની ચિંતવના કર્યા કરે પછી બીજી દશામા તેને વારવાર જોવાની ઇચ્છા કરે, ત્રીજી દશામા તેના વિરહથી-તેને ન જોવાથી લાંબા નિસાસા મૂકે, ચોથી દશામા તાવ આવે અને પાચમી દશામા શરીરમા દાહ થાય, છઠ્ઠી દશામા ભોજન ઉપર અરુચિ થાય, સાતમી દશામા મૂર્છા

આવે અને આઠમી દશામા ગાડપણ થઈ જાય–ઘેલો બની જાય, નવમી દશા પ્રાપ્ત થતા બેશુદ્ધ થઇ જાય અને દશમી દશા પ્રાપ્ત થતા મૃત્યુ પામે આ બધાનું મૂળ કારણ રાગ છે તેથી તીવ્ર રાગ કોઇની ઉપર ન રાખવો એમ શ્રી જિનેશ્વરે કહ્યુ છે ૧૮૨–૧૮૩

હવે બહુ સ્નેહ કરવાથી આયુનો ક્ષય થાય છે તે બતાવે છે –

બહુ સ્નેહ કરતાં આયુનો ક્ષય આ પ્રમાણે જાણજે,
સાર્થવાહી નારને દૃષ્ટાંતરૂપે જાણજે,
પરદેશથી પતિ આવતા તે નારને પતિ ઉપરે,
નેહ કેવો તે પરીક્ષા કાજ મિથ્યા ઉચ્ચરે ૧૮૪

તુજ આજ કત મરી ગયો એવા વચણ સુણતા છતાં,
તે જ સમયે મરણ પામી સ્નેહ અતિશય રાખતા,
સાર્થવાહ મરણ લહે નિજ સ્ત્રી મરી ઇમ સાભળી,
નેહ બૂરો જાણીને ના રાખજે દિલમા જરી ૧૮૫

અર્થ —' બહુ સ્નેહથી પણ આયુનો ક્ષય થાય છે એમ જાણજે તેના પર સાર્થવાહીનુ દૃષ્ટાંત છે તે આ પ્રમાણે — એક સાર્થવાહને અને તેની સ્ત્રીને અત્યત સ્નેહ હતો સાર્થવાહ પરદેશ ગયો હતો તે પરદેશથી આવ્યો તે પ્રસગે તેમના સ્નેહની પરીક્ષા કરવા સારુ એક માણસે સાર્થવાહની સ્ત્રી પાસે આવીને ખોટી રીતે કહ્યુ કે–' આજે તારો સ્વામી મરણ પામ્યો ' તે સાભળતા તે જ સમયે સાર્થવાહની સ્ત્રી મરણ પામી પછી સાર્થવાહ પણ પોતાની સ્ત્રીને મરણ પામેલી સાભળીને મરણ પામ્યો બહૂ સ્નેહ રાખવાથી આ પ્રમાણે આયુનો ક્ષય થાય છે

તે ઉપર આ આર્યવાદ- આર્યવાદીનું દૃષ્ટાન્ત જાણજો જિનેન્દ્રને નવ
ભારે જાણીને હે જીવ ! તું તેને હિયમાં નાખીશ નહીં ૧૮૪-૧૮૫

હવે અતિભયથી ઘટતા આયુ ઉપર દૃષ્ટાન્ત કહે છે —

અતિભય ઘટાડે આયુને દૃષ્ટાન્ત ગજસુકુમાળનું,
લઘુ ભાઈ ને નૃપ કૃષ્ણના ઇમ વયણ અષ્ટમ અંગનું;
વર્ગ ત્રીજામાં કહ્યું શ્રી નેમિનાથ જિનેશ્વરે,
દ્વારિકા નગરી પધારે કૃષ્ણ નૃપ ઋદ્ધિધર ખરા ૧૮૬
લઘુભાઈ સાથે લેઈ વંદનકાજ હોંશે આવતા,
પ્રભુ દેશના સુણતા જ ગજસુકુમાલ સંયમ ભાવતા,
માતાપિતાને વિનયથી સંયમ વિચાર જણાવતા,
સંસારમાંહે રાખવાને તેહ પણ સમજાવતા ૧૮૭
નાવ્રત કરીશ એવું કહી નૃપ કૃષ્ણ પણ સમજાવતા,
વિનયપૂર્વક વાર ત્રણ લઘુભાઈ ઉત્તર આપતા,
કામભોગ વિપાક દારુણ દુર્ગતિને આપતા,
સંસારને સ્મશાનિયા લઘુ સમો બતલાવતા. ૧૮૮
તુજ રાજ્યલક્ષ્મી એક દિનની દેખવાની ચાહના,
પૂર્ણ કર એ પુત્ર ! એવાં વયણ માતા જનકનાં;
માતાપિતાના આગ્રહે તે એક દિન રાજાપણું,
શ્રીમહાબળની પેરે પામે ચરણ સોહામણું ૧૮૯
તે જ દિન સંધ્યાસમયકાળે નેમિજિનને પૂછીને,
નામે મહાકાળ સ્મશાને શુદ્ધ સ્થળ પડિલેહીને;

લઘુનીતિ ને વડીનીતિની જગ્યા વિમળ પડિલેહીને,
કાઉસ્સગ્ગ મહાપ્રતિમા આદરે નિશ્ચળપણે ૧૯૦

અર્થ —અતિ ભયથી આયુ ઘટે છે તે ઉપર ગજસુકુમાળને મરણાંત ઉપસર્ગ કરનાર સોમિલ વિપ્રનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે —ગજસુકુમાળ કૃષ્ણવાસુદેવના નાના ભાઈ હતા તેની કથા આઠમા અંગ અંતગડદશાના ત્રીજા વર્ગમાં કહેલ છે એકદા શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકા નગરીએ પધાર્યા—સમવસર્યા ત્યાં કૃષ્ણ રાજા શુદ્ધ સમ્યક્ત્વની રુચિને ધારણ કરનારા હતા તે ખબર સાંભળીને નાના ભાઈ ગજસુકુમાળને સાથે લઈને ઘણી હોંશથી પ્રભુને વંદન કરવા આવ્યા પ્રભુએ દેશના આપી તે સાંભળતાં જ ગજસુકુમાળ સંયમ લેવાની ઇચ્છાવાળા થયા પછી તેણે પોતાના માતાપિતાને વિનયપૂર્વક પોતાનો સંયમ લેવાનો વિચાર જણાવ્યો માતાપિતાએ તેને સંસારમાં રહેવા માટે ઘણો સમજાવ્યો કૃષ્ણે રાજા બનાવવાની લાલચ આપીને સમજાવ્યો, પણ તે લઘુ બંધુએ વિનયપૂર્વક ત્રણ નાર ઉત્તર આપ્યો અને કહ્યું કે-' આ કામભોગના વિપાક મહાદારુણ છે અને દુર્ગતિને આપનારા છે આ સંસાર તો સ્મશાનના લાડુ જેવો સ્વાદ વિનાનો છે ' છેવટે માતાપિતાએ કહ્યું કે-' તારી એક દિવસની પણ રાજ્યલક્ષ્મી જોવાની અમારી ઇચ્છા છે માટે તે પૂર્ણ કર ' માતાપિતાના આગ્રહથી તે વાતનો તેણે સ્વીકાર કર્યો કૃષ્ણે એક દિવસ માટે તેનો રાજ્યાભિષેક કર્યો પછી મેઘકુમારની જેમ તેણે ચારિત્ર ગ્રહણ કર્યું તે જ દિવસે નેમિનાથ પ્રભુની આજ્ઞા લઇને ગજસુકુમાળ મુનિએ મહાકાળ નામના સ્મશાનમાં જઇ શુદ્ધ સ્થંડિલ પડિલેહીને, લઘુનીતિ વડી-

નીતિની જમીન નિર્જીવ જોઇ રાખીને કાયોત્સર્ગરૂપ પ્રતિમાને નિશ્ચળપણે આદરી ૧૮૯-૧૯૦

એક રાત્રિ પ્રમાણવાળી તે કહી છે શાસ્ત્રમા,
પ્રતિમાવહન કિમ સભવે ? આ પ્રથમ દીક્ષા દિવસમા,
ઉત્તર ઇહા ઇમ જાણવો પ્રભુ નેમિજિન એ સાધુને,
લાયક ગણી આજ્ઞા દીયે તિણ જાણ શુભ એ કાર્યને ૧૯૧

અર્થ —આ સાધુની બારમી પ્રતિમા એક રાત્રિના પ્રમાણ વાળી કહી છે અહીં કોઈ પ્રશ્ન કરે કે-' દીક્ષાના પ્રથમ દિવસે જ આ પ્રતિમા વહન કેમ સભવે ? ' તેને ઉત્તર આપે છે કે-' નેમિનાથ પરમાત્માએ એ મુનિને પ્રતિમા વહન યોગ્ય જાણીને આજ્ઞા આપી છે, એટલે એ કાર્ય શુભ જાણવુ એમા વિરોધ સમજવો નહીં ' ૧૯૧

હવે તે રાત્રીમા શુ બન્યુ તે કહે છે—

સાઝે જ તે રસ્તે થઇ સોમિલ બ્રાહ્મણ નિજ ઘરે,
જાતા મુનિને દેખતા બહુ ક્રોધથી ઇમ ઉચ્ચરે,
આ તે જ મુનિ લજ્જા વિનાનો મૃત્યુને પણ ચાહતો,
જેણે તજી મુજ નિરપરાધી બાળિકા ઇમ બોલતો ૧૯૨
તે વિપ્ર માથે પાળ બાંધે લાલ અ ગારા ભરે,
વૈર વાળી એમ નિજ રસ્તે પડે મન બહુ ડરે,
મુનિ આકરી એ વેદના સમતા ધરીને ભોગવે,
દીક્ષા દિવસની પ્રથમ રાતે નાણ કેવળ મેળવે ૧૯૩

આ મુનિ શુભ ચરણ સાધી અ તગડ નાણી થયા,
એવુ વિચારી નજીકના દેવો ઘણા ખુશી થયા;
વૃષ્ટિ સુગ ધોદકતણી તિમ પ ચરગી ફૂલની,
વસ્ત્રની વૃષ્ટિ કરે શરૂઆત ગાયન નૃત્યની. ૧૯૪

અર્થ —હવે સ ધ્યાકાળે સોમિલ નામનો બ્રાહ્મણ–ગજસુકુમાળનો સસરો–તે રસ્તે થઇને ઘરે જતો હતા તેણે મુનિને દીઠા એટલે તેને ઉગ્ર ક્રોધ ઉત્પન્ન થયો તે બોલ્યો કે–'આ તે જ લજ્જા વિનાનો અને મૃત્યુને ચાહનારો મુનિ છે કે જેણે મારી નિરપરાધી બાલિકાઓને [1]તજી દીધી છે' આમ બોલીને ક્રોધે ધમધમતા તેણે મુનિના માથા ઉપર માટીની પાળ કરી પછી તેમા નજીકની ચિતામાથી લાલચોળ અ ગારા લઈને ભર્યા આ પ્રમાણે વેર વાળીને તે રસ્તે પડ્યો પરન્તુ મનમા બહુ ડર લાગવા માડ્યો, કારણ કે મહાઘોર પાપ કર્યું હતુ અહીં તો તે મુનિએ ઘણી આકરી વેદના સમતાભાવે સહન કરી અને તેને પરિણામે દીક્ષાના દિવસની જ રાત્રીએ ઘાતિકર્મને બાળી દઈને કેવળજ્ઞાન મેળવ્યુ, અને અઘાતિકર્મોનો પણ ક્ષય કરી અ તકૃતકેવળીપણે મોક્ષે ગયા નજીકના ક્ષેત્રદેવો મોક્ષ ગયાની હકીકત જાણીને બહુ ખુશી થયા તેમણે સુગ ધી જળની, પ ચરગી પુષ્પોની તથા વસ્ત્રોની વૃષ્ટિ કરી અને તેમના પાસે ગીત–નૃત્ય કરવા લાગ્યા ૧૯૨–૧૯૪

૧ સોમિલ વિપ્રની આઠ પુત્રીઓને ગજસુકુમાળને યોગ્ય જાણી કૃષ્ણ મહારાજા ગજમહેલમા લઈ ગયા હતા, તેને તજી દઈને ગજસુકુમાળે ચારિત્ર લીધુ હતુ

હવે પ્રભાતકાળે શું થયું ? તે કહે છે—

કૃષ્ણ નૃપતિ સવારમાંહે હસ્તિ ઉપર બેસીને,
પ્રભુ નેમિ વંદન કાજ નીકળે નાખતા બહુ દાનને,
બહારથી ઇંટો ઉપાડી ઘર મૂકે જે હાંફતા,
તે વૃદ્ધ જનને માર્ગમાં જોઇ દયા નૃપ પામતા ૧૯૫

પોતે ઉપાડી ઇંટને તેના ઘરે નૃપ મૂકતા,
ભૂપના બહુમાનથી ઇમ નોકરો પણ મૂકતા,
પ્રભુ પાસ આવી વાંદતા લઘુબંધુને ના દેખતા,
વાંદવાને ચાહતા વાદી પ્રભુને પૂછતા ૧૯૬

અર્થ—હવે કૃષ્ણ વાસુદેવ પ્રાતઃકાળે હાથી ઉપર બેસીને નેમિપ્રભુને વાંદવા માટે બહુ દાન આપે છે ત્યાં માર્ગમાં એક વૃદ્ધને બહારથી એકેક ઇંટ ઉપાડીને પોતાના ઘરમાં મૂકતો ને હાંફતો જોયો, એટલે તેના ઉપર દયા આવવાથી કૃષ્ણે એક ઇંટ ઉપાડીને તેના ઘરમાં મૂકી, એટલે રાજાના બહુમાનથી સાથેના દરેક માણસોએ એક એક ઇંટ લઇ તેના ઘરમાં મૂકી એટલે તેનું તો કામ પતી ગયું. પછી પ્રભુ પાસે આવી, પ્રભુને વાંદતી વખત આજુબાજુ જોતા પોતાના લઘુબંધુને દીઠા નહીં એટલે તેને વાંદવાને ઇચ્છતા કૃષ્ણે 'તેઓ ક્યાં છે ?' એમ પ્રભુને નમસ્કાર કરીને પૂછ્યું ૧૯૫-૧૯૬

ભાઇ ગજસુકુમાળ કિમ દેખું ન આ સમુદાયમાં ?
તુજ ભાઇએ નિજ અર્થ સાધ્યો પ્રભુ કહે સંક્ષેપમાં,

એક જણ ઉપસર્ગ કરતો તેહ સમતાથી સહે,
મુનિરાજ ગજસુકુમાળ અ તગડકેવળી સિદ્ધિ લહે.૧૯૭

ઉપસર્ગના કરનાર નરની ઉપર ક્રોધ અતિ ધરી,
નૃપ નાથને પૂછે કયો નર ? તેહ જમ બુદ્ધિ કરી,
અહિ આવતા જિમ મદદ કરતો કૃષ્ણ ! તુ તે વૃદ્ધને,
તેણે કરી છે મદદ તિમ શિવ પામવા તુજ ભાઈને.૧૯૮

માટે નૃપતિ ! ના ક્રોધ કરીએ એમ પ્રભુ સમજાવતા,
કિમ જાણવો ? તે પુરુષને ઇમ કૃષ્ણ નૃપ ફરી પૂછતા,
પ્રભુજી કહે અહીંથી જતા નગરી તરફ સામો મળે,
જોઈ તને ભયથી મરે તે મારનારો જાણજે ૧૯૯

અર્થ —'હે પ્રભુ ! આ મુનિસમુદાયમા નાના ભાઈ ગજસુકુમાળ કમ દેખાતા નથી ?' પ્રભુએ કહ્યુ કે-'તારા ભાઈએ તો એક દિવસમા જ કાર્ય સાધી લીધુ ' આમ સક્ષેપમા કહ્યુ ફરી વિગત પૂછતા કહ્યુ કે-' તારા ભાઈ રાત્રે સ્મશાનમા જઈને કાયોત્સર્ગે રહ્યા ત્યા એક જણાએ તેને ઉપસર્ગ કર્યો, ત તેમણે સમતાથી સહ્યો અને તે ગજસુકુમાળ મુનિ અતકૃતકેવળી થઈને મોક્ષે ગયા, પણ હે કૃષ્ણ ! આ હકીકત સાભળીને તુ તે ઉપસર્ગ કરનાર ઉપર ક્રોધ કરીશ નહીં ' કૃષ્ણે પ્રભુને પૂછ્યુ કે-' તે એવો કોણ મનુષ્ય છે કે જેની આવી દુષ્ટબુદ્ધિ થઈ-બુદ્ધિ ફરી ગઈ ? ' પ્રભુએ કહ્યુ કે-' હે કૃષ્ણ ! તે અહીં આવતા જેમ પેલા વૃદ્ધને મદદ કરી તેમ તેણે તારા ભાઈને મોક્ષે જવામા મદદ કરી છે,

માટે હે નૃપતિ ! તારે તેના પર ક્રોધ ન કરવો ' પ્રભુએ આ પ્રમાણે સમજાવતા કૃષ્ણે પૂછ્યુ કે-'હે પ્રભુ ! તે પુરુષને હું કેમ ઓળખીશ ? ' પ્રભુએ કહ્યુ કે-' અહીંથી નગરી તરફ જતા તને જે મનુષ્ય સામો મળે અને તને જોઈને તારી ધાસ્તીથી મરણ પામે તેને તું તારા ભાઈને મારનારો જાણજે ' ૧૯૭-૧૯૯

નિસુણી પ્રભુને વદીને હાથી ઉપર નૃપ બેસીને,
નયરી તરફ સામે મળ્યો સોમિલ ત્યાં ઇમ ચિંતવે;
પ્રભુ નેમિનાથે કૃષ્ણને એ વાત ગજસુકુમાળની,
કીધી હશે મુજ શું થશે ? ચિંતા થતા ઇમ ભયતણી ૨૦૦

તે જ સમયે મરણ પામ્યો કૃષ્ણ નૃપતિ દેખતા,
મુજ ભાઈને આ મારનારો દુષ્ટ એમ જણાવતા,
મૃતકને બાહિર કઢાવી ભૂમિ શુદ્ધ કરાવતા,
ભાઈકેરા શોક હૃદયે ધારતા ઘર આવતા ૨૦૧

અતિ ભય ઘટાડે આયુને તે ઉપર ગજસુકુમાળની,
બીના કહી ઇમ પૂર્ણ થઈ બીના ત્રિવિધ પરિણામની,

અર્થ —કૃષ્ણ વાસુદેવ આ પ્રમાણે પ્રભુ પાસેથી સાભળી હાથી ઉપર બેસીને નગરી તરફ પાછા વળ્યા તેવામા સોમિલ સામો મળ્યો તે એમ ચિંતવવા લાગ્યો કે-' નેમિનાથ પ્રભુએ કૃષ્ણને મે ગજસુકુમાળને ઉપસર્ગ કર્યો એ વાત કરી જ હશે, તો હવે મારુ શું થશે ? કૃષ્ણ મને કેવા મરણથી મારશે ? ' આમ ભયભ્રાંત થઈને ચિંતા કરતા તે જ વખત તેના પ્રાણ નીકળી

ગયા–તે મરણ પામ્યો કૃષ્ણ તેને દેખતા બોલ્યા કે-' આ દુષ્ટ મારા ભાઈને મારનારો છે, માટે તેના મૃતકને અહીંથી દૂર ફેંકી દ્યો ને આ જમીન શુદ્ધ કરો ' સેવકોએ તે પ્રમાણે કર્યું પછી ભાઈના મરણનો શોક હૃદયમા ધારણ કરતા કૃષ્ણ ઘરે આવ્યા

અતિભય આયુને ઘટાડે છે તે ઉપર આ ગજસુકુમાળની કથા કહી અને પ્રથમ કારણ તરીકે ત્રણ પ્રકારના અધ્યવસાય આયુને ઘટાડે છે–તેની અપવર્તના કરે છે એ હકીકત પૂર્ણ થઈ ૨૦૦-૨૦૧

હવે બીજા ક્યા ક્યા કારણોથી આયુની અપવર્તના થાય છે તે કહે છે —

વિષ શસ્ત્ર આદિક કારણે આહાર અતિ આરોગતા,
સ્નિગ્ધ વિકૃત અહિત ભોજન રુક્ષ અતિ આરોગતા ૨૦૨
ન પચી શકે તેવુ જ ભોજન કરત આયુ ઘટાડતા,
ખાડમા પડવાથકી શૂળાદિ પીડા વેદતા,
કરતા જ ઝંપાપાત જળમા ડૂબતા ફાંસાથકી,
એવા પરાઘાતે કરી આયુ ઘટે નિશ્ચયથકી ૨૦૩

અર્થ —આયુ ઘટવાના કારણોમા બીજુ કારણ વિષ શસ્ત્રાદિ **નિમિત્ત** છે, તેથી પણ આયુ ઘટે છે ત્રીજુ કારણ **ભોજન** છે તે અત્યત આહાર કરવાથી, અતિરુક્ષ આહાર કરવાથી અને ન પચી શકે તેવો આહાર કરવાથી આયુ ઘટે છે ચોથુ કારણ **વેદના** છે તે ખાડામા પડી જવાથી, શૂળાદિક વાગી જવાથી અત્યત વેદના થવાને લીધે આયુ ઘટે છે તથા

પર્વતાદિ ઉપરથી ઝ સાપાત કરવાથી, પાણીમા ડૂબી જવાથી અથવા ગળાફાસો ખાવાથી—ઇત્યાદિ ઉપઘાતોવડે આયુ ઘટે છે આ ઉપઘાત ને આયુ ઘટવાનુ પાચમુ કારણ છે ૨૦૩

હવે છઠ્ઠું ને સાતમુ કારણ કહે છે—

સર્પ આદિક કરડતા વિષઆદિકને અડકતા,
દેહમા ય વિકાર હોતા શ્વાસ પુષ્કળ આવતા,
ઝટ શ્વાસનુ રોકાણ હોતા આયુ ઘટતુ ઇમ થતા,
એમ સાતે કારણે આયુ ઘટે પ્રભુ ભાખતા ૨૦૪

અર્થ —છઠ્ઠે કારણ સ્પર્શથી આયુ ઘટે છે તે સર્પાદિકનો સ્પર્શ થતા તેઓ કરડતા હોય અથવા વિષ વગેરેનુ સ્પર્શન કરતા તેના સ્પર્શથી આયુ ઘટે છે સાતમુ કારણ દેહમા વિકાર થવાથી **શ્વાસોચ્છ્વાસ** પુષ્કળ લેવાય ત્યારે અથવા શ્વાસ એકાએક રોકાઇ જાય ત્યારે આયુ ઘટે છે આમ સાત કારણે આયુ ઘટવાનુ પ્રભુજીએ કહ્યુ છે ૨૦૪

નિરુપક્રમાયુ જીવને પણ એ ઉપક્રમ લાગતા,
ખધકસૂરિના જેમ શિષ્યો યત્રપીલન પામતા,
દુ ખ આપતા તેના ઉપક્રમ ના ઘટાડે આયુને,
પ્રજ્ઞાપના વરસૂત્રકેરા જાણ એહ રહસ્યને ૨૦૫

અર્થ —નિરુપક્રમાયુવાળા જીવોને પણ આવા ઉપક્રમો લાગે છે—જેમ ખધકસૂરિના ૫૦૦ શિષ્યોને પાલકે ઘાણીમા પીલીને પ્રાણ લીધા તેમ, પરતુ તેવા ઉપક્રમથી માત્ર દુ ખ થાય છે, આયુ ઘટતુ નથી, એવુ આયુ અનપવર્તનીય કહેવાય

છે પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલા આ રહસ્યને હે આત્મા! બરા બર સમજ ૨૦૫

આગામી ભવનું આયુ ક્યારે બધાય ? તે કહે છે—

નિરુપક્રમાયુ કેઇ જન સોપક્રમાયુ બહુ જના,
બે ભેદ ઇમ જીવોતણા સોપક્રમાયુ તે જના,
નિજ આયુના બે ભાગ જાતા પરભવાયુ બાંધતાં,
વર્ષ તેત્રીશ આયુવાળા જિમ વરસ બાવીશ જતા ૨૦૬

અર્થ—જગતના જીવોમાં નિરુપક્રમાયુવાળા જીવો બહુ અલ્પ હોય છે, ઘણા જીવો તો સોપક્રમાયુવાળા જ હોય છે આ પ્રમાણે જીવોમાં બે ભેદ છે તેમાં સોપક્રમાયુવાળા જીવો પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી એટલે તેત્રીશ વરસના આયુવાળા બાવીશ વર્ષ ગયા પછી પરભવનું આયુ બાંધે છે ત્યાર અગાઉ બાંધતા નથી ૨૦૬

ઘોલના પરિણામથી બંધાય પરભવ આયુને,
ઘોલના પરિણામ જાણો મિશ્ર અધ્યવસાયને
પરભવ જીવન બંધાય છે એ ઘોલના પરિણામમાં,
તેવા જ અધ્યવસાય પણ ન પમાય સઘળા કાળમાં ૨૦૭

અર્થ—પરભવનું આયુ ઘોલના પરિણામથી બંધાય છે ઘોલના પરિણામ તે મિશ્ર પરિણામ જાણવા કે જે ઘોલના પરિણામમાં પરભવનું જીવન (આયુ) બંધાય છે એવા અધ્યવસાય આખા આયુમાં સર્વદા પમાતા નથી, માત્ર અંતર્મુહૂર્ત જેટલા કાળમાં જ પમાય છે ૨૦૭

અન્ય ત્રીજા ભાગમાં નું બાંધુ અપેન યોગ્યતા,
બે ભાગમાં બાંધે જ નહીં એ વચનથી સ્પષ્ટતા,
પરભવજીવન ના બાંધતા જે શેષ ત્રીજા ભાગમાં,
પરભવાયુ નહ બાંધે અન્ય નવના ભાગમાં ૨૦૮

કદી ન બાંધ આયુ તો અન્ય સત્તાવીસમે,
ભાગે જીવન પરભવનાનું બાંધે કહ્યું જિન આગમે
કદી ન ત્યાં બંધાય ના તો અંતિમે એકાશીમે,
ભાગે જીવન પરભવનાનું બાંધે કહ્યું જિન આગમે ૨૦૯

ન કાળ ના બંધાય તો અન્ત્ય બસો તેતાળીમે
ભાગે જીવન પરભવનાનું બાંધે કહ્યું જિન આગમે
ગત ગત સાતસો ઓગણત્રીસમે ભાગે જના તે બાંધતા,
પરભવાયુ પૂર્વકાળે જે જીવો ના બાંધતા ૨૧૦

ઉત્કૃષ્ટતાના અંતર્મુહૂર્ત સુધી ત્રિગુણી એમ કલ્પના,
કરવા કહ્યું વિસ્તાર માટે ભાખ્યો પ્રજ્ઞાપના
બાંધે જ આયુ નિશ્ચયે અંતર્મુહૂર્તે અંતિમે,
તે વિના પરભવ ન જાવે ઇમ પ્રભુના આગમે ૨૧૧

અર્થ —ઉપર કહ્યા પ્રમાણે કે જીવ ને આયુના છેલ્લા ત્રીજા ભાગમાં પરભવાયુ બંધાવાની યોગ્યતા સમજવી. પ્રથમના બે ભાગમાં તો ન જ બાંધે તે તેની સ્પષ્ટતા જાણવી. જે જીવ છેલ્લે ત્રીજા ભાગમાં પરભવાયુ ન બાંધે તે છેલ્લા નવમા ભાગમાં બાંધે, કદી તે કાળે પણ ન બંધાય તો છેલ્લા સત્તાવીશમા ભાગે

પરભવનું આયુ બાંધે એમ આગમમાં કહ્યું છે તે ક્ષણે પણ જો ન બંધાય તો છેલ્લા એકાશીમે ભાગે પરભવનું આયુ બાંધે, એમ આગમમાં કહ્યું છે તે કાળે પણ જો ન બંધાય તો બને ને તતાલીશમે ભાગે પરભવનું આયુ બાંધે એમ જિનાગમમાં કહ્યું છે તે કાળે પણ જો ન બાંધે તે સાત ને ન ઓ ણત્રીશમે ભાગે બાંધે એ પ્રમાણેના પૂર્વકાળે જે પરભવાયુ બાંધતા નથી તેને માટે છેવટના અંતર્મુહૂર્ત્ત સુધી ત્રીજા ત્રીજા ભાગની કલ્પના કરવી એનો વિસ્તાર શ્રીપ્રજ્ઞાપના સૂત્રથી જાણવો છેવટ અંત મુહૂર્ત્ત શેષ આયુ રહે ત્યારે તો અવશ્ય પરભવનું આયુ બાંધે છે, તે વિના–આયુ બાંધ્યા વિના જીવ અન્યભવમાં જતો નથી, એમ પ્રભુના આગમમાં કહ્યું છે ૨૦૮–૨૧૧

યુગલિક મનુજ તિર્યંચ જે જીવન અસંખ્યાતું ધરે,
ચરમદેહી નિરય સુર તેસઠ શલાકા પુરુષ એ;
અનુપક્રમાયુવંત જાણો અન્ય સૂરિગણ ઉચ્ચરે,
દેવ નિગ્ગ જિનેશ્વરા તે ના ઉપક્રમથી મરે. ૨૧૨

શેષ જીવોનું મરણ બે ભેદ ઇમ તત્ત્વાર્થની,
ટીકા વિષે ઉલ્લેખ એવો તેમ કર્મપ્રકૃતિની,
ટીકા વિષે છે પાઠ એ કોઇક યુગલિક ભૂમિમાં,
તિર્યંચરૂપે ઉપજે અથવા મનુષ્ય સ્વરૂપમાં. ૨૧૩

ઉપજ્યા પછી અંતર્મુહૂર્ત્ત સિવાયનું ત્રણ પલ્યનું,
આયુ ઘટાડે તેણ એવું મલયગિરિ આચાર્યનું,

પ્રશ્ન એ અપવર્તના કિમ ? આ નિકાચિત આયુની,
અપવર્તના જ્યાં તે નિકાચિત વાણુ એહ વિરોધની ૨૧૪

અર્થ —યુગલિક મનુષ્ય અને તિર્યંચ કે જેમનું આયુ અસંખ્યાતા વર્ષનું હોય છે તેઓ તથા ચરમશરીરી (તે જ ભવમાં મોક્ષ જવાવાળા) નારકી અને દેવતા તથા ત્રેસઠ શલાકા પુરુષ એ બધા નિરુપક્રમાયુવાળા જાણવા અન્ય આચાર્ય એમ કહે છે કે—દેવતા, નારકી ને જિનેશ્વરો ઉપક્રમથી નાશ પામતા નથી, શેષ જીવોનું મરણ ગમે પ્રકારે ઉપક્રમથી ને ઉપક્રમ વિના થાય છે એમ તત્ત્વાર્થની વૃત્તિમાં કહ્યું છે, તેમ જ કર્મપ્રકૃતિની ટીકામાં પણ એ પ્રમાણે કહ્યું છે કોઈક યુગલિક ભૂમિમાં તિર્યંચ અથવા મનુષ્યપણે ઉપજેલ હોય તથા ઉપજ્યા પછી અંતર્મુહૂર્ત સિવાયનું ત્રણ પલ્યોપમનું આયુ પણ ઘટી શકે છે એમ મલયગિરિ આચાર્યનું કથન છે અહીં પ્રશ્ન થાય કે—'એમનું (યુગલિકના) આયુ તો નિકાચિત હોય છે તેની અપવર્તના કેમ થાય ? કેમકે નિકાચિત આયુની અપવર્તના થતી નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે તેને આવી વિરોધ આવે છે અપવર્તના ને નિકાચિત એ શબ્દ સાથે ઘટતા નથી' ૨૧૩-૨૧૪

હવે તેને નીચેના કાવ્યવડે ઉત્તર આપે છે —

ઉત્તર ઇહાં એ જાણવો જે આ નિકાચિત ભાવના,
પરિણામ સ્થિતિ દીઠ અમ ખ્યા તિણ નિકાચિત આયુના,
ભેદ ઘણા ઇમ જાણવું તિણ હોય પણ અપવર્તના,
કેઇક નિકાચિત આયુની ગંભીર વયણો શાસ્ત્રના ૨૧૫

અર્થ—અહીં એ ઉત્તર જાણવા કે–નિકાચિત આયુબંધના પણ પરિણામ (અધ્યવસાય) દરેક સ્થિતિ દીઠ અસખ્યાતા છે, તેથી નિકાચિત આયુના પણ ઘણા ભેદો થાય છે, માટે એમ જાણવું કે કોઇક નિકાચિત આયુની અપવર્તના પણ થઇ શકે છે, કારણ કે શાસ્ત્રના વચનો અતિ ગભીર હોય છે ૨૧૫

બે ભેદ કીધા આયુના તત્ત્વાર્થકેરી વૃત્તિએ,
અપવર્ત્તનાને ઉચિત આયુ તેમ અનુચિત આયુ એ;
અપવર્ત્તનાને ઉચિત આયુ નિશ્ચયે સોપક્રમી,
બે ભેદ બીજા ભેદના સોપક્રમી નિરુપક્રમી. ૨૧૬

અર્થ—શ્રીતત્ત્વાર્થસૂત્રની વૃત્તિમા આયુના બે ભેદ કહ્યા છે અપવર્ત્તનાને યોગ્ય અને અપવર્ત્તનાને અયોગ્ય તેમા જે અપવર્ત્તનાને યોગ્ય હોય તે તો સોપક્રમી જ જાણવુ અને અપવર્ત્તનાને અયોગ્ય તે સોપક્રમી ને નિરુપક્રમી એમ બે પ્રકારનુ જાણવુ ૨૧૬

કાળ જીવન જાણ તે મૃત્યુ અકાળે જે હુવે,
દલિક નિશ્ચય ભોગવે સ્થિતિ ગમ વિકલ્પે અનુભવે,
યુગલિક મનુજ તિરિ દેવ નિરય છ માસ ગેપે આયુએ,
પરભવતણુ આયુષ્ય બાધે જાણ તેમ મતાતરે ૨૧૭
વ્હેલામા વ્હેલા નિરય જીવ છ માસ ગેપે જીવિતે,
મોડામા મોડા અ તિમે અ તર્મુહૂર્ત્તે જીવિતે,
પરભવતણુ આયુષ્ય બાધે અભયદેવસૂરિ કહે,
પ ચમાગે ચઉદમે શતકે પ્રથમ ઉદ્દેશકે ૨૧૮

નિરુપક્રમાયુ જીવ ત્રીજા ભાગમા નિજ આયુના,
પરભવાયુ બાંધતા ઇમ આશયે પર સૂરિના,
છ માસ શેષતણો નિયમ ના જાણિયે એ આશયે,
તત્ત્વ જાણે કેવળી ઇમ ભાવ ચોખ્ખા રાખિયે ૨૧૯

અર્થ —જીવનનો કાળ તે આયુ તેમા જે અકાળે–આયુ પૂરુ થવા અગાઉ મૃત્યુ થાય તે અકાળમૃત્યુ કહેવાય તે જીવ કર્મના દલિક તો બધા અનુભવે, સ્થિતિ ને રસ અનુભવે અથવા ન પણ અનુભવે, એમા વિકલ્પ સમજવો, કારણ કે સ્થિતિ ને રસની અપવર્તના થઇ શકે છે

યુગલિક મનુષ્ય અને તિર્યંચ તેમ જ દેવતા ને નારકી છ માસ શેષ રહે ત્યારે પરભવનુ આયુષ્ય બાંધે છે હવે તેમા પણ મતાન્તર છે તે કહે છે કે–નારકીના જીવ દેવોમા વહેલુ છ માસ આયુ શેષ રહ્યે સતે પરભવનુ આયુ બાંધે છે અને મોડામા મોડા અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે પરભવનુ આયુ બાંધે છે, એમ શ્રી અભયદેવસૂરિ પાંચમા અંગ શ્રીભગવતી સૂત્રના ચૌદમા શતકના પ્રથમ ઉદ્દેશામા કહે છે નિરુપક્રમાયુ જીવ પોતાના આયુના પાછલા ત્રીજા ભાગમા પરભવનુ આયુ બાંધે છે આ પ્રમાણેના અન્ય સૂરિના આશયથી છ માસ શેષે નિરુપક્રમાયુ વાળા પરભવનુ આયુ બાંધે એ નિયમ રહ્યો નહી આ બાબતમા તત્ત્વ કેવળી જાણે એમ વિચારી ભાવને ચોખ્ખા રાખવા ૨૧૭–૨૧૯

હવે અબાધા સબંધી સ્પષ્ટતા કરે છે —

પરભવાયુ બંધ પછીનો ચાલતા આયુષ્યનો,
ભાગ પૂરો તે અબાધા બંધ તેમ ઉદયતણો,

કાળ વચલો એ અબાધા અર્થભેદ નહિ જરી,
સ્થિતિના પ્રમાણે છે અબાધા યુક્તિ કહુ આગળ ખરી.

અર્થ —પરભવનુ આયુ બાધ્યા પછીનો ચાલતા આયુષ્યનો શેષ રહેલો જેટલો કાળ આયુ પૂરુ થતા સુધીનો હોય તેને અબાધા કાળ કહીએ બ ધ ને ઉદયનો જે વચલો કાળ તે અબાધા સમજવી એમા કાઈ અર્થભેદ નથી આ હકીકત આયુકર્મ માટે સમજવી બીજી વાત કર્મોના તો સ્થિતિના પ્રમાણમા અબાધા છે તેની યુક્તિ બતાવુ છુ ૨૨૦

ક્રોડને ક્રોડે ગુણ તા હોય કોડાકોડી એ,
સાગરોપમની જ સાથે તેહને પણ જોડિયે,
સાગરોપમ કોડાકોડી જેટલી સ્થિતિ જેહની,
તેટલા સો વર્ષની જાણો અબાધા તેહની ૨૨૧

અર્થ —ક્રોડને ક્રોડ ગુણતા જે સ ખ્યા આવે તેને ક્રોડાક્રોડી કહીએ સાગરોપમની સાથે એ ક્રોડાક્રોડી શબ્દને જોડવો. પછી જે કર્મની જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ હોય તેટલા સો વર્ષની તેની અબાધા જાણવી ૨૨૧

હવે સ્થિતિ ને અબાધા દરેક કર્મને માટે બતાવે છે —

પ્રથમના બે કર્મની ને વેદની અ તરાયની,
જાણ સ્થિતિ તીસ કોડાકોડી સાગરોપમ કાળની,
સિત્તેર કોડાકોડી સાગર જાણિયે સ્થિતિ મોહની,
ના તેટલી સગવીસની સિત્તેર મિથ્યા મોહની. ૨૨૨

વીસ કોડાકોડી સાગર નામની તિમ ગોત્રની,
તેત્રીશ સાગરની સ્થિતિ પ્રભુએ કહી આયુષ્યની,
તે ધ્યાન રાખીને અબાધા જાણવી સવિ કર્મની,
ત્રણ હજાર વરસતણી જિમ આદ્ય જ્ઞાનાવરણની ૨૨૩

અર્થ —પ્રથમના બે કર્મ (જ્ઞાનાવરણ ને દર્શનાવરણ)ની અને વેદની તથા અંતરાયના–એ ચાર કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટી ત્રીસ કોડાકોડી સાગરોપમની જાણવી મોહની કર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમની જાણવી, પણ તે ૨૭ પ્રકૃતિની નહીં, માત્ર એક મિથ્યાત્વ મોહનીની જ જાણવી નામકર્મ ને ગોત્રકર્મની વીશ કોડાકોડી સાગરોપમની જાણવી અને આયુ કર્મની તેત્રીશ સાગરોપમની જાણવી આ હકીકત ધ્યાનમાં રાખીને સર્વ કર્મની અબાધા જાણવી, જેમ પહેલા જ્ઞાનાવરણની (તેમજ તેની સાથેના બીજા ત્રણ કર્મની) અબાધા ત્રણ હજાર વર્ષની મિથ્યાત્વ મોહનીય કર્મની સાત હજાર વર્ષની અને નામ તથા ગોત્રની બે હજાર વર્ષની અબાધા સમજવી. આયુની પૂર્વે કહેલી છે ૨૨૨–૨૨૩

હવે શ્વાસોચ્છ્વાસ સંબંધી સ્પષ્ટતા કરે છે —

આયુ પુદ્ગલ જેટલા બાંધ્યા જીવે બંધક્ષણે,
તેટલા જ પ્રમાણના સવિ પુદ્ગલોને અનુભવે,
તે કાળ શ્વાસોચ્છ્વાસનું નિર્માણ જીવ કરતો નથી,
તિણ શ્વાસ ઉપરે જીવનનો આધાર એ સાચું નથી ૨૨

અર્થ —આયુકર્મના પુદ્ગળો આયુકર્મનો બંધ કરતા જેટલા જીવોએ બાંધ્યા હોય–ગ્રહણ કર્યા હોય તેટલા પ્રમાણના

બધા પુદગળોને જીવ અનુભવે તે કાળે શ્વાસોશ્વાસનું નિર્માણ જીવ કરતો જ નથી, તેથી શ્વાસોશ્વાસ ઉપર જીવનનો આધાર છે એમ જે કહે છે તે સાચું નથી ૨૨૪

સેકડો વર્ષોતણા આયુષ્યવાળા જીવડા,
અંતર્મુહૂર્તે મરણ પામે શ્વાસ પૂર્ણ કર્યા વિના;
એગિંદ્રિ કેઈક જીવડા પર્યાપ્તિ ચોથી ન પૂરતા,
તોયે મરે તેથી જ આયુ શ્વાસ જુદા ભાસતા ૨૨૫

અર્થ —સેંકડો વર્ષોના આયુષ્યવાળા મવાત તટલુ આયુષ્ય બાધવા જીવો અતર્મુહૂર્ત્તમા મરણ પામે છે તેઓ શ્વાસોશ્વાસને પૂર્ણ કરતા નથી વળી કટલાક અપર્યાપ્તા એકેંદ્રિય જીવો ચોથી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પણ પૂર્ણ કર્યા વિના જ મરણ પામે છે, તેથી શ્વાસ ને આયુ બને જુદા જ છે એમ જાને છે-સિદ્ધ થાય છે ૨૨૫

જીવનદોરી તૂટવામા હેતુ સાસ ઉસાસને,
કીધો પ્રભુએ જાણવા એ નિત્ય સુણ તત્ત્વાર્થને,
મરણ સમયે જેહ લેશ્યા વર્ત્તતી તેવા સ્થળે,
આ જીવ ઉપજે તેહથી લેશ્યા સ્વરૂપ પ્રભુ ઉચ્ચરે ૨૨૬

અર્થ —આ જીવનદોરી તુટવાના સાત કારણોમા શ્વાસ-ઉસાસને કારણરૂપે પ્રભુએ કહેલ છે તે નિરતર તત્ત્વાર્થસૂત્ર સાભળીને જાણી લેજો

હવે મરણસમયે જેવી લેશ્યા વર્તતી હોય તેવી લેશ્યાવાળા સ્થળે આ જીવ ઉપજે છે તેથી લેશ્યાનુ સ્વરૂપ પ્રભુ કહે છે ૨૦

આયુના બંધક્ષણે જેવી મતિ તેવી ગતિ,
અંતસમયે જાણજે જેવી ગતિ તેવી મતિ,
આયુ બંધન કાળ પ્રાયે પર્વતિથિઓ સવિ કહી,
પર્વતિથિ સંકેતનો સુવિચાર કરજે ખૂબ અહીં ૨૨૭

અર્થ —આયુનો બંધ કરતાં જેવી મતિ હોય તેવી ગતિમાં જીવ જાય છે, અને અંતસમયે જેવી ગતિમાં જવાનું હોય તેવી મતિ થાય છે એમ સમજજે

હવે આયુબંધનો કાળ પ્રાયે સર્વ પર્વતિથિઓ હોય છે એમ કહે છે, તેથી પર્વતિથિઓનો પ્રબંધ કરેલો છે એવા સંકેતનો અહીં સારી રીતે હે જીવ! તું વિચાર કરજે અને એવો વિચાર કરીને પર્વતિથિઓએ સારી રીતે-વિશેષપણે ધર્મકરણી કરજે કે જેથી સારી ગતિનો બંધ પડે ૨૨૭

હવે અંતસમયે જેવી ગતિ થવાની હોય તેવી મતિ થાય તે ઉપર કૃષ્ણ વાસુદેવનું દૃષ્ટાન્ત કહે છે —

કૃષ્ણ વાસુદેવને અંત્ય ક્ષણે ગતિના સમી,
લેશ્યા થઈ નરકે ગયા અત્યંત ક્રોધે ધમધમી,
શરીર ઉપરે ધૂળ ચોટે જેમ ચીકાશે કરી,
જીવ સાથ કર્મ ચોટે તેમ લેશ્યાએ કરી ૨૨૮

અર્થ —કૃષ્ણ વાસુદેવને મરણ વખતે ગતિ સમાન મતિ થઈ હતી, તેથી જ કૃષ્ણલેશ્યા થવાથી ક્રોધે ધમધમીને તેઓ નરકે ગયા છે શરીરની ઉપર જેમ ચીકાશના યોગે ધૂળ ચોટે છે તેમ આત્માની ઉપર લેશ્યાની ચીકાશને યોગે કર્મ ચોટે છે ૨૨૮

હવે લેશ્યાઓના નામ વિગેરે કહે છે —

કૃષ્ણ નીલ કાપોત તેજો પદ્મ લેશ્યા જાણિયે,
શુક્લ લેશ્યા ભેદ ષટ્ લેશ્યાતણા અવધારિયે,
જંબૂફળ ખાનારનું તિમ ગામને લુંટનારનું,
દૃષ્ટાંત સુણ સંક્ષેપમાં શ્રુત ઠાણ છે વિસ્તારનું. ૨૨૯

અર્થ — કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ–આ છ લેશ્યાઓના નામો જાણવા. તેની ઉપર જંબૂવૃક્ષના ફળ ખાનાર છ જણાનું ને ગામને લુંટવા જનાર છ જણાનું દૃષ્ટાંત છે તે અહીં સંક્ષેપમાં કહ્યું છે. વિસ્તારથી જાણવાનું સાધન તો બીજા અનેક શાસ્ત્રો છે. ૨૨૯

હવે તેમાંથી પ્રથમ જંબૂવૃક્ષના ફળ ખાનારનું દૃષ્ટાંત કહે છે –

ટોચ શાખાની નમેલી જેહના પાકા ફળો,
જેમાં ભરેલા ખૂબ છે તે જંબૂતરુ સોહે નીલો,
છ પુરુષ જોઈ પક્વ જંબૂ ચાહતા આરોગવા,
કેમ ખાવા ? એ પ્રસંગે પ્રથમ લાગ્યો બોલવા. ૨૩૦

ઉપર ચઢતાં મરણ હોવે મૂળમાંથી છેદીને,
ઝાડ નીચે પાડીને તે ખાઇએ ફળ આપણે,
ડાળીઓ મોટી જ છેદો એમ બીજો નર કહે,
ડાળીઓ નાની જ છેદો એમ ત્રીજો નર કહે, ૨૩૧

સર્વ ગુચ્છા તોડિયે એવું જ ચોથો નર કહે,
સર્વ ફળને તોડિયે એવું જ પંચમ નર કહે,
નીચે પડેલા જાંબુ ખાઇએ એમ છઠ્ઠો નર કહે,
ભાવ હલકા આદ્ય ત્રણના અંત્ય ત્રણ શુભ જિન કહે

અર્થ —ફળના ભારથી જેની શાખાઓ નમેલી છે, જેની ઉપર પાકાં ફળો ભરપૂર છે એવો એક સોહામણો જંબૂવૃક્ષ છે તેને જોઈને છ પુરુષો તેનાં ફળો ખાવાની ઇચ્છાવાળા થયા. હવે તે ફળ કેમ ખાવાં? તેમાં પ્રથમ એક બોલ્યો કે- 'વૃક્ષ ઉપર ચડવાથી તો પડી જવાનો કે મરણ પામવાનો ભય રહેલો છે તેથી વૃક્ષને મૂળમાંથી છેદી નાખી પાડી દઈને પછી તેનાં ફળો ખાઈએ.' ત્યારે બીજો બોલ્યો કે-તેની મોટી મોટી શાખાઓ જ છેદીએ, ત્રીજો બોલ્યો કે-નાની નાની શાખાઓ છેદીએ, ચોથો બોલ્યો કે-મોટા મોટા ફળવાળા ગુચ્છાઓ જ તોડીએ, ત્યારે પાંચમો બોલ્યો કે-ફળો જ તોડી તોડીને ખાઈએ કારણ કે વૃક્ષ નમેલું હોવાથી આપણા હાથ ત્યાં પહોંચે તેમ છે, તે સાંભળી છઠ્ઠો બોલ્યો કે-આ જમીન ઉપર પુષ્કળ જાંબુઓ પડ્યાં છે તે જ ખાઈએ-કાંઈપણ તોડવાનું શું કામ છે? આ છ મનુષ્યની લેશ્યાઓમાં પહેલી ત્રણ હલકી-અશુભ છે અને પછીની ત્રણ શુભ છે એમ શ્રી જિનેશ્વરોએ સિદ્ધાંતમાં કહ્યું છે ૨૩૦-૨૩૨

હવે આ દૃષ્ટાંત લેશ્યા સાથે કેમ ઘટાવવું? તે કહે છે—

દૃષ્ટાંત એમ ઘટાડવું જે મૂળથી તરુ છેદવો,
એમ કહે તે કૃષ્ણલેશ્યાવંત પુરુષ પિછાણવો,

ડાળ મોટી છેદવાનુ જે કહે તે પુરુષને,
નીલલેશ્યાવંત જાણો છેદ નાની ડાળને. ૨૩૩

એમ જે બોલે મનુજ કાપોતલેશ્યાવંત એ
તોડ ગુચ્છા એમ વદતો પીતલેશ્યાવંત એ,
તોડ ફળને એમ વદતો પદ્મલેશ્યાવંત એ,
પતિત ફળ ખાવા કહે જે શુક્લલેશ્યાવંત એ ૨૩૪

અર્થ —આ દૃષ્ટાન્તને આ પ્રમાણે વટાવવુ મૂળથી વૃક્ષને છેદવાનુ કહેનારને કૃષ્ણલેશ્યાવાળો પુરુષ જાણવો, મોટી ડાળ છેદવાનુ કહેનાર પુરુષને નીલલેશ્યાવાળો જાણવો, નાની ડાળો છેદવાનુ કહેનારને કાપોતલેશ્યાવાળો જાણવો, ગુચ્છા તોડવાનુ કહેનારને તેજોલેશ્યાવાળો જાણવો, ફળ તોડીને ખાવાનુ કહેનારને પદ્મલેશ્યાવાળો જાણવો અને પડેલા ફળો ખાવાનુ કહેનારને શુક્લલેશ્યાવાળો જાણવો ૨૩૩–૨૩૪

હવે ગામ લૂટવા જનાર છ ચોરનુ બીજુ દૃષ્ટાંત કહે છે –

ષટ્ ચોર લુંટવા ગામને નિજ નિજ ઘરેથી નીકળે,
માર્ગમાંહે એક બોલે સર્વ નર પશુ મારિયે,
બીજો મનુજને મારવા ત્રીજો પુરુષને મારવા,
બોલે જ ચોથો ઇમ અરે હથિયારવાળા મારવા. ૨૩૫

લડનાર નરને મારવા પંચમ પુરુષ ઇમ ઉચ્ચરે
માર્યા વગર ધનને જ લેવુ એમ છટ્ઠો ઉચ્ચરે,

ઘટના પ્રથમ દૃષ્ટાંતના જેવી જ અહિયા જાણવી,
શુદ્ધ લેશ્યા એહ તેને પદ્મ શુક્લા રાખવી ૨૩૬

અર્થ —છ ચોર કોઈ ગામ લુટવા માટે જના સાથ પોતપોતાને ઘરથી નીકળીને માર્ગમા ભેગા થયા એટલે તેમાથી એક બોલ્યો કે-ગામમા પેસતા પશુ કે મનુષ્ય જે સામે મળે તેને મારી નાખવા ત્યારે બીજો કહે ક-પશુને શામાટે મારવા? મનુષ્યને જ મારવા ત્રીજો કહે કે-સ્ત્રીને શામાટે મારવી? પુરુષોને જ મારવા ચોથો કહે કે-હથિયાર વિનાનાને શામાટે મારવા? હથિયારવાળા હોય તને મારવા ત્યારે પાચમો કહે કે-બધા હથિયારવાળાને શામાટે મારવા? જે સામા થાય તેને મારવા ત્યારે છઠ્ઠો કહે કે-આ તો મારવાનુ શુ કામ છે? માર્યા વિના દ્રવ્ય જ લૂટી લેવુ આ છ પુરુષ માટે પણ નથ મના દૃષ્ટાંત પ્રમાણે ઘટના ઘટાવવી એ છેલ્લા તેજો, પદ્મ ને શુક્લ એ ત્રણ લેશ્યા શુભ જાણવી ૨૩૫-૨૩૬

પ્રથમ કૃષ્ણલેશ્યાવાળાનુ સ્વરૂપ કહે છે —

લેશ્યાતણુ અનુમાન હોવે યોગચેષ્ટાએ કરી,
ખર પરુષ તિમ અતિચ ંડ દુર્મુખ વૈર અતિશય દિલ ધરી,
કરુણા ન રાખે દિલમા માની હણે જે અન્યને,
આચારથી તે ભ્રષ્ટ જાણો કૃષ્ણલેશ્યાવ તને ૨૩૭

અર્થ —આ જીવને કઇ લેશ્યા વર્ત્તે છે? તેનુ અનુમાન તેના યોગની ચેષ્ટાઓવડે થઇ શકે જે ખર-કર્કશ, પરુષ-કઠોર, ચંડ-ક્રોધી, દુર્મુખ-માઠા મુખવાળો, અતિશય વૈરબુદ્ધિને

[illegible] અને [illegible] મુક્તિ આપે છે-મોક્ષમાં [illegible]
[illegible] અને અશુભ [illegible] લેશ્યા [illegible]
[illegible] અને [illegible] હો [illegible]
પાત્ર [illegible] ઉડી [illegible]
એ- [illegible] બનીને, શુભલેશ્યા
તેને [illegible] જિન ધર્મની [illegible]
મનુષ્ય [illegible] કારણ કે [illegible]
પુરુષે [illegible] છે કે [illegible]
માર્ગ [illegible]
કે- [illegible]
માર્ગ [illegible] થી,
માય [illegible]
મના [illegible]
ગુરુ [illegible]

[illegible]

સે [illegible] શ્રી [illegible]
ખ [illegible] વિજય [illegible]
કે [illegible]
ચ [illegible]

તેના [illegible]

આપે છે અને શુકલલેશ્યા મુક્તિ આપે છે-મોક્ષમા પહોચાડે છે, માટે હે ભ વ્યો ! તમે અશુભ ત્રણ લેશ્યા તજી દઈને શુભ ત્રણ લેશ્યાનો આશ્રય કરો અને કર્મબંધના કારણો જે ઉપર બતાવ્યા છે તેની સમજણ ઉંડી રીતે અંતઃકરણમાં ગણીને, આયુના ઉપક્રમના નિમિત્તોથી બચીને, શુભલેશ્યાઓ ધારણ કરીને, અમૃતાનુષ્ઠાનવડે જિન ધર્મની સાત્વિક આરાધના કરો કે જેથી હે જીવ ! તમે મુક્તિસુખને પામો, કારણ કે મુક્તિસુખ પામવાની સાચી આરાધના તે જ છે કે જે વિગત સાથે ઉપર બતાવેલી છે ૨૪૩-૨૪૪

આકાશ નિધિ નવ ઇંદુ(૧૯૯૦)વરસે રાજનગરે હોંશથી,
કેવળ દિને ગૌતમતણા ગુરુ નેમિસૂરિપસાયથી,
સંવેગમાલા વિરચતા ઉવજ્ઝાય પદ્મવિજય ગણિ,
કંઠે ઠવી શ્રીસંઘ પામે આત્મ સંપત્તિ ઘણી ૨૪૫

અર્થ —શ્રી રાજનગર(અમદાવાદ)માં સં ૧૯૯૦ ના વર્ષમા શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાનના દિન (કાર્તિક સુદિ ૧ મે) શ્રી વિજયનેમિસૂરિની કૃપાથી ઉપાધ્યાય શ્રી પદ્મવિજય ગણિએ આ સંવેગમાળા રચીને શ્રી સંઘના કંઠમા સ્થાપન કરી છે કે જેના યોગે તે સંઘ શ્રેષ્ઠ એવી આત્મસંપત્તિને પ્રાપ્ત કરે ૨૪૫

મુનિશ્રી ઉપાધ્યાયજી (હાલ આચાર્યશ્રી)
વિજયપદ્મસૂરિ વિરચિત સંવેગમાળા
કાવ્ય-અર્થ સંપૂર્ણ

